પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૨-૦૮-૨૦૨૬-શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૧૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# ભાજપા અધ્યક્ષ નિતીન નબીનની પ્રથમ બેઠક

## નવીનની નવી ટીમ: વિશ્વકર્મા - હર્ષ સંઘવી દિલ્હી પહોંચ્યા

### સંગઠન અને પીએમ મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષ સાથેની પહેલી બેઠક એજન્ડામાં

નવી દિલ્હી. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન નવી દિલ્હી સ્થિત ભાજપ મુખ્યાલયમાં પાર્ટીના નવનિયુક્ત પદાધિકારીઓ સાથે પહેલી બેઠક કરી રહ્યા છે. આ દિવસભર ચાલનારી સંગઠનાત્મક કવાયતમાં ત્રણ અલગ-અલગ બેઠકોનો સમાવેશ થશે. આમાં નવા પદાધિકારીઓનો પરિચય, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી માટે દેશભરમાં યોજાઈ રહેલા કાર્યક્રમો પર ચર્ચા અને અન્ય સંગઠનાત્મક મુદ્દાઓનો સમાવેશ થશે. નીતિન નવીન નવા નિયુક્ત પદાધિકારીઓનો વ્યક્તિગત રીતે પરિચય કરાવશે અને તેમની પાસેથી પાર્ટીની અપેક્ષાઓ વિશે ચર્ચા કરશે. આ બેઠક ભાજપના પદાધિકારીઓ તરીકે તેમની નવી જવાબદારીઓની ઔપચારિક શરૂઆત કરશે. પાર્ટી સૂત્રોના જણાવ્યા અનુસાર, નવા પદાધિકારીઓને તેમની ભૂમિકાઓ અને જવાબદારીઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવશે. તેમને સોશિયલ મીડિયા પર સક્રિય રહેવા અને મીડિયા સાથે અસરકારક રીતે કેવી રીતે જોડાવું તે અંગે માર્ગદર્શન મળવાની પણ અપેક્ષા છે. આ ચર્ચાઓમાં પક્ષના કાર્યકરો સાથે નિયમિત અને અર્થપૂર્ણ સંપર્ક જાળવવા, લોકોની સમસ્યાઓ પ્રત્યે સતર્ક રહેવા અને તેમના નિરાકરણ માટે કામ કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

દરેક પદાધિકારીને સોંપવામાં આવેલી જવાબદારીના ક્ષેત્રો પર પણ વિગતવાર ચર્ચા થવાની અપેક્ષા છે, જેમાં સંગઠનને મજબૂત બનાવવા અને વિવિધ સ્તરે અસરકારક સંકલન સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ બેઠકમાં આગામી વર્ષે સાત રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ તેમજ ૨૦૨૯ની લોકસભાની ચૂંટણીઓની તૈયારીઓ અને સંગઠનાત્મક પ્રાથમિકતાઓને ધ્યાનમાં રાખીને નવી ટીમ પાસેથી પાર્ટીની અપેક્ષાઓ પર ચર્ચા થવાની સંભાવના છે.

નીતિન નવીન ભાજપના પ્રદેશ પ્રમુખો, સંગઠનાત્મક મહામંત્રીઓ, પ્રભારીઓ અને સહ-પ્રભારીઓ સાથે પણ મુલાકાત કરવાના છે. આ બેઠકોનો મુખ્ય એજન્ડા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષની ઉજવણી માટે દેશભરમાં આયોજિત કાર્યક્રમોની રૂપરેખા આપવાનો રહેશે.

નરેન્દ્ર મોદીએ પહેલી વાર ૭ ઓક્ટોબર, ૨૦૦૧ ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ત્યારથી તેઓ સતત જાહેર પદ સંભાળી રહ્યા છે. ૨૦૧૪ માં વડા

અનુસંધાન પાના ૭ પર



## બિહારના બેતિયામાં ઘરમાં બસ ઘૂસી, ૫ મોતઃ ૧૨થી વધુ ઘાયલ

### બાળકના જન્મ નિમિત્તોના કાર્યક્રમમાં ઓર્કેસ્ટ્રા ચાલી રહ્યું હતું; પિતાનો પણ જીવ ગયો

બિહારના બેતિયામાં અકસ્માતમાં ૫ લોકોના મોત થયા. લૌરિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં શુક્રવારે મોડી રાત્રે પુરપાય ઝડપે એક બસ રસ્તા કિનારે ચાલી રહેલા ઓર્કેસ્ટ્રા કાર્યક્રમમાં ઘૂસી ગઈ. ત્યાં હાજર લોકોને કચડી નાખ્યા. અકસ્માતમાં ૧૨ થી વધુ લોકો ઘાયલ થયા.

ઘટના બેતિયા-લૌરિયા મુખ્ય માર્ગ પર પરાઉ ટોલા બનકટવા પાસે બની. મૃતકોની ઓળખ લૌરિયા પોલીસ સ્ટેશન વિસ્તારના બનકટવા નિવાસી બહાદુર મહતો, સંજય કુમાર, ભોલા દુબે, દેવેન્દ્ર દુબે અને છાંગુર રામ તરીકે થઈ છે.

દેવેન્દ્ર દુબેના બાળકની છઠ્ઠી હતી, તે જ કાર્યક્રમમાં ડાન્સ ચાલી રહ્યો હતો. જ્યાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા. મૃતકોમાં બાળકના પિતા દેવેન્દ્ર દુબે પણ સામેલ છે. ઘાયલોને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

શુક્રવારની રાત્રે ગોરખપુરથી બેતિયા તરફ એક પેસેન્જર બસ આવી રહી હતી. બગહા-લૌરિયા મેઈન રોડ પર સામેથી આવી રહેલા પુરપાટ ઝડપે જઈ રહેલી એક ટ્રક સાથે ટક્કરથી બચવાના પ્રયાસમાં બસ બેકાબુ થઈ. આ દરમિયાન બસ રોડ કિનારે આયોજિત ઓર્કેસ્ટ્રા કાર્યક્રમમાં ઘૂસી ગઈ. ત્યાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા, જેને બસે કચડી નાખ્યા. ઘટના બાદ સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો. સ્થાનિક લોકોએ તરત જ રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહોને કબજે કરીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા.

અકસ્માતની જાણ થતાં જ લૌરિયા પોલીસ

અનુસંધાન પાના ૭ પર

### પુનામાં રાહુલ ગાંધીવિદ્યાર્થીને સંબોધશે

## ‘છાત્રો કી ગુંજ’ કાર્યક્રમ પુર્વે NSUI - ABVP ના કાર્યકર્તા વચ્ચે મારામારી

### યુનિ. કેમ્પસમાં જબરી ધમાલ : પોલીસ દોડી

પુના, તા, ૨૨

ગઈકાલે દિલ્હીમાં જંતર મંતર આંદોલન સમયે પેલેટગનના ઉપયોગથી ઈજાગ્રસ્ત વિદ્યાર્થીની એફઆઈઆર નોંધવા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ છ કલાકના ધરણા બાદ પોલીસને ફરજ પાડયા બાદ આજે તેમના પુનામાં છાત્રો કી ગુંજ કાર્યક્રમ પુર્વે કોંગ્રેસ અને વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ વચ્ચે હિંસક ઝડપ થઈ હતી. પુનામાં સીઈઓપી ટેકનોલોજીકલ યુનિ.માં આ કાર્યક્રમ છે. જેની પુર્વ તૈયારીઓ માટે યુવા કોંગ્રેસના કાર્યકર્તાઓ પહોંચ્યા હતા અને હરોળમાં વિદ્યાર્થીઓને રાહુલ ગાંધીના કાર્યક્રમમાં હાજરી આપવા નોંધણી કરાવતા હતા ત્યાં જ વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓ ધસી આવ્યા હતા અને બન્ને બાખડી પડયા હતા. કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઈ. દ્વારા વિદ્યાર્થીઓ પર કાર્યક્રમમાં હાજરી આપવા બળજબરી થઈ રહી છે તેવી જણાવીને વિદ્યાર્થી પરિષદના કાર્યકર્તાઓએ જબરો વિરોધ કરતા બન્ને વચ્ચે હાથોહાથની મારામારી થઈ હતી તથા સંકુલમાં ભારે તનાવ વ્યાપી ગયો હતો.

પોલીસ અહી દોડી આવી હતી તથા બન્ને જૂથોને અલગ કર્યા હતા તથા બન્ને સામે ફરિયાદ નોંધી હતી. રાહુલ ગાંધીના આ કાર્યક્રમ માટે પોલીસે ૩૦ શરતો સાથે મંજુરી આપી છે.

રાહુલ ગાંધી દેશભરમાં ’છાત્રો કી ગુંજ’ કાર્યક્રમ યોજી રહ્યા છે. જેનો પ્રારંભ કોટાથી થયો હતો અને પ્રયાગરાજમાં પણ યોજી ચુકયા છે. જેમાં તેઓ છાત્રોના અવાજને પ્રાધાન્ય આપી રહ્યા છે. જંતર મંતર આંદોલન સાથે હાલ દેશભરમાં છાત્રોમાં જાગૃતિ આવી છે તેના કારણે રાજકીય પક્ષોની ચિંતા વધી છે.

## તહેવારો ટાણે રસોડાનો ‘સ્વાદ’ અને ‘સ્વાસ્થ્ય’ બંને જોખમમાં

### ૫ મહિનામાં ૮.૫ ટન ભેળસેળિયું ઘી અને ૨૩ ટન નકલી ખાદ્ય સામગ્રી જપ્ત કરાઈ

અમદાવાદ, તા, ૨૨

આગામી તહેવારોની સિઝનમાં તમારા રસોડામાં રહેલાં ઘીના ડબ્બા તરફ બે વાર જોવું પડે તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (છસ્ઝ્ર) દ્વારા હાથ ધરવામાં આવેલી વિશેષ ઝુંબેશ દરમિયાન છેલ્લા પાંચ મહિનામાં જ સમગ્ર શહેરમાંથી અંદાજે ૮.૫ ટન જેટલું ભેળસેળિયું અને શંકાસ્પદ ઘી જપ્ત કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે રક્ષાબંધન, જન્માષ્ટમી અને દિવાળી જેવા તહેવારો નજીક આવતાં જ ગુજરાતી ઘરોમાં ઘીની માંગમાં અભૂતપૂર્વ ઉછાળો આવતો હોય છે, કારણ કે રોજિંદા ખોરાકની ખીચડીથી લઈને તહેવારો માટે વિશેષરૂપે બનાવાતી પરંપરાગત મીઠાઈઓ સુધી દરેક વાનગીમાં ઘીનું અતિ મહત્વનું સ્થાન છે. તહેવારોની મોસમમાં ઘી ઉપરાંત અન્ય ખાદ્ય પદાર્થોમાં થતી મોટી ભેળસેળ પણ અત્યંત ચિંતાજનક બાબત બનીને સામે આવી છે. મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા આ પાંચ મહિનાના સમયગાળા દરમિયાન કુલ ૨૩ ટન જેટલો શંકાસ્પદ, નકલી અને સબ-સ્ટાન્ડર્ડ ખાદ્યપદાર્થોનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. આ જપ્ત કરાયેલા સામગ્રીના વિશાળ જથ્થામાં ઘી સિવાય દૂધની વાનગીઓ માટે વપરાતું પનીર, માવો, મેંદો, ખાંડ, મરી-મસાલા, કપાસિયા તેલ, પાનમાં વપરાતો

અનુસંધાન પાના ૭ પર

## કેનેડામાં ૨ ગુરુદ્વારાને તોડી પાડવાની ધમકી

### એક જ નંબર પરથી ૨ વાર ધમકીભર્યો ફોન આવ્યો, કેલગરી પોલીસે સુરક્ષા વધારી

નવી દિલ્હી તા.૨૨

કેનેડાના કેલગરી ખાતે મુખ્ય શીખ ધાર્મિક સ્થળ દશમેશ કલ્ચર સેન્ટરને અજાણ્યા લોકોએ ઈમારત તોડી પાડવાની ધમકી આપી છે. સતત આવી રહેલા આ જાતિવાદી અને ધમકીભર્યા ફોન કોલ્સ બાદ ગુરુદ્વારા મેનેજમેન્ટ, સ્થાનિક પ્રશાસન અને પોલીસની ચિંતા વધી ગઈ છે.

સાવચેતીના ભાગરૂપે ગુરુદ્વારા સાહિબ પરિસરમાં વધારાના સુરક્ષા ગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે. સ્થાનિક લોકોના મતે, તે જ નંબર પરથી કેનેડાના જ સવાના સ્થિત ગોબિંદ સરવર ગુરુદ્વારા સાહિબને પણ આ જ પ્રકારની ધમકી મળી છે. મામલાની ફરિયાદ મળ્યા બાદ કેલગરી પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. પોલીસના જણાવ્યા અનુસાર, હાલ સ્થિતિ નિયંત્રણમાં છે અને સમુદાય કે બંનેમાંથી કોઈપણ ગુરુદ્વારા સાહિબને કોઈ સક્રિય જોખમની સંભાવના નથી. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ થઈ શક્યું નથી કે ધમકી આપનારા લોકો કોણ હતા અને તેમનો હેતુ શું હતો? દશમેશ કલ્ચર સેન્ટરના ચેરમેન રણબીર સિંહ પરમારે જણાવ્યું કે ગુરુદ્વારા

અનુસંધાન પાના ૭ પર

## સામાન્ય વર્ગ મોંઘવારીથી બેહાલ : ખાંડથી માંડીને કાર મોંઘી

### વિકસીત ભારતના સપના દેખાડનારના રાજમાં વરવી વાસ્તવિકતા

નવી દિલ્હી તા.૨૨

વિકસીત ભારતનું સપનુ જોતા ભાજપના રાજમાં વરવી વાસ્તવિકતાએ છે કે રોજબરોજની વપરાશની ચીજવસ્તુઓ મોંઘી થતા આયોજનનું જીવવું દુષ્કર થઈ ગયું છે. પરિવારો માટે મોંઘવારી કોઈ આર્થિક આંકડાના રૂપમાં ટકામાં નથી આવતી. બલકે શાકભાજીના સ્ટોલ પર જોવા મળે છે. કરિયાણાની દુકાનમાં જોવા મળે છે. કારના શો રૂમમાં વધેલા બિલમાં અનુભવાય છે. મોંઘવારી ઘરના દરેક ખૂણામાં પહોંચી ગઈ છે. બિસ્કુટ, ટુથપેસ્ટ, હેરઓઈલ ખરીદવા જાઓ તો બની શકે કે તેની કિંમત વધી ગઈ હોય.

આનું કારણ ઈરાન સંકટના કારણે કાચુ તેલ, કાચો માલ, પેકેજીંગ ખર્ચ, માલ પરિવહન વગેરે હોઈ શકે છે. પરિસ્થિતિ એ છે કે શાકભાજી ખરીદતી વખતે મફતમાં



મળતી કોથમીરના ભાવ પણ ૨૨૦ રૂપિયે કિલો સુધી પહોંચી ગયા છે. ખાંડ, ચોખા, તેલ, આદુ, લસણ સહિત રોજબરોજના વપરાશની વસ્તુઓના ભાવે રસોઈનું બજેટ બગાડી નાખ્યું છે.

ખાંડની કિંમતમાં બે મહિનામાં લગભગ ૪૦ ટકાનો વધારો થયો છે. ટાટા કન્ઝ્યુમર પ્રોડકટસે મીઠાના એક પેકેટની કિંમત અગાઉથી જ ૩૦ રૂપિયાથી વધારીને ૩૨ રૂપિયા કરી નાખી છે. સરસવથી માંડીને સૂરજમુખી, મગફળી, પામ ઓઈલ ૧૦થી૨૭ ટકા મોંઘા થઈ ગયા છે. પતંજલી ફુડ્સ સહિત અનેક કંપનીઓએ ખાદ્ય તેલની કિંમતો વધારી છે.

જે.કે.ટાયર સપ્ટેમ્બરના અંત સુધીમાં ટાયરોના ભાવમાં ૧૧થી૧૩ ટકા ભાવ વધારવાની યોજના બનાવી રહ્યું છે. તેમાં છેલ્લા બે મહિનામાં ૫થી૬ ટકાનો થયેલો વધારો સામેલ છે. અન્ય ટાયર કંપનીઓ પણ ભાવવધારો કરવાની તૈયારીમાં છે. ફેબ્રુઆરીથી એપ્રિલ દરમિયાન એર કન્ડીશનરની કિંમતોમાં લગભગ ૧૫ ટકા સુધીનો વધારો થયો છે, તેનું કારણ મોંઘુ તાંબુ, માલ પરિવહન, નબળો પડેલો રૂપિયો છે. એશિયન પેઈન્ટસએ પણ કિંમતોમાં લગભગ ૧૨ ટકાનો વધારો કર્યો છે.

ડાબરે તેના હેર ઓઈલ અને અન્ય ઉત્પાદનોની કિંમત વધારી દીધી છે. કોલગેટ,

અનુસંધાન પાના ૭ પર

## ઉત્તરાખંડમાં ૧૦૭ રસ્તાઓ બંધ, યુપીમા એક લાખ લોકો પ્રભાવિત

### એમપીના ૧૬ જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ

મધ્ય પ્રદેશના પૂર્વીય ભાગમાં સક્રિય મજબૂત સિસ્ટમથી ડિન્ડોરી, પન્ના, રીવા, સતના, છતરપુર સહિત ઘણા જિલ્લાઓમાં પૂર જેવી સ્થિતિ છે. નર્મદા, મંદાકિની જેવી નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. શનિવારે નિવાડી, ટીકમગઢ અને છતરપુર સહિત ૧૬ જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ છે. યુપીમાં સતત વરસાદ વરસી રહ્યો છે. ગંગા અને ઘાઘરા સહિત ૬ નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. ૧૩ જિલ્લાઓ પૂરની ઝપેટમાં છે. એક લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. ચિત્રકૂટમાં મંદાકિની નદીનું પાણી વિસ્તારો સુધી પહોંચી ગયું છે. રસ્તાઓ પર હોડીઓ ચાલી રહી છે. ઉત્તરાખંડમાં છેલ્લા પાંચ દિવસથી સતત વરસાદનો દોર ચાલુ છે. હવામાન વિભાગ મુજબ, શનિવારે દેહરાદૂન, ટિહરી, બાગેશ્વર, નૈનીતાલ અને પિથોરાગઢમાં ભારે વરસાદનું એલર્ટ છે. રાજ્યમાં ૧૦૭ રસ્તાઓ બંધ છે અને કુદરતી આફતોમાં અત્યાર સુધીમાં ૪૩ લોકોના મોત થયા છે. બિહારમાં હાલમાં ચોમાસું નબળું પડ્યું છે, પરંતુ આગામી કેટલાક દિવસોમાં વરસાદનો દોર ફરી વધવાની શક્યતા છે. હવામાન વિભાગ અનુસાર ગુરુવારે પટનામાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ રહ્યું, જે સામાન્ય કરતાં ૨.૩ ડિગ્રી વધારે છે.

### બ્રિટીશ એજન્સીનો રીપોર્ટ : માત્ર ૨૦૨૬ જ નહીં, ૨૦૨૭માં પણ દઝાડશે

## અલ-નીનો ૧૦૦ વર્ષનું સૌથી ભયંકર અર્થતંત્રને ત્રણ વર્ષ પાછળ ધકેલશે

### પ્રશાંત મહાસાગરનું તાપમાન અત્યારે ૨.૬ ડીગ્રી તે નવેમ્બર સુધીમાં ૩.૯ ડીગ્રીએ પહોંચશે

નવી દિલ્હી, તા.૨૨

ગુજરાતમાં છેલ્લા બે અઠવાડિયાથી છુટા છવાયા વરસાદ સિવાય મેઘવિરામ છે. દેશના અન્ય ભાગોમાં પણ અત્યાર સુધી વરસાદી અનિયમિતતા વચ્ચે વરસાદની ખાદ્ય છે. ચોમાસાને વેરવિખેર કરતા અલનીનોને કારણે આ હાલત છે. જ્યારે વર્તમાન પેઢીએ ક્યારેય નિહાળી ન હોય તેવી ભયાનક હવામાન અસર અલનીનોથી સર્જાય તેમ હોવાની ડરામણી ાગાહી કરવામાં આવી છે. હવામાન વૈજ્ઞાનિકોએ કહ્યું કે વર્તમાન સક્રિય અલનીનો ચાલુ સદીનું- છેલ્લા ૧૦૦ વર્ષનું સૌથી ભયંકર અને શક્તિશાળી બની



રહેવાની શક્યતા છે અને એમ કહ્યું છે કે ૨૦૨૭માં અલનીનોની ભયાનક અક્ષર દુનિયાના અર્થતંત્રને ૨૦૨૪માં ધકેલી દેશે. અર્થાત ત્રણ વર્ષ પાછળ કરી દેશે સાથોસાથ ૨૦૨૪નો સૌથી વધુ ગરમી-તાપમાનનો રેકોર્ડ પણ તૂટી જવાની ભીતિ છે. અલનીનોને કારણે ચોમાસા પર પ્રભાવ પડ્યો જ છે. ભારતના અનેક ભાગોમાં વરસાદી ખાદ્ય વધુ છે. દેશ લેવલે પણ વરસાદની ખાદ્ય છે. કૃષિ ક્ષેત્ર પર સંકટ સર્જાવાની ભીતિ છે. આ ઉપરાંત આવતા મહિનાઓમાં તાપમાનમાં પણ વધારો થવાની શક્યતા છે. તાપમાન સરેરાશ કરતા ત્રણ ડીગ્રી વધુ રહી શકે છે.

બ્રિટીશ એજન્સીના રીપોર્ટમાં એવી ચેતવણી આપવામાં આવી છે કે છેલ્લા ૧૦૦ વર્ષમાં લોકોએ અનુભવી ન હોય તેવી અલનીનોની અસર ચાલુ અને આવતા (૨૦૨૬ અને ૨૦૨૭) વર્ષમાં જોવા મળશે. પ્રશાંત મહાસાગરનું તાપમાન હજુ સતત વધી રહ્યું છે.

૨૦૨૫ની સરખામણી કરવામાં આવે તો તાપમાન ૨.૬ ડીગ્રી વધુ છે. નવેમ્બર સુધીમાં ૩.૯ ડીગ્રી ઉંચે પહોંચી શકે છે. અનુમાન મુજબ જ અલનીનો ભયંકર બને તો સમગ્ર દુનિયાનું હવામાન પ્રભાવિત બનશે અને

અનુસંધાન પાના ૭ પર

## ઝારખંડમાં ફેક્ટરીમાં બ્લાસ્ટ, ત્રણ એન્જિનિયરોના મોત

### યુનિટ ઇન્ચાર્જના આરોપ- ઓવરહિટીંગને કારણે દુર્ઘટના, અનેક વખત AC લગાવવાની વિનંતીઓ કરી હતી

નવી દિલ્હી, તા. ૨૧

ઝારખંડના રામગઢના બરકાકાનામાં મા છિન્નમસ્તિકા સિમેન્ટ એન્ડ સ્ટીલ ફેક્ટરીમાં શુક્રવારે મોડી રાત્રે મોટો અકસ્માત થયો. ફેક્ટરીમાં કામ દરમિયાન અચાનક ટર્બાઈન બ્લાસ્ટ થયો. બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે પ્લાન્ટમાં ભીષણ આગ લાગી ગઈ. રાતની શિફ્ટમાં કામ કરી રહેલા મજૂરોમાં અફરાતફરી મચી ગઈ.

અકસ્માતમાં ૩ એન્જિનિયર્સના મોત થયા. જ્યારે એક મજૂર ગંભીર રીતે ઘાયલ થયો. મૃતકોની ઓળખ રાંચીના સંજીવ કુમાર કેસરી (૫૦), બોકારોના જગેશ્વર બિહારના વિનીત મહતો (૨૫) અને ગઢવા નિવાસી અભિષેક પાંડેય (૨૪) તરીકે થઈ છે. ઘાયલ મજૂર હજારીબાગ નિવાસી તરુણ રજવારને રાંચી રોડ સ્થિત ધ હોપ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. બ્લાસ્ટ અને આગ લાગવાની જાણ થતાં જ ફેક્ટરી મેનેજમેન્ટના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા. પોલીસને પણ ઘટનાની જાણ કરવામાં આવી. ત્યારબાદ રામગઢથી ચાર-પાંચ ફાયર બ્રિગેડની ગાડીઓ બોલાવવામાં આવી. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ ફેક્ટરીના પાવર પ્લાન્ટમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો. દુર્ઘટના બાદ ફેક્ટરી પરિસરમાં મોડી રાત સુધી અફરાતફરીનો માહોલ રહ્યો. શનિવારે સવારે ઘટનાની જાણ થતાં જ સ્થાનિક ગ્રામજનો પણ મોટી સંખ્યામાં ફેક્ટરી ગેટ સામે ભેગા થવા લાગ્યા. ગ્રામજનોએ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા કર્મચારીઓના આશ્રિતોને યોગ્ય વળતર અને પરિવારના એક સભ્યને નોકરી આપવાની માંગ ઉઠાવી છે.

અનુસંધાન પાના ૭ પર



# સુરત મહાનગર ભાજપ ત્રિદિવસીય પ્રશિક્ષણ અભિયાનનો ભવ્ય શુભારંભ

## ગ્રીન લેન્ડ ખાતે સુરત મહાનગર ભાજપની પ્રશિક્ષણ શિબિરમાં ૧૧ સત્રોમાં પ્રશિક્ષણ

સુરત, તા.૨૨

સુરત મહાનગર ભાજપ પ્રશિક્ષણ વર્ગ ના પ્રથમ સત્રનો પ્રારંભ પ્રદેશ મહામંત્રી શ્રી તથા શ્રી પંડિત દિનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન ના પ્રદેશ પ્રભારી શ્રી અનિરુદ્ધભાઈ દવે ના હસ્તે કરવામાં આવ્યો ત્યાર બાદ તેઓ શ્રીએ આયોજિત કરવામાં આવેલી પ્રદર્શની ને નિહાળી ખુશી વ્યક્ત કરી હતી.

પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ સર્વે મહાનુભાવો ના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રશિક્ષણ વર્ગના વાલી શ્રી બળવંત સિંહ ગોહિલ દ્વારા વર્ગમાં ઉપસ્થિત સહુ પ્રશિક્ષણાર્થીઓને જરૂરી સુચનાઓ આપી હતી. વર્ગમાં ઉપસ્થિત સહુ પ્રશિક્ષણાર્થીઓને આદરણીય પ્રદેશ મહામંત્રી શ્રી દ્વારા કાર્ય વિસ્તાર, સંગઠનનો વિસ્તાર અને સુદ્રઢીકરણ વિષય ઉપર ગહન વક્તવ્ય આપ્યું હતું શુક્રવારના પ્રશિક્ષણ વર્ગના બીજા સત્ર મા વક્તા તરીકે પ્રદેશના સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજી ઉપસ્થિત રહ્યા હતા તેમણે આપણું સૈધાંતિક અધિષ્ઠાન વિષય પર તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું.

પ્રશિક્ષણ વર્ગમા પ્રથમ સત્રના અધ્યક્ષ તરીકે શ્રી અનિમેશભાઈ માળી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રથમ સત્રમાં ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમતી ઝંખનાબેન પટેલ,સુરત શહેર ભાજપ પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ શ્રી દુર્ગા પ્રસાદ પાંડે, શ્રી વીરલભાઈ ગીલીટવાળા,શ્રી કરશનભાઈ ગોંડલિયા સુરત મહાનગર મેયર શ્રીમતી માયાબેન માવણી. પૂર્વ મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ,શ્રી વિનુભાઈ મોરડીયા.ધારાસભ્ય શ્રીઓ સર્વ શ્રી પ્રવીણભાઈ ઘોઘારી, શ્રીમતી સંગીતાબેન પાટીલ,શ્રી સંદીભાઈ દેસાઈ અરવિંદભાઈ રાણા, મનુભાઈ પટેલ સહિતના પ્રશિક્ષાર્થીઓ તરીકે જોડાયા હતા. ભાજપ શહેર સંગઠન ના અપેક્ષિત શ્રેણીના પદાધિકારીઓ, હોદેદારો, સળંગ ત્રણ દિવસ રાત્રી રોકાણ સાથે સઘન તાલીમ પ્રાપ્ત કરશે. આ સમગ્ર પ્રશિક્ષણ વર્ગને સફળ બનાવવા પ્રશિક્ષણ વર્ગના સંયોજકશ્રી શૈલેષભાઈ પટેલ તથા સહ સંયોજક શ્રી પાર્થભાઈ માધાણી તેમજ તેમની સમગ્ર વ્યવસ્થાપક ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે.

# IIIT સુરતનો ૫મો દીક્ષાંત સમારોહ યોજાયો, ૧૫૬ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ

## રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા



સુરત, તા.૨૨

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી સુરત (IIT સુરત) દ્વારા શનિવાર, ૨૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ૫મો દીક્ષાંત સમારોહ યોજાયો. આ પ્રસંગે શ્રી ગોવિંદભાઈ લાલજીભાઈ ધોળકિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા, જ્યારે પ્રો. અનુરાગ કુમાર અને ડૉ. ધનંજય ગોર વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા. સમારોહમાં પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો, વાલીઓ અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. IIIT સુરતના ચેરપર્સન સી.પી.ગુરનાની તેમજ ડિરેક્ટર પ્રો. રાજીવ શૌરીએ ડિગ્રી મેળવનારા તમામ વિદ્યાર્થીઓને તેમના ઉજ્વળ ભવિષ્ય માટે શુભ કામનાઓ પાઠવી હતી. તેમજ તેઓ સંસ્થાનું નામ રોશન કરે એવી ઇચ્છા વ્યક્ત કરી હતી. ૫મા દીક્ષાંત સમારોહ દરમિયાન કુલ ૧૫૬ વિધાર્થીઓને પથ્વી એનાયત કરવામાં આવી, જે તેમની શૈક્ષણિક સફરની સફળ પૂર્ણતા અને વ્યાવસાયિક જીવનના નવા અધ્યાયની શરૂઆતનું પ્રતીક બન્યું. વિદ્યાર્થીઓની આ સિદ્ધિમાં ફેકલ્ટીના માર્ગદર્શન, પરિવારના સહયોગ અને IIT સુરતના સમગ્ર સમુદાયના સહકારનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો. IIIT સુરતે તમામ પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને તેમની સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી.

સમારોહ દરમિયાન શૈક્ષણિક શ્રેષ્ઠતા બદલ કાવડ મીત ધીરુભાઈ અને દેસાઇ રોહન સાગર ને સુવર્ણ ચંદ્રક, જ્યારે અમન કુમાર અને અનિરુદ્ધ અગ્રવાલ ને રજત ચંદ્રક એનાયત કરવામાં આવ્યા. ૫મો દીક્ષાંત સમારોહ પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનો માટે ગૌરવપૂર્ણ અને યાદગાર પ્રસંગ બન્યો. આ પ્રસંગે વિદ્યાર્થીઓની મહેનત, દ્રઢતા અને શૈક્ષણિક સિદ્ધિઓની ઉજવણી સાથે ટેક્નોલોજી, નવીનતા અને સંશોધન ક્ષેત્રે પ્રતિભાશાળી વ્યાવસાયિકો અને ભવિષ્યના નેતાઓને ઘડવા માટે IIT સુરતની પ્રતિબદ્ધતાને પણ ઉજાગર કરી.

# કિરણ મહિલા ભવન તરફથી બહેનો માટે AI સેમીનાર યોજાયો

## AI નિષ્ણાંત મિત દેસાઈએ રોજીંદા જીવનમાં AI વિશે સમજ આપી



સુરત, તા.૨૨

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત સંચાલિત કિરણ મહિલા ભવન તફરથી મહિલા માટે છૈં વિશે ખાસ સેમીનારનું આયોજન થયું હતું. કેશુભાઈ પટેલ ઓડીટોરીયમ ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત બહેનોને છૈં બુકના લેખક મિત દેસાઈએ રોજીંદા જીવનમાં છૈં ના ઉપયોગ વિશે જાણકારી આપી હતી. ગૃહિણીથી લઈ વેપાર-વ્યવસાય કરતી બહેનોને તેના કાર્યમાં વધુ સુગમતા અને સરળતા રહે તે માટે છૈં વિશે વિશેષ જાણકારી આપવા કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

મિત દેસાઈએ છૈં શું છે? છૈં નો ઉપયોગ કેમ કરવો? અને શું સાવચેતી રાખવી? તેની સમજ સાથે પ્રેક્ટીકલ જાણકારી આપી હતી. છૈં ની મદદ થી મહિલાઓ પોતાના બાળકોના અભ્યાસમાં સક્રિય રીતે જોડાઈ શકે છે. મહિલાઓ પોતાની પાસે રહેલી રસોઈ, ગીત, સંગીત, નૃત્ય, કલા, ફેશન, હસ્તકલા કે પોતાના ગૃહ ઉદ્યોગના કૌશલ્યને ઓળખી છૈં ની મદદથી તેને આવકના સાધનમાં કેવી રીતે બદલી શકે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્તમાન સમયે માણસે સરળ જીવન જીવવા માટે પણ છૈં શીખવું પડે તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. ગૃહિણી પણ વધુ સારૂ કામ કરી શકે તે માટે AI ઉપયોગ થઈ શકે છે.

સુરતમાં શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી કિરણ મહિલા ભવનનું નિર્માણ થઈ રહ્યું છે. મહિલાઓ માટેનો આ પ્રથમ કાર્યક્રમ યોજાયો હતો. મહિલા વિંગના જયશ્રીબેન ભાલાળા એ સર્વોને આવકારતા જણાવ્યું હતું કે, કિરણ મહીલા ભવનમાં જે.કે.સ્ટાર મહિલા રોજગાર તાલીમ કેન્દ્રનું નિર્માણ થશે તેમાં બહેનોને હોસ્ટેલ વ્યવસ્થા ઉપરાંત બહેનો માટે રોજગાર તાલીમ વર્ગો પણ શરુ થનાર છે. તેમણે જણાવ્યું હતું કે છૈં સમજવું અને શીખવું જરૂરી છે. પરંતુ તેમાંથી સાવચેત રહેવું પણ એટલું જ જરૂરી છે. આપણા જીવન અને ધંધા વ્યવસાયમાં AI નો ઉપયોગ કરવો પડે તેમ છે. તેને શિખ્યા વગર છૂટકોજ નથી. આભાર વિધિ વિણાબેન પટેલ તથા કાર્યક્રમનું સંચાલન સંગીતાબેન બુટાણીએ કર્યું હતું.

# નવી સિવિલ હોસ્પિટલ દ્વારા વધુ એક મૃતદેહનું સફળતાપૂર્વક એમ્બાલ્મિંગ કરાયું

## અત્યાર સુધીમાં કુલ ૭ કેસોમાં વિનામૂલ્યે એમ્બાલ્મિંગ સેવા પૂરી પાડી

સુરત, તા.૨૨

નવી સિવિલ હોસ્પિટલના ફોરેન્સિક મેડિસિન વિભાગ દ્વારા ઉત્તર પ્રદેશના વતની એવા મૃતકની અંતિમવિધિ તેમના વતનમાં થઈ શકે તે માટે સમયસર પોસ્ટમોર્ટમ બાદ સફળતાપૂર્વક 'કેવિટી એમ્બાલ્મિંગ' કરી જરૂરી તમામ કાયદાકીય કાગળો સાથે મૃતદેહને પરિવારજનોને સોંપવામાં આવ્યો છે. નવી સિવિલ દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા.૨૦ ઓગસ્ટના રોજ ડીંડોલી પોલીસ સ્ટેશન મારફતે મૂળ શાહગંજ, જિલ્લોઃ જૌનપુર, ઉત્તરપ્રદેશના વતની અને હાલ ડીંડોલીમાં રહેતા ૫૪ વર્ષીય રવિપ્રકાશ શ્યામનારાયણ રાજપૂતનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલના ફોરેન્સિક મેડિસિન વિભાગ ખાતે લાવવામાં આવ્યો હતો.

મૃતકના સગા-સબંધીઓ અંતિમવિધિ પોતાના વતનમાં કરવા માંગતા હોવાથી અને મૃતદેહને હવાઈ માર્ગે યુ.પી. લઈ જવાનો હોવાથી એમ્બાલ્મિંગ પ્રક્રિયા કરવી જરૂરી બની હતી. આ બાબતને ધ્યાને લઈ ફોરેન્સિક મેડિસિન વિભાગના વડા ડો. ચંદ્રેશ ટેલરના માર્ગદર્શન હેઠળ ફરજ પરના તબીબો ડો. મિલિન્દ પટેલ, ડો. ગર્વિત ચૌધરી અને ડો. દિપાલી દ્વારા પોસ્ટમોર્ટમ પૂર્ણ થયા બાદ ત્વરિત કેવિટી એમ્બાલ્મિંગ કરી જરૂરી સર્ટિફિકેટ ઈશ્યુ કરવામાં આવ્યું હતું. તમામ કાયદાકીય કાર્યવાહી સમયસર પૂરી કરી મૃતદેહને સ્વજનોને સુપ્રત કરવામાં આવ્યો હતો. પરિવારજનોને સ્વ.મજુલાબેન રમેશચંદ્ર પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઈકબાલ કડીવાલાના હસ્તે કોફીન બોકસ પરિવારજનોને આપવામાં આવ્યું હતું. જયારે પણ કોઈ મૃતદેહને ટ્રેન અથવા પ્લેન મારફતે જરૂરીયાત ઉભી થશે ત્યારે પરેશભાઈ પટેલની માતૃશ્રીની સ્મૃતિમાં મજુલાબેન રમેશચંદ્ર પટેલ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે

અનુસંધાન પાના ૭ પર

# ૧૪૫ ગોવિંદા મંડળોને પોલીસ સ્ટેશનના ધક્કામાંથી મુક્તિ અપાવવા પોલીસ કમિશનરને રજૂઆત

## સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિના પ્રમુખ ગણેશભાઈ પી. સાવંત સહિતના સભ્યોએ શહેર પોલીસ કમિશનરની મુલાકાત લીધી



સુરત, તા.૨૨

સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિના પ્રમુખ ગણેશભાઈ પી. સાવંત સહિતના સભ્યો દ્વારા શહેર પોલીસ કમિશનરની મુલાકાત લેવામાં આવી હતી અને ગોવિંદા મંડળોની પરમીટ અંગે સરળતા રહે તે માટે રજૂઆત કરવામાં આવી હતી.

આગામી ૫મી સપ્ટેમ્બરે આવનાર જન્માષ્મી પર્વે અલગ અલગ વિસ્તારમાં જઈ મટકી ફોડતાં ૧૪૫ ગોવિંદા મંડળોને અલગ અલગ પોલીસ સ્ટેશનમાં જવાબ લખાવવા ન જવું પડે અને જે જગ્યાએથી મંડળ નીકળતું હોય એ જ વિસ્તારના પોલીસ સ્ટેશનમાં જવાબ લખાવી મંજુરી મળી જાય એ માટે શહેર પોલીસ કમિશનરને સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિના પ્રમુખ ગણેશભાઈ પી. સાવંતના નેજા હેઠળ રૂબરૂ મળી રજુઆત કરવામાં આવી હતી. એક જ પોલીસ સ્ટેશનમાં સરળતાથી પરમીટ મળી રહે તે માટે ગોવિંદા ઉત્સવ સમિતિના પ્રમુખ ગણેશભાઈ પી. સાવંત ઉપરાંત સમિતિના દિપકભાઈ કે. કદમ, અશોકભાઈ દૂધાણે, સંજયભાઈ દેવીલકર,

અનુસંધાન પાના ૭ પર

# સરસાણા ખાતે ત્રિ-દિવસીય 'યાર્ન એક્સ્પો-૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ

## પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશની વિશેષ ઉપસ્થિતિમાં ગિની દેશના રાજદૂત મિ. કોન્ટે અલાસ્સેનના હસ્તે ઉદ્‌ઘાટન

સુરત, તા.૨૨

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે શુક્રવાર, તા. ૨૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (SIECC) ખાતે આયોજિત ત્રિ-દિવસીય 'યાર્ન એક્સ્પો-૨૦૨૬'નો ભવ્ય આરંભ થયો છે. આ એક્સ્પોનું ઉદ્‌ઘાટન પૂર્વ કેન્દ્રિય મંત્રી શ્રીમતી દર્શના જરદોશ અને દક્ષિણ આફ્રિકાના ગિની દેશના રાજદૂત શ્રી કોન્ટે અલાસ્સેનના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. સરસાણા સ્થિત ઉષાકાંત મારફતિયા હોલ ખાતે યોજાયેલા ઉદ્‌ઘાટન સમારોહમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, ઉત્તર પ્રદેશ સરકારના નેશનલ ઈન્ટિગ્રેશન ડિપાર્ટમેન્ટના સેક્રેટરી (IAS) શ્રી હીરા લાલ પટેલ, એલાયન્સ ગ્રૂપના ડિરેક્ટર શ્રી કુલદીપ પટેલ (સંઘાણી) તેમજ રિગન ફેશન પ્રાઈવેટ લિમિટેડના ચેરમેન શ્રી દિનેશ ધનકાની અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, "યાર્ન એક્સ્પોની આ ૮મી આવૃત્તિમાં દેશ-વિદેશના ૮૮ એક્ઝિબિટર્સ ભાગ લઈ રહ્યા છે. સુરત ઉપરાંત મુંબઈ, અમદાવાદ, નવી દિલ્હી, લુધિયાણા, કોઈમ્બતુર, ઈરોડ, નોઇડા તેમજ ચીનના શાંઘાઈથી એક્ઝિબિટર્સ જોડાયા છે." તેમણે આ પ્રસંગે ચેમ્બરના પૂર્વ પ્રમુખોના પ્રદાનની પણ સરાહના કરી હતી.

દક્ષિણ આફ્રિકાના ગિની દેશના રાજદૂત મિ. કોન્ટે અલાસ્સેને જણાવ્યું હતું કે, ગિની દેશમાં ટેક્સટાઈલ ક્ષેત્રે સંપૂર્ણ વેલ્યુ ચેઈન ઉપલબ્ધ હોવાથી ત્યાં રોકાણ માટે ઉત્તમ તકો રહેલી છે, જેનાથી બંને દેશોના વેપારને નવું બળ મળશે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રીમતી દર્શના જરદોશે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 5F (Farm to Fibre, Factroy, Fashion, Froeign) વિઝનનો ઉલ્લેખ કરી વિશ્વમાં વધી રહેલી રિસાયકલ ફેબ્રિક્સની માગને પહોંચી વળવા સુરતને આહ્વાન કર્યું હતું. વધુમાં તેમણે ગુજરાત સરકારની ટેક્સ્ટાઈલ પોલિસીની પ્રશંસા કરી હતી.

ઉત્તર પ્રદેશ સરકારના નેશનલ ઈન્ટિગ્રેશન ડિપાર્ટમેન્ટના સેક્રેટરી (IAS) શ્રી હીરા લાલ પટેલે સુરતના ઉદ્યોગકારોને 'People, Planet and Profit'નું સૂત્ર આપી કાર્બન ક્રેડિટ, ગ્રીન કંપની મોડલ અપનાવવા અને સુતરાઉ (કોટન) કાપડ તરફ પણ ધ્યાન આપવા અનુરોધ કર્યો હતો

રિધન ફેશન પ્રા. લિમિટેડના ચેરમેન શ્રી દિનેશ ધનકાનીએ માત્ર સસ્તી પ્રોડક્ટ બનાવવાને બદલે રાઈટ પ્રોડક્ટ, રાઈટ ક્વોલિટી, રાઈટ સપ્લાય અને યોગ્ય કિંમત જાળવી પ્રોડક્ટમાં ઈનોવેશન લાવવા જણાવ્યું હતું. તેમણે વધુમાં યાર્ન ડેટા બેંક વિશે માહિતી આપી હતી.

એલાયન્સ ગ્રૂપના ડિરેક્ટર શ્રી કુલદીપ સંઘાણીએ વિવર્સને કમ્પોઝિટ યુનિટ્સ અને ટેકનિકલ ટેક્સટાઈલ્સ તરફ

અનુસંધાન પાના ૭ પર

# ચેમ્બર ઓફ કોમર્સ અને ઉત્તર પ્રદેશ સરકાર વચ્ચે ૧૦,૦૦૦ યુવાનોને કૌશલ્ય તાલીમ અને રોજગાર આપવા ઐતિહાસિક MoU સંપન્ન

સુરત, તા.૨૨

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી , ઉત્તર પ્રદેશ સરકારના શ્રમ તથા રોજગાર વિભાગ અને હૈંઝૈંના સંયુક્ત ઉપક્રમે ગુરુવાર, તા. ૨૦ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સુરત સિટી સેન્ટર સ્થિત હિલ્ટન ગાર્ડન ઈન હોટેલ ખાતે 'ઉત્તર પ્રદેશ ઈન્ડસ્ટ્રી કનેક્ટ ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ઉત્તર પ્રદેશના યુવાનોને ઉદ્યોગલક્ષી તાલીમ આપી સુરત સહિતના ઉદ્યોગોમાં રોજગારી ઉપલબ્ધ કરાવવા માટે ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા.

આ MoU પર ઉત્તર પ્રદેશ સરકારના માનનીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી અનિલ રાજભરની ઉપસ્થિતિમાં ઉત્તર પ્રદેશ સરકારના શ્રમ અને રોજગાર વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી શ્રી એમ. કે. શંમુગા સુન્દરમ અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સત્તાવાર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી શ્રી અનિલ રાજભરે જણાવ્યું કે ઉત્તર પ્રદેશના યુવાનોને સુરતની ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડીને તેમને સ્કિલિંગ, પ્રેક્ટિકલ ટ્રેનિંગ અને રોજગારની તકો ઉપલબ્ધ કરાવવામાં આવે, જ્યારે સુરત અને દક્ષિણ ગુજરાતની ઈન્ડસ્ટ્રીઝને જરૂરી સ્કિલ્ડ મેનપાવર મળી રહે. તેમણે ખાસ જણાવ્યું કે ઉત્તર પ્રદેશથી સુરત આવતા યુવાનોને હોસ્ટેલ સહિતની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે, જેથી તેઓ સારી રીતે રહી શકે, ઈઝ ઓફ લિવિંગ સાથે કામ કરી શકે અને રોજગાર મેળવી શકે.

સુરત અને ઉત્તર પ્રદેશનો નાતો વર્ષો જૂનોઃ અશોક જીરાવાલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, "આ કાર્યક્રમ માત્ર 'ઈન્ડસ્ટ્રી કનેક્ટ' નથી, પરંતુ ઉત્તર પ્રદેશની યુવા શક્તિ અને સુરતની ઔદ્યોગિક તાકાતનો સુભગ સમન્વય છે.

અનુસંધાન પાના ૭ પર

# કથિત લઠ્ઠાકાંડ ઘટના બાદ કોંગ્રેસે દારૂ પ્રતિબંધ કાયદાના કડક અમલીકરણની માંગણી સાથે કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

## કોંગ્રેસે ગૃહમંત્રી હર્ષ સંઘવીના રાજીનામાની માંગ કરી; ગેરકાયદેસર દારૂના વેપાર અને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહીની ચેતવણી આપી




સુરત, તા.૨૨

રાજ્યમાં કથિત લઠ્ઠાકાંડ (નકલી ઝેરી દારૂની ઘટના) બાદ, સુરત શહેર કોંગ્રેસ સમિતિએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપરત કરીને દારૂ પ્રતિબંધ કાયદાના અસરકારક અમલીકરણ અને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી. કોંગ્રેસે આ ઘટના માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી તેમજ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીના રાજીનામાની માંગ કરી.

સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલભાઈ ઉધનવાલા, ઉપપ્રમુખ હરેશભાઈ સૂર્યવંશી, મહામંત્રી જયેશ ભટ્ટ મહારાજ, સેવાદળ પ્રમુખ સંતોષ પાટિલ, વોર્ડ નં. ૨૪ પ્રમુખ જતીન જરીવાલા, વોર્ડ નં. ૨૩ મહિલા પ્રમુખ અર્ચના મોર્યા, ભૂતપૂર્વ કાઉન્સિલરો અસલમ સાયકલવાલા અને શૈલેષ ટંડેલ સહિત અન્ય અધિકારીઓએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપરત કર્યું.

કોંગ્રેસના અધિકારીઓએ એક આવેદનપત્રમાં આરોપ લગાવ્યો હતો કે મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ ગુજરાતમાં દારૂબંધીનો કાયદો લાગુ થયો હોવા છતાં, ગેરકાયદેસર દારૂનો વેપાર વધતો જ રહ્યો છે. તાજેતરમાં થયેલી કથિત લાઠીચાર્જની ઘટનાએ રાજ્યના લોકોને આઘાત પહોંચાડ્યો છે. કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે દારૂબંધી કાયદાના અસરકારક અમલીકરણના અભાવે ગેરકાયદેસર દારૂનો વેપાર ફૂલીફાલી રહ્યો છે. સ્થાનિક સ્તરે ખુલ્લેઆમ દારૂની દાણચોરી અને કથિત રીતે ખંડણી વસૂલવાના અહેવાલોએ લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. પાર્ટીએ જણાવ્યું હતું કે આવી ઘટનાઓ નાગરિકોની સલામતી અને આરોગ્ય માટે ગંભીર ખતરો છે.

ગૃહમંત્રીના રાજીનામાની માંગ

આ આવેદનપત્રમાં, કોંગ્રેસે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં કથિત નિષ્ફળતાની નૈતિક જવાબદારી લેતા ગૃહમંત્રી હર્ષ સંઘવીના તાત્કાલિક રાજીનામાની માંગ કરી હતી. તેણે ગેરકાયદેસર દારૂના વેપાર અને કથિત

અનુસંધાન પાના ૭ પર



# રણુજામાં ભાદરવાના મહામેળા પૂર્વે રામા સરોવર છલોછલ

## ભરાઈ જતા આલ્હાદક નજારો પ્રગટ્યો .!!!!

ઉત્તર ગુજરાત સહિત સમગ્ર દેશના કરોડો શ્રદ્ધાળુઓનું પરમ આસ્થાકેન્દ્ર અને દ્વારિકાધીશના પ્રગટ અવતાર કળિયુગના હાજરહજૂર લોકદેવતા બાબા રામદેવજીના સુપ્રસિદ્ધ તીર્થધામ રણુજા (રામદેવરા) સ્થિત ઐતિહાસિક અને પવિત્ર 'રામા સરોવર' નવા વરસાદી પાણીથી છલોછલ ભરાઈ ગયું છે.જેને લઈ નિજ રામદેવ સમાધિ મંદિર પાછળ આ રામા સરોવર ભરાઈ જવાથી આલ્હાદક દશ્ય સર્જાયું છે ઉનાળાની વિદાય બાદ ભાદરવાના મહામેળા પૂર્વે જ આ દિવ્ય સરોવરમાં વરસાદ થતાં જળસપાટી પૂર્ણ થતાં નૌકાવિહાર શરૂ થઈ ચૂક્યો છે. દર વર્ષની પરંપરા મુજબ ભાદરવાના મહામેળા પહેલાં સરોવર છલકાઈ જતાં બાબાના દર્શનાર્થે આવતા પદયાત્રીઓ સહિતના યાત્રાળુઓ ભાવિક ભક્તો સરોવરના પવિત્ર તટ પર પહોંચી આહલાદક અને નયનરમ્ય વાતાવરણ વચ્ચે દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.(તસવીર:પ્રભુદાસ પટેલ)

# સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયાના અમદાવાદ તથા ગાંધીનગર પ્રાદેશિક કાર્યાલય દ્વારા રાષ્ટ્રીય રિટેલ આઉટરીચ કેમ્પનું સફળ આયોજન

**અમદાવાદ, ૨૧ ઓગસ્ટ ૨૦૨૬**

સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયાના અમદાવાદ તથા ગાંધીનગર પ્રાદેશિક કાર્યાલય દ્વારા ગ્રાહકો તથા સામાન્ય જનતા સુધી બેંકની વિવિધ રિટેલ લોન યોજનાઓ અને બેંકિંગ સુવિધાઓની પહોંચ વધુ વ્યાપક બનાવવાના હેતુથી રાષ્ટ્રીય રિટેલ આઉટરીચ કેમ્પનું સફળ આયોજન ૨૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં બેંકના કેન્દ્રીય કાર્યાલયમાંથી શ્રી પાર્થ સારથી નાયડુ, મહાપ્રબંધક વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે અમદાવાદના અંચલ પ્રમુખ શ્રી પ્રમોદ મિશ્રા, અમદાવાદના પ્રાદેશિક પ્રમુખ શ્રી ગૌરવ કુમાર જૈન તથા ગાંધીનગરના પ્રાદેશિક પ્રમુખ શ્રી અનંતપ્રીત સિંહની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી. વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિએ કાર્યક્રમનો ઉત્સાહ વધાર્યો હતો તેમજ બેંકના રિટેલ વ્યવસાયને વધુ મજબૂત બનાવવાની સંસ્થાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

કેમ્પ દરમિયાન ગ્રાહકો તથા સામાન્ય જનતાને બેંકની વિવિધ રિટેલ લોન યોજનાઓ, તેમની વિશેષતાઓ, પાત્રતા તથા ઉપલબ્ધ સુવિધાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં હોમ લોન, વાહન લોન, એજ્યુકેશન લોન, ગોલ્ડ લોન, પર્સનલ લોન તથા પેન્શન લોન સહિત વિવિધ રિટેલ પ્રોડક્ટ્સને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

કેમ્પ દરમિયાન વિવિધ રિટેલ લોન પ્રોડક્ટ્સ હેઠળ આશરે ?૪૦ કરોડની લોન મંજૂરીના પત્રો ગ્રાહકોને આપવામાં આવ્યા હતા. આ સિદ્ધિ ગ્રાહકોનો બેંક પરનો વિશ્વાસ તથા અમદાવાદ પ્રાદેશિક કાર્યાલય દ્વારા રિટેલ વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતા સતત પ્રયાસોને દર્શાવે છે.

આ પ્રસંગે બેંકના અધિકારીઓ અને કર્મચારીઓએ ગ્રાહકો સાથે વ્યક્તિગત સંવાદ સ્થાપિત કરીને તેમની નાણાકીય જરૂરિયાતોને સમજવાનો પ્રયાસ કર્યો હતો અને તેમની જરૂરિયાત અનુસાર યોગ્ય લોન સોલ્યુશન અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગ્રાહકોને ઝડપી અને સરળ લોન પ્રક્રિયા, આકર્ષક વ્યાજદર, ન્યૂનતમ દસ્તાવેજીકરણ, લવચીક ચુકવણી વિકલ્પો તથા ગ્રાહકકેન્દ્રિત બેંકિંગ સેવાઓ અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રી પાર્થ સારથી નાયડુ, મહાપ્રબંધક, કેન્દ્રીય કાર્યાલય, અમદાવાદના અંચલ પ્રમુખ શ્રી પ્રમોદ મિશ્રા, અમદાવાદના પ્રાદેશિક પ્રમુખ શ્રી ગૌરવ કુમાર જૈન તથા ગાંધીનગરના પ્રાદેશિક પ્રમુખ શ્રી અનંતપ્રીત સિંહએ ગ્રાહકોની બદલાતી નાણાકીય જરૂરિયાતોને અનુરૂપ સરળ, પારદર્શક અને ગ્રાહકકેન્દ્રિત બેંકિંગ સેવાઓ ઉપલબ્ધ કરાવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે અમદાવાદ પ્રાદેશિક







કાર્યાલયના અધિકારીઓ તથા કર્મચારીઓને રિટેલ પ્રોડક્ટ્સની પહોંચ વધુ વ્યાપક બનાવવા તથા વધુમાં વધુ ગ્રાહકોને બેંકની વિવિધ યોજનાઓ સાથે જોડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

કેમ્પ દરમિયાન બેંકની ''તમારા સપના, અમારો સંકલ્પ''ની ભાવનાને કેન્દ્રમાં રાખીને ગ્રાહકોને તેમના વિવિધ જીવનલક્ષ્યો—ઘર ખરીદવું, વાહન ખરીદવું, ઉચ્ચ શિક્ષણ મેળવવું, વ્યક્તિગત જરૂરિયાતો તથા અન્ય નાણાકીય જરૂરિયાતો—માટે યોગ્ય નાણાકીય ઉકેલ ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

અમદાવાદ તથા ગાંધીનગર પ્રાદેશિક કાર્યાલય દ્વારા આયોજિત આ કેમ્પમાં બેંકના અધિકારીઓ તથા કર્મચારીઓએ સક્રિય ભાગ લીધો હતો. ગ્રાહકો તરફથી પણ કેમ્પને સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો. આ આયોજન અમદાવાદ વિસ્તારમાં રિટેલ વ્યવસાયને મજબૂત બનાવવા, નવા ગ્રાહકો સુધી પહોંચ વધારવા તથા બેંકની વિવિધ રિટેલ યોજનાઓ અંગે જાગૃતિ વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ સાબિત થયું છે.

# એબીએચ હેલ્થકેર લિમિટેડે એનએસઈ એસએમઈ પ્લેટફોર્મ મારફતે રૂ. ૩૪.૯૮ કરોડ ઊભા કરવા માટે આઈપીઓની જાહેરાત કરી

## ફ્રેશ ઇશ્યૂની સાઇઝઃ કુલ રૂ. ૩૪.૯૮ કરોડના મૂલ્યના મહત્તમ ૩૪,૨૯,૬૦૦ ઇક્વિટી શેર

અમદાવાદ, ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ - પંજાબમાં દ્ગછમ્ૐ માન્યતા પ્રાપ્ત મલ્ટી-સ્પેશિયાલિટી ટર્શિયરી કેર હોસ્પિટલ અનિલ બાઘી હોસ્પિટલનું સંચાલન કરતી એબીએચ હેલ્થકેર લિમિટેડે આજે સોમવાર, ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬થી તેના આઈપીઓ શરૂ કરવાની જાહેરાત કરી છે. કંપની એનએસઈ એસએમઈ (ઇમર્જ) પ્લેટફોર્મ પર ૩૪,૨૯,૬૦૦ ઈક્વિટી શેરના ફ્રેશ ઇશ્યૂ મારફતે રૂ. ૩૪.૯૮ કરોડ સુધીની રકમ ઊભી કરવાની યોજના ધરાવે છે. ઇશ્યૂ માટે પ્રાઇઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૯૬થી રૂ. ૧૦૨ નક્કી કરવામાં આવ્યો છે. શેર માટે બિડિંગનો સમયગાળો ગુરૂવાર, ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીનો રહેશે. શેરની ફાળવણી શુક્રવાર, ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ નક્કી થાય તેવી અપેક્ષા છે, જ્યારે શેરનું કામચલાઉ લિસ્ટિંગ મંગળવાર, ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ નક્કી કરવામાં આવ્યું છે.

ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી કુલ રકમનો ઉપયોગ કંપનીની નાણાંકીય સ્થિતિને મજબૂત બનાવવા અને વિસ્તરણ માટે કરવામાં આવશે. ખાસ કરીને, કંપનીએ કેટલીક બાકી લોનની સંપૂર્ણ અથવા આંશિક રીતે સમય પહેલાં ચુકવણી કરવા અથવા પુનઃચુકવણી માટે રૂ. ૧૭.૦૦ કરોડ ફાળવ્યા છે. આ ઉપરાંત, મુખ્ય કાર્યકારી મૂડીની જરૂરિયાતો પૂરી કરવા માટે રૂ. ૫.૦૦ કરોડનો ઉપયોગ કરવામાં આવશે, જ્યારે બાકીની રકમનો ઉપયોગ વ્યૂહાત્મક ઇનઓર્ગેનિક ગ્રોથની તકો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. રિટેલ રોકાણકારો માટે લઘુતમ એપ્લિકેશન સાઇઝ ૨ લૉટ (૨,૪૦૦ શેર) નક્કી કરવામાં આવી છે, જે

ANIL BAGHI HOSPITAL
ESTABLISHED 1985
NABH ACCREDITED SUPER-SPECIALITY

અપર પ્રાઇઝ બેન્ડ મુજબ રૂ. ૨,૪૪,૮૦૦ થાય છે, જ્યારે હાઈ નેટ-વર્થ ઈન્ડિવિડ્યુઅલ્સે (એચએનઆઈ) ઓછામાં ઓછા ૩ લૉટ (૩,૬૦૦ શેર) માટે અરજી કરવાની રહેશે, જેના માટે રૂ. ૩,૬૭,૨૦૦નું રોકાણ જરૂરી રહેશે.

નાણાંકીય દ્રષ્ટિએ એબીએચ હેલ્થકેર લિમિટેડે મજબૂત ઓપરેટિંગ કામગીરીના આધારે તાજેતરના વર્ષોમાં આવક અને ચોખ્ખા નફામાં સતત વૃદ્ધિ નોંધાવી છે. કંપનીની કુલ આવક નાણાંકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૪૧.૩૯ કરોડથી વધીને નાણાંકીય વર્ષ ૨૦૨૫માં રૂ. ૪૯.૩૨ કરોડ થઈ હતી અને નાણાંકીય વર્ષ ૨૦૨૬માં વધુ વધીને રૂ. ૫૨.૫૯ કરોડ થઈ હતી. ઓપરેટિંગ નફાકારકતામાં નોંધપાત્ર વધારો થયો હતો. એબિટા નાણાંકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૬.૮૯ કરોડથી વધીને નાણાંકીય વર્ષ ૨૦૨૫માં રૂ. ૧૩.૨૦ કરોડ થઈ હતી અને નાણાંકીય વર્ષ ૨૦૨૬માં વધુ વધીને રૂ. ૧૪.૭૨ કરોડ રહી હતી. આ સાથે એબિટા માર્જિન ૨૮.૦૩ ટકા રહ્યું હતું. ચોખ્ખા નફામાં પણ અનેક વર્ષો દરમિયાન મજબૂત વૃદ્ધિ જોવા મળી હતી. ચોખ્ખો નફો નાણાંકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૧.૬૬ કરોડથી વધીને નાણાંકીય વર્ષ ૨૦૨૫માં રૂ. ૫.૩૫ કરોડ થયો હતો અને નાણાંકીય વર્ષ ૨૦૨૬માં રૂ. ૫.૬૪ કરોડ સુધી પહોંચ્યો હતો. નાણાંકીય વર્ષ ૨૦૨૬માં ચોખ્ખા નફાનું માર્જિન ૧૦.૭૪ ટકા રહ્યું હતું. કંપનીએ ઈક્વિટી ક્ષેત્રે પણ મજબૂત કામગીરી જાળવી રાખી છે અને નાણાંકીય વર્ષ ૨૦૨૬ સુધીમાં રૂ. ૧૭.૨૭ કરોડની નેટવર્થ સાથે ૩૯.૦૭ ટકાનું રિટર્ન ઓન ઈક્વિટી (આરઓઈ) હાંસલ કર્યું છે.૧૯૮૫માં સ્થાપિત એબીએચ હેલ્થકેરે વિસ્તરણ કરીને ૧૫૦ બેડની મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ ઊભી કરી છે, જેમાં ૨૫ તબીબી વિશેષતાઓ ઉપલબ્ધ છે. એમ્પેનલ્ડ ફેસિલિટીઝમાં દ્ગૐછ અને જીૐછ (૨૦૨૨) દ્વારા પંજાબમાં આ હોસ્પિટલને નંબર ૧ ક્રમાંક આપવામાં આવ્યો છે. પ્રતિષ્ઠિત દ્ગછમ્ૐ ડિજિટલ એક્રેડિટેશન (સિલ્વર કેટેગરી) મેળવનાર ભારતના અગ્રણી હેલ્થકેર કેન્દ્રોમાં પણ આ હોસ્પિટલનો સમાવેશ થાય છે.એબીએચ હેલ્થકેર લિમિટેડના ચેરમેન અને પૂર્ણ સમયના ડિરેક્ટર ડૉ. કમલ બાઘીએ જણાવ્યું હતું કે, ''અમારું મિશન હંમેશા ટિયર-૩ શહેરોના સમુદાયો સુધી ઉચ્ચ ગુણવત્તાવાળી અને વિશેષ તબીબી સારવાર પહોંચાડવાનું રહ્યું છે. આ આઈપીઓ અમારી સફરમાં એક મહત્વપૂર્ણ પરિવર્તનનો તબક્કો છે, કારણ કે અમે જાહેર મૂડીનો ઉપયોગ અમારી બેલેન્સ શીટને વધુ કાર્યક્ષમ બનાવવા, ઓન્કોલોજી અને સીટીવીએસ જેવા ઉચ્ચ-સ્તરના તબીબી કાર્યક્રમોમાં અમારી ક્લિનિકલ ક્ષમતાઓનો વિસ્તાર કરવા અને એસેટ-લાઈટ ડિલિવરી મોડલ્સ મારફતે અમારી પહોંચ વધારવા માટે કરી રહ્યા છીએ.''



# સરહદના વીર જવાનો માટે પી. પી. સવાણી ગ્રુપનું 'રાષ્ટ્ર રક્ષા સૂત્ર' અભિયાન

## દેશના રક્ષકોના કાંડે ૩૦,૦૦૦ થી વધુ રાખડીઓ બંધાશેઃ 'રાષ્ટ્ર રક્ષા સૂત્ર' થકી દેશપ્રેમ, સ્નેહ અને માતૃભૂમિ પ્રત્યેનો આદર

સુરતઃશુક્રવારઃ- દેશની સરહદો પર દિવસ-રાત અડીખમ રહી માતૃભૂમિની રક્ષા કરતા વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે પી. પી. સવાણી ગ્રુપ-સુરત દ્વારા એક અનોખી અને ભાવસભર પહેલ કરવામાં આવી છે. ગ્રુપના ચેરમેન શ્રી વલ્લભભાઈ સવાણી તથા શ્રી મહેશભાઈ સવાણીની પ્રેરણાથી 'રાષ્ટ્ર રક્ષા સૂત્ર' અભિયાન અંતર્ગત સુરતથી ૩૦,૦૦૦થી વધુ રાખડીઓ પરમ શક્તિપીઠ વાત્સલ્યધામ, વૃંદાવન મોકલવામાં આવી છે. આ રાખડીઓ દેશના રક્ષકોના કાંડે બંધાશે.

પરમ શક્તિપીઠ વાત્સલ્યધામની સાધ્વી ૠતંભરા દેવીજી (પૂજ્ય દીદીમા)ના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૨૪ વર્ષથી ચાલી રહેલું 'રાષ્ટ્ર રક્ષા સૂત્ર' અભિયાન, આ વર્ષે ૨૫માં સિલ્વર જ્યુબિલી (રજત જયંતી) વર્ષમાં પ્રવેશી રહ્યું છે, ત્યારે પી. પી. સવાણી ગ્રુપ પણ દેશની રક્ષા કરતા જવાનો પ્રત્યે સ્નેહ, અને આદરની લાગણી સાથે આ રાષ્ટ્રભક્તિના અભિયાનમાં સહભાગી બન્યું છે.

દીકરીઓના હાથેથી તૈયાર થઈ 'રાષ્ટ્રની રાખડી'દેશના સૈનિક ભાઈઓ માટે ખાસ પ્રેમ, લાગણી અને આશીર્વાદ સાથે પી. પી. સવાણી ગ્રુપની દીકરીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી આ રાખડીઓ માત્ર રેશમના દોરા નથી, પરંતુ દીકરીઓ તરફથી સરહદ પર ઊભેલા પોતાના ભાઈઓને સુરક્ષા કવચ તેમજ પાઠવવામાં આવતો સ્નેહ અને રાષ્ટ્રપ્રેમનો સંદેશ છે.

પી.પી. સવાણી ગ્રુપ ઓફ સ્કૂલ્સ મેનેજમેન્ટ, યુનિ.ની ટીમના શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓએ પોતાના હાથે રાખડીઓ બનાવી અભિયાનમાં સહભાગી બન્યા છે. નાનાં હાથોમાંથી તૈયાર થયેલી આ રાખડીઓમાં દેશ માટે કંઈક કરવાની ભાવના અને સૈનિક ભાઈઓ પ્રત્યેનો અતૂટ સ્નેહ જોવા મળે છે.

ગ્રુપ દ્વારા એકત્રિત કરવામાં આવેલી ૩૦,૦૦૦થી વધુ રાખડીઓ સુરતથી પરમ શક્તિપીઠ વાત્સલ્યધામ, વૃંદાવન ખાતે પરમ પૂજ્ય સાધ્વી ૠતંભરા દેવીજી(દીદીમાં) સુધી મોકલાશે, જ્યાં દીદીમાં દ્વારા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજીની વિશેષ ઉપસ્થિતિમાં આ તમામ રાખડીઓ અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ કચ્છ બોર્ડરથી લઈને લેહ-લદાખ બોર્ડર સુધી દેશની સરહદો પર તૈનાત વીર સૈનિકો સુધી આ રાખડીઓ પહોંચાડવામાં આવશે.સવાણી ગ્રુપના શ્રી મહેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, ''માતૃભૂમિની રક્ષા કરતા આપણા વીર સૈનિકો માટે આ માત્ર એક રાખડી નથી; આ દેશની દીકરીઓ, બહેનો અને સમગ્ર સમાજના હૃદયમાંથી નીકળેલો સ્નેહ, આદર અને આશીર્વાદ છે. 'એક રાખી,

એક સૈનિક, એક રાષ્ટ્ર'ના ભાવ સાથે આ પહેલ દ્વારા સુરતની દીકરીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, યુવાનો, હોસ્પિટલ પરિવાર અને સમગ્ર પી. પી. સવાણી ગ્રુપ તરફથી સરહદ પર તૈનાત જવાનો સુધી 'તમે સરહદે એકલા નથી, સમગ્ર દેશ તમારી સાથે છે.' સમગ્ર ભારત પરિવારની જેમ સૈનિકો સાથે ઊભું છે.''




# રાજ્યકક્ષાના રમતગમત મંત્રી ડો. જયરામભાઈ ગામીતે રૂ. ૮.૭૭ કરોડના ખર્ચે નિર્માણ પામેલ સોનગઢ તાલુકા રમત સંકુલનું ઉદ્ઘાટન કર્યું

માહિતી બ્યુરો, તાપી તા. ૨૧ :- ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા તાપી જિલ્લાના સોનગઢ ખાતે રૂ. ૮.૭૭ કરોડના આયોજિત ખર્ચે નિર્માણ પામેલ અદ્યતન સોનગઢ તાલુકા રમત સંકુલનું શુક્રવારે રાજ્યકક્ષાના રમતગમત મંત્રી ડો. જયરામભાઈ ગામીતે ઉદ્ઘાટન કર્યુ હતુ. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી ડો. જયરામભાઈ ગામીતે જણાવ્યું કે, રાજ્યના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારના નવયુવા રમતવીરોને ઘરઆંગણે જ અત્યાધુનિક સુવિધાઓ પૂરી પાડવા સરકાર કટિબદ્ધ છે. રમતના મેદાન થકી યુવાનોમાં શિસ્ત, આત્મવિશ્વાસ, ટીમ ભાવના અને નેતૃત્વ જેવા ગુણોનો વિકાસ થાય છે. સોનગઢ ખાતે નિર્મિત આ સુવિધા રમતવીરો માટે તાલીમ, અભ્યાસ અને પ્રતિભા વિકાસની નવી તકો ઊભી કરશે.આ અદ્યતન રમત સંકુલમાં ખેલાડીઓના માટે આધુનિક ઇન્ડોર મલ્ટીપર્પઝ હોલ, વોલીબોલ-કબડ્ડી-ખો-ખો કોર્ટ, ૨૦૦ મીટરનો મડીએથ્લેટિક ટ્રેક તેમજ ગ્રાસી ફુટબોલ ગ્રાઉન્ડ સહિતની સુવિધા સાથે આ સંકુલ વિકસાવવામાં આવ્યુ છે. આ સુવિધાઓથી સોનગઢ સહિત સમગ્ર તાપી જિલ્લાના રમતવીરોને વિવિધ રમતોમાં નિયમિત તાલીમ અને અભ્યાસ માટે યોગ્ય વાતાવરણ મળશે. આ તકે રમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ ખેલાડીઓનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે સોનગઢ નગરપાલિકા પ્રમુખશ્રી સારિકાબેન પાટીલ, તાલુકા-નગરપાલિકાના જનપ્રતિનિધિઓ, ડીએલએસએસ વિદ્યાર્થીઓ, રમતવીરો, રમતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકારે પરિણામલક્ષી પ્રયાસો કર્યા છે - પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલ

## શિક્ષણ વ્યક્તિના સર્વાંગી વિકાસ અને 'વિકસિત ભારત'ના નિર્માણ માટે અનિવાર્ય છે - રાજ્યકક્ષાના મંત્રી ડો. જયરામભાઈ ગામીત



માહિતી બ્યુરો, તાપી તા. ૨૧ - રાજ્યના આદિજાતિ વિકાસ અને તાપી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલે, રાજ્યકક્ષાના મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતની ઉપસ્થિતિમાં વ્યારા સ્થિત શ્રીમતી કે. કે. કદમ કન્યા વિદ્યાલય ખાતે 'શિક્ષણમાં સમરસતા લાવીએ, દરેક બાળકને આગળ વધારીએ' ના સંકલ્પ સાથે આયોજિત 'સમરસ વિદ્યાસેતુ અભિયાન'ને સંબોધિત કરતા જણાવ્યું કે, તાપી જિલ્લામાં ૩૭૦૦થી પણ વધુ બાળકોને પુનઃ શાળા તરફ દોરી જવાનું સરાહનીય કાર્ય થયું છે.

મંત્રીશ્રી નરેશભાઈ પટેલે ઉમેર્યુ કે, વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'શાળા પ્રવેશોત્સવ' અને 'કન્યા કેળવણી અભિયાન'ની શરૂઆત કરાવી હતી, જેના પરિણામે આજે ગુજરાતમાં ડ્રોપ-આઉટ રેશિયો નહિવત થયો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકાર તેમજ શિક્ષણ વિભાગ, વહીવટી તંત્ર અને સમાજના સહિયારા પ્રયાસોથી ખૂટતી કડીઓ પૂરી કરવાનું કામ પૂર્ણ થયું છે. તાપી જિલ્લા પ્રભારીમંત્રીશ્રી નરેશભાઈ પટેલે કહ્યું કે, જ્યારે એક વિદ્યાર્થીનું જીવન બગડે છે ત્યારે આખા પરિવારનું સપનું તૂટે છે અને સમાજનો વિકાસ અટકે છે. આજની પેઢી શિક્ષિત બને અને એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકારે પરિણામલક્ષી પ્રયાસો કર્યા છે. આજે આપણો દેશ આર્થિક દ્રષ્ટિએ વિશ્વના અગ્રણી દેશોની હરોળમાં સ્થાન ધરાવે છે,

ત્યારે આપણી પ્રાચીન ગુરુકુળ પરંપરા જળવાઈ રહે તે જવાબદારી પણ આપણા સૌની છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, સરકારે શિક્ષણલક્ષી અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે, જેથી રાજ્યનો એક પણ વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે. આજે ખેતી હોય કે પશુપાલન, નાના વ્યવસાય તેમજ નવા ઈનોવેશન માટે શિક્ષણ અત્યંત જરૂરી છે. એક શિક્ષિત વિદ્યાર્થી માત્ર પોતાના પરિવાર જ નહી, પરંતુ અન્ય અનેક કુટુંબો માટે પણ ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે જણાવ્યું હતું કે, રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષણને હંમેશા વિશેષ પ્રાધાન્ય આપ્યું છે. તેમણે ૨૦૦૩માં શરૂ કરાવેલ 'શાળા પ્રવેશોત્સવ' અને 'કન્યા કેળવણી મહોત્સવ' આજે વટવૃક્ષ બની ચૂક્યા છે. શિક્ષણ માત્ર નોકરી માટે નહીં, પણ સર્વાંગી વિકાસ અને 'વિકસિત ભારત'ના નિર્માણ માટે અનિવાર્ય છે. વધુમાં કાર્યક્રમમાં ટેલિફિલ્મ દ્વારા ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે શિક્ષણનો અધિકાર, નામાંકન જાળવવા તેમજ નમો સરસ્વતી, નમો લક્ષ્મી, પોષણ અને યુનિફોર્મ સહાય જેવી કલ્યાણકારી યોજનાઓ બાળકોનું ભવિષ્ય સુરક્ષિત બનાવી રહી હોવાની માહિતી આપવામાં આવી હતી.



# મોડાસામાં રાજ્ય મંત્રી પી. સી. બરંડાએ સ્વ. ડો. હર્ષ પંડ્યાના પરિવારની મુલાકાત લઈ સાંત્વના પાઠવી

**મોડાસા તા. ૨૧**

સુરત સરકારી સિવિલ હોસ્પિટલમાં રેસિડેન્ટ ડૉક્ટર તરીકે ફરજ બજાવતા અને અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસાના વતની ડૉ. હર્ષ પંડ્યાના આપઘાત કેસના સમગ્ર ગુજરાતભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. એક આશાસ્પદ યુવાન ડૉક્ટરના આકસ્મિક અવસાનથી તબીબી આલમ સહિત સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોકની કાલિમા છવાઈ ગઈ છે.

આ દુઃખદ ઘટના વચ્ચે ભિલોડા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય અને રાજ્ય કક્ષાના મંત્રી પી. સી. બરંડાએ સ્વ. ડૉ. હર્ષ પંડ્યાના મોડાસા સ્થિત નિવાસસ્થાને રૂબરૂ મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીએ મૃતક ડૉક્ટરના પિતા ડૉ. સુભાષભાઈ પંડ્યા તથા પરિવારના અન્ય સભ્યોને મળીને ઊંડા શોકની સંવેદના વ્યક્ત કરી હતી અને આ કઠિન સમયમાં પરિવારને સાંત્વના પાઠવી હતી.પરિવારજનો સાથેની મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ મુશ્કેલ સમયમાં સરકાર અને સ્થાનિક તંત્ર પરિવારની સાથે છે. તેમણે સ્વર્ગસ્થ ડૉ. હર્ષ પંડ્યાના પવિત્ર આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી અને શોકગ્રસ્ત પરિવારને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ મળે એવી ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

## તંત્રી લેખ...-

**શનિવાર, તા. ૨૨ ઓગષ્ટ ૨૦૨૬**

# ગામેગામ દારૂના હાટડા તંત્રને દેખાય કેમ નહીં ?

ભાવનગરના લઠ્ઠાકાંડને પગલે ગુજરાતના પોલીસવડા શ્રી મલિકે રાજ્યભરમાં દારૂબંધીના કડક અમલના આદેશ બહાર પાડતાં આખાં રાજ્યમાં શરાબની ભઠ્ઠીઓ-વિક્રયસ્થાનો પર દરોડા પડી રહ્યા છે. કચ્છની રતડિયા સીમમાં ૧૬.૪૨ લાખનો શરાબ ઝડપાયો. પ્રશ્ન એ છે કે, જ્યાં દારૂબંધીનો કાયદો છે ત્યાં નિયમિત રીતે લાખો-કરોડોનો શરાબ પકડાય ? વાહનચાલક કે ક્લીનરની ધરપકડ થાય, પણ માલ મોકલનાર અને મગાવનાર સુધી પગેરું કદી કેમ નીકળતું નથી ? શરાબનો મુદ્દો અતિસંવેદનશીલ છે. તેની સાથે પોલીસ તંત્રની પ્રામાણિકતા, સરકારની નિયતને જોડીને સંદેહ થઇ રહ્યા છે. સમયાંતરે ઝેરી શરાબે અનેક પરિવારને રસ્તે રઝળતા કર્યા છે. ભાવનગરમાં એકસાથે છ-છ જિંદગી ભરખાઇ ગઇ. પોલીસે ગામ દેખાડા માટે તાત્કાલિક કેટલાંક પગલાં તો ભરી લીધાં, પરંતુ આવો દારૂ વેચતા બુટલેગરોના હાથ તોય બંધાતા નથી. ઝેરનો વેપલો કરનારા બુટલેગરો સુધી કાનૂનના લાંબા કહેવાતા હાથ પહોંચી શકતા નથી, આવા કિસ્સામાં તે શરાબના જથ્થા કે તેની હેરફેર માટે ઉપયોગમાં લેવાતાં વાહન સુધી જ પહોંચે છે. લઠ્ઠો કે દેશી દારૂ કે વિદેશી બ્રાન્ડના દારૂની બોટલમાં વેચાતો નકલી દારૂ થોડા-થોડા સમયે પરિવારના માળા પીંખે છે, દારૂબંધીની વાતો વચ્ચે ગુજરાતમાં જ્યાં, જ્યારે જોઈએ, જેટલો જોઈએ તેટલો દારૂ મળે છે તે પછી ગિફ્ટસિટી ન હોય તોય ભલે. ભાવનગરના ઘોઘા તાલુકાના ખરકડી ગામે બુધવારે બનેલી ઘટના ગંભીર છે. શરાબની એક જાણીતી બ્રાન્ડની બોટલમાં ૩૯ ટકા જેટલું મિથેનોલ-ઝેરી કેમિકલનું મિશ્રણ કરીને તેનું વેચાણ થતું હતું. એક તો શરાબ વેચવો તે જ ગેરકાનૂની છે અને વળી તેમાં પણ ભેળસેળ. ગુના કરવામાં કોઈને પાછળ નથી રહેવું, પનીર હોય કે દારૂ બધું નકલી વેચવું છે. આ પ્રકારે વેચાતો દારૂ પીવાને લીધે ગણતરીના કલાકોમાં છ વ્યક્તિનાં મૃત્યુ થયાં. ફરીથી એ જ સીન ભજવાયા. હોસ્પિટલમાં દોડાદોડી, પોલીસતંત્ર જાગ્યું. ચાર કોન્સ્ટેબલ સસ્પેન્ડ થયા. મુખ્ય બુટલેગર સહિત ૨૧ સામે ગુનો નોંધાયો છે. હવે મૃતકના પરિવારજનને આર્થિક સહાય ચૂકવવામાં આવશે. કમનસીબી એ છે કે, આવું પ્રથમવાર બન્યું નથી. ૨૦૨૨માં બોટાદના બરવાળામાં ઝેરી દારૂ પીવાથી ૨૨ નશાખોરોનાં મૃત્યુ થયાં હતાં. ૨૦૦૯ના જુલાઈમાં અમદાવાદના બહેરામપુરા અને મજુરાગામમાં ઝેરી દારૂ પીવાને લીધે ૧૩૬થી વધારે લોકોનાં મૃત્યુ થયાં હતાં. તે સમયે સરકારે આવા કિસ્સાના ગુનેગારો માટે ફાંસીની સજાની જોગવાઈ કરી હતી, જેનો અમલ થયો નથી, ઝેરી દારૂ વેચાય છે. ૧૯૯૧માં અમદાવાદના કાલુપુર-દરિયાપુર વિસ્તારમાં ઝેરી દારૂ પીવાથી ૧૦૦ શ્રમિકો મર્યા હતા. ૧૯૯૦માં રાજકોટના આજીડેમ વિસ્તારની ઝૂંપડપટ્ટીમાં રહેતા ૨૯ માણસોને કોલન વોટરની ભેળસેળવાળો દારૂ ભરખી ગયો હતો. ૧૯૮૯માં વડોદરામાં મિથેનોલવાળા દારૂને લીધે ૧૩૨ના અને ૧૯૭૭માં અમદાવાદમાં ૧૦૧નાં મોત થયાં હતાં. પચાસ વર્ષથી સમયાંતરે આવી ઘટના બનતી રહે છે. આને લઠ્ઠાકાંડ કહો કે કેમિકલ કાંડ, પરંતુ માનવજીવન માટે અત્યંત જોખમી છે. 'નશો કરવો જોઈએ નહીં', 'વ્યસન મારી નાંખે', 'તમાકુ, સિગારેટ કે દારૂ નુકસાન કરે' તેવી જાગૃતિની જાહેરાતોની અસર થવી જોઈએ, તેમના ઉપર થાય છે કે નહીં તે પ્રશ્ન છે. લોકજાગૃતિ એક મુદ્દો છે, પોલીસની સતર્કતા બીજી વાત છે. પોલીસ સતર્ક નથી એવું નથી, પોલીસને ખબર છે જ કે ક્યાં શું ચાલે છે! ગુજરાતની દારૂબંધી અસરકારક નથી તે અજાણી વાત નથી. લાખો રૂપિયાનો શરાબ પકડાય છે તેની વિગત જાહેર થાય છે, કરોડોનો પીવાય છે તેની વાત કોઈ કરતું નથી. દારૂબંધીનો અમલ કરવાની જો પોલીસ પ્રશાસનની દાનત હોય જ તો કામ તેના માટે અઘરું નથી. દસ લાખનો દારૂ પકડી શકે તે પોલીસ એક કરોડનો દારૂ પણ જપ્ત કરી શકે જ.

# વંદે માતરમ અને રાજકારણીઓ

વંદે માતરમ મુદ્દે વિવાદ અને રાજકારણ અટકવાનું નામ લેતા નથી. સ્વતંત્રતા દિને કોંગ્રેસના મુખ્યાલયમાં ધ્વજવંદન કાર્યક્રમમાં વંદે માતરમ્ ચાલી રહ્યું હતું એ દરમિયાન કોંગ્રેસ પાર્લામેન્ટરી પાર્ટીનાં પ્રમુખ સોનિયા ગાંધી તેને વચ્ચે અટકાવવા પક્ષ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે તથા રાહુલ ગાંધી તથા અન્યોને ઈશારો કરતા હોય એવા વીડિયોને કારણે નવેસરથી ચર્ચા શરૂ થઈ છે. ભારતીય જનતા પાર્ટી આ હરકતને પગલે કોંગ્રેસ પર દેશભરમાં પસ્તાળ પાડી રહી છે. કોંગ્રેસ દ્વારા બચાવ એવો થઈ રહ્યો છે કે, ખડગે કાર્યક્રમમાં લાંબા સમયથી ઊભા હતા, આથી સોનિયાજી તેમના માટે ખુરશી લાવવા માટે ઈશારો કરી રહ્યાં હતાં. જો કે, ૧૯૯૩થી કોંગ્રેસનું વલણ રહ્યું છે કે, વંદે માતરમ્ ગીતના પહેલા બે અંતરા જ વગાડવામાં આવે કેમ કે પછીની કડીઓમાં દુર્ગા, લક્ષ્મી તથા સરસ્વતીનું વર્ણન આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની ભાજપ સરકારે હાલમાં જ રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમમાં સુધારો કરી વંદે માતરમ્‌ને પણ રાષ્ટ્રગાન જન ગણ મન જેવું જ સંરક્ષણ અપાવ્યું છે. વંદે માતરમ્ ગીત વાગી રહ્યું હતું એ દરમિયાન સોનિયા ગાંધીના ઈશારા અને અન્ય એક વીડિયો, જેમાં રાહુલ ગાંધી કહી રહ્યા છે કે, વંદે માતરમ્ કા હમારા વર્ઝન બજેગા...ને પગલે સર્જાયેલો વિવાદ કોંગ્રેસ દ્વારા પૂર્ણપણે ટાળી શકાય એવો હતો. વંદે માતરમ્ હવે આખું વગાડવું-ગાવું એવો ફેરફાર કાયદામાં થયા બાદ પણ દેશના સૌથી જૂના રાજકીય પક્ષનાં નેતાનું આ વલણ ખરેખર અસ્વીકાર્ય છે. આનાથી તો ભાજપની વાત ફરી સાબિત થાય છે કે, કોંગ્રેસને પોતાની લઘુમતિ વોટબેન્કની ચિંતા વધુ છે અને દેશ કરતાં તેઓ પક્ષને પહેલા મૂકે છે. વંદે માતરમ્ ગીતના પહેલા બે અંતરામાં તો ભારતના પ્રાકૃતિક સૌંદર્ય-વૈવિધ્યના ગુણગાન છે, છતાં તેને લઈ ને આટલાં વર્ષો ધર્મનાં નામે વિવાદ પોષવામાં આવ્યો. વંદે માતરમ્‌ની રચનાના ૧૫૦મા વર્ષે આ ગીતની ગરિમાને જાળવવાની દિશામાં લેવાયેલું પગલું તો જ સાર્થક ગણાશે, જો સૌ કોઈ તેને ઘટતું માન આપે. કોંગ્રેસ વિરોધ પક્ષમાં રહી ને ઘણું બધું ભૂલી ગઈ છે અને વિરોધ કરવામાં દેશના ગૌરવનું અપમાન ન થાય એ યાદ રાખવું જરૂરી છે.

**ભારતીય જનતા પાર્ટી આ હરકતને પગલે કોંગ્રેસ પર દેશભરમાં પસ્તાળ પાડી રહી છે. કોંગ્રેસ દ્વારા બચાવ એવો થઈ રહ્યો છે કે, ખડગે કાર્યક્રમમાં લાંબા સમયથી ઊભા હતા, આથી સોનિયાજી તેમના માટે ખુરશી લાવવા માટે ઈશારો કરી રહ્યાં હતાં. જો કે, ૧૯૯૩થી કોંગ્રેસનું વલણ રહ્યું છે કે, વંદે માતરમ્ ગીતના પહેલા બે અંતરા જ વગાડવામાં આવે કેમ કે પછીની કડીઓમાં દુર્ગા, લક્ષ્મી તથા સરસ્વતીનું વર્ણન આવે છે.**

### કોઇએ નોંધાવેલી ફરિયાદ ખોટી સાબિત થાય તો પણ તેને કોઇ સજા ના થાય

# યુજીસીના નિયમો અંગે ફેરવિચારણા: વાર્યા ના વળે એ હાર્યા વળે

## સરકારનું આ હૃદય પરિવર્તન કેમ થઈ ગયું ? કેમ કે આ મુદ્દે પણ કોક્રોચ  જનતા પાર્ટી જેનું મોટું આંદોલન થઈ જવાનો ફફડાટ છે

ગુજરાતીમાં કહેવત છે કે, વાર્યા ના વળે એ હાર્યા વળે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)ના નિયમોના મામલે આ વાત સાચી પડી છે. કોક્રોચ જનતા પાર્ટીના આંદોલનથી ફફડેલી કેન્દ્ર સરકારે યુજીસીના નવા નિયમો પડતા મૂકવાની પણ તૈયારી બતાવી છે. એક સમયે કેન્દ્ર સરકાર યુજીસીના નવા નિયમોનો અમલ કરાવવા કૂદાકૂદ કરતી હતી. આ વરસની શરૂઆતમાં કૉલેજો અને યુનિવર્સિટીઓ સહિત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં ભેદભાવ રોકવા બનાવાયેલા નવા નિયમોના  કારણે દેશભરમાં ને ખાસ તો ઉત્તર ભારતમાં ભારે બબાલ થઈ ગયેલી.

આ નિયમોના કારણે સવર્ણો એટલે કે જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓની કનડગત કરાશે એવો ડર વ્યક્ત કરીને દેશભરમાં ઉગ્ર દેખાવો થયેલા પણ કેન્દ્ર સરકાર કોઈની વાત સાંભળવા તૈયાર નહોતી. હવે અચાનક કેન્દ્ર સરકારે આ નિયમો અંગે ફેરવિચારણા ચાલી રહી હોવાની સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી છે. આપણે ત્યાં ફેરવિચારણાનો મતલબ, કચરાટોપલીભેગું કરવું એવો થાય છે એ જોતાં કેન્દ્ર સરકાર આ નિયમોને અભરાઈએ ચડાવી દેવા તૈયાર થઈ ગઈ છે એ સ્પષ્ટ છે.

કેન્દ્ર સરકારનું આ હૃદય પરિવર્તન કેમ થઈ ગયું ? કેમ કે આ મુદ્દે પણ કોક્રોચ  જનતા પાર્ટી જેનું મોટું આંદોલન થઈ જવાનો ફફડાટ છે. સાથે સાથે ઉત્તર પ્રદેશ સહિતનાં રાજ્યોમાં ભાજપનું તપેલું ચડી જવાનો ડર પણ છે. યુજીસીના નવા નિયમો સામે જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ છે અને આ આક્રોશ શમ્યો નથી. ઉત્તર ભારતમાં હજુ દેખાવો થઈ રહ્યા છે અને વિરોધમાં યાત્રાઓ નિકળી રહી છે. આ વિરોધની અસર યુપીની ચૂંટણી પર પડે તો નાક વઢાઈ જાય તેથી કેન્દ્ર સરકાર હવે નમી છે, બાકી એક સમયે સરકાર સુપ્રીમ કોર્ટની વાત પણ સાંભળવા તૈયાર નહોતી.આ નિયમોને રદ કરાવવા માટે અરજીઓ થયેલી ને મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચેલો.  સુપ્રીમ કોર્ટે બબાલ વધે નહીં એ માટે જાન્યુઆરીમાં આ નિયમોના અમલ પર સ્ટે આપી દીધેલો. સુપ્રીમ કોર્ટે કહેલું કે, પહેલી નજરે જ આ નિયમોની ભાષા અસ્પષ્ટ લાગે છે તેથી તેનો દુરુપયોગ થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે તો યુજીસી ઈક્વિટી રેગ્યુલેશન્સ, ૨૦૨૬ના કારણે સમાજમાં ભાગલા પડી જશે એવો ડર પણ વ્યક્ત કરેલો. સુપ્રીમ કોર્ટની ટીકા પછી કેન્દ્ર સરકારે ધાર્યું હોત તો આ નિયમો પાછા લઈ શકી હોત. તેના બદલે નવા નિયમો બનાવી શકાયા હોત પણ કેન્દ્ર સરકારે કશું ના કર્યું. ઊલટાનો ભાજપના પ્રધાનો આ નિયમોનો બચાવ કરતા હતા. સુપ્રીમ કોર્ટે પોતે કહેલું કે, આ નિયમોના કારણે ચોક્કસ જ્ઞાતિનાં લોકોને નિશાન બનાવીને દુરુપયોગ થવાનો ખતરો છે પણ ભાજપના પ્રધાનો આ વાત માનવા જ તૈયાર નહોતા. સુપ્રીમ  કોર્ટે યુજીસીને નિયમો ફરીથી બનાવવા ફરમાન કરેલું પણ હજુ નવા નિયમો બનાવીને રજૂ કરાયા નથી તેનો મતલબ એ થયો કે, સરકારને આ નિયમો પડતા મૂકવામાં રસ નથી. નીટનું પેપર લીક થયું તેના કારણે ઘરભેગા થઈ ગયેલા ધર્મેન્દ્ર પ્રધાન એ વખતે પણ શિક્ષણ મંત્રી હતા. નીટનું પેપર ફૂટ્યું એ જગજાહેર હોવા છતાં પેપર ફૂટ્યું નથી એવું જૂઠાણું ચલાવનારા ધર્મેન્દ્ર પ્રધાન એ વખતે પણ નરાતર જૂઠું બોલ્યા હતા કે, યુજીસીનો આ નિયમ એસસી, એસટી, ઓબીસી તેમજ સવર્ણો માટે પણ સમાન રીતે લાગુ થશે.  નિયમમાં સ્પષ્ટ લખાયું છે કે, એસસી, એસટી અને ઓબીસી સમુદાયની ચિંતાઓને દૂર કરવા ઈક્વોલ ઓપોર્ચ્યુનિટી સેલ (ઇઓસી) બનાવવાનો છે ને તેમાં ક્યાંય સવર્ણોનો ઉલ્લેખ જ નથી છતાં પ્રધાન લોકોને બેવકૂફ બનાવતા હતા. હવે છેક સાત મહિને કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી છે કે, આ નિયમોના અમલ અંગે ફેરવિચારણા ચાલી રહી છે. આ રજૂઆત અંગે વિચારણા કરી શકાય તેથી સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને મહિનાનો સમય આપ્યો છે. કેન્દ્ર સરકાર વતી યુજીસીને ચાર અઠવાડિયામાં  વિસ્તૃત જવાબ આપવા માટે ફરમાન કરાયું છે. યુજીસી શું જવાબ આપશે એ ખબર નથી પણ મોટા ભાગે આ નિયમો પડતા મુકાય અને હાલ પૂરતા ૨૦૧૨ના જૂના નિયમો અમલી બનાવાય એવી પૂરી શક્યતા છે. એ સિવાય બીજી શું ફેરવિચારણા કરવાની હોય?

ભાજપ સરકારે આ બકવાસ નિયમો બનાવ્યા કેમ કે તેને એસસી, એસટી અને ઓબીસીના મતો જોઈએ છે. સવર્ણોના મતે ધિંગો થયેલો ભાજપ હવે સવર્ણોને કોરાણે મૂકીને બીજી જ્ઞાતિઓને પંપાળી રહ્યો છે. તેના ભાગરૂપે આ નિયમો બનાવાયેલા. યુજીસી પ્રમોશન ઓફ ઈક્વિટી રેગ્યુલેશન્સ ૨૦૨૬ હેઠળ,  તમામ કૉલેજો તથા યુનિવર્સિટી સહિતની શૈક્ષણિક સંસ્થાઓમાં  ઈક્વિટી સેલ એટલે કે ઈક્વોલ ઓપોર્ચ્યુનિટી સેલ (ઇઓસી) બનાવવો  પડશે. આ સેલમાં એસસી, એસટી, ઓબીસી કે દિવ્યાંગ વિદ્યાર્થી પોતાની સાથે ભેદભાવ થયાનું લાગે તો ફરિયાદ નોંધાવી શકશે.

આ સેલ ફરિયાદના આધારે સુનાવણી કરીને સેલ જે તે  સંસ્થાને ભલામણો કરે એ સ્વીકારવી ને તાત્કાલિક પગલાં લેવાં ફરજિયાત બનાવી દેવાયેલાં. ભલામણો ના માને તેની માન્યતા રદ કરી દેવાની  અથવા ગ્રાન્ટ રોકી દેવાની પણ સેલ પાસે સત્તા હતી. આ નિયમો હેઠળ ફરિયાદી વિદ્યાર્થી, ટીચિંગ સ્ટાફ, નોન ટીચિંગ સ્ટાફ કે સંસ્થા સાથે સંકળાયેલી કોઈ પણ વ્યક્તિ સામે ફરિયાદ કરી શકે. સૌથી વાહિયાત વાત એ કે, આ ફરિયાદ માટે કોઈ પુરાવા આપવાની જરૂર નથી ને ઈક્વોલ ઓપોર્ચ્યુનિટી સેલ (ઇઓસી)ને દમ લાગે તો જેની સામે ફરિયાદ થઈ છે તેની સામે એસસી-એસટી એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ કેસ પણ નોંધાઈ શકે છે. આ કલમો હેઠળ કેસ થાય એટલે બિનજામીનપાત્ર વોરંટ નિકળે તેથી આરોપીએ સીધા જેલભેગા થવું પડે.

બીજી  ખતરનાક વાત પાછી એ હતી કે, કોઈએ નોંધાવેલી ફરિયાદ ખોટી સાબિત થાય તો પણ તેને કોઈ સજા ના થાય કે કોઈ પગલાં ના લેવાય. મતલબ કે, દલિત, આદિવાસી કે ઓબીસી સમુદાય સિવાયના વિદ્યાર્થીઓ સાથે કોઈ ખોટી ફરિયાદ કરી દે તો પણ તેમનો કોઈ વાળ વાંકો ના કરી શકે. બંધારણની સમાનતાની જોગવાઈનો ધરાર ભંગ કરનારા આવા નિયમો રદ કરવા જરૂરી જ છે. માનો કે મોદી સરકાર અત્યારનો કપરો સમય કાઢવા માટે વાતને ટલ્લે ચડાવતી હોય તો તેમાં દેશનું ભલું નથી. સરકાર યુપી સહિતનાં રાજ્યોની ચૂંટણી પછી નવી બોટલમાં જૂનો દારૂ ભરવાનો ખેલ કરીને જૂના નિયમોને નવાં વાઘાં પહેરાવીને રજૂ કરશે તો પણ બબાલ થશે જ. અત્યારે કોઈ  નવા નિયમો નથી તેથી  શાંતિ છે પણ જેવા નવા નિયમો આવશે એવી મગજમારી પાછી શરૂ થશે. આ સ્થિતિ પેદા ના થાય એ માટે આખી વાતને અભરાઈ પર ચડાવી દેવામાં જ શાણપણ છે.

### કેશ આપવું ખોટું નથી, પરંતુ તે ગિફ્ટની જગ્યાએ માત્ર એક વ્યવહારિક વિકલ્પ બની રહે છે.

# આ રક્ષાબંધને તમે બહેનને શું ગિફ્ટ આપશો?

**• ગેજેટ્સ અને ઉપયોગી વસ્તુઓ: ગેજેટ્સ જેવી ઉપયોગી વસ્તુ આપો તો તેમને કામ પણ આવી શકે. જેમકે વાયરલેસ ઇયરબડ્સ અથવા પાવરબેન્ક.**

તહેવારો આવે ત્યારે આપણાં ઘરોમાં આનંદ અને ઉત્સાહની લહેર ફેલાઈ જાય છે. આવા પવિત્ર અને પ્રેમભર્યા અવસરે આપણે એકબીજાને ગિફ્ટ આપીને પોતાના પ્રેમ અને સ્નેહની અભિવ્યક્તિ કરતા હોઈએ છીએ. ગિફ્ટ માત્ર એક વસ્તુ નથી, પરંતુ તે આપણા હૃદયની ભાવનાનું પ્રતીક છે.

જોકે ગિફ્ટ પસંદ કરવાની કળામાં મહિલાઓ હંમેશાં આગળ રહે છે. તેઓ ખૂબ જ હોશિયાર અને સમજદાર હોય છે. તેમને ખબર હોય છે કે કઈ વ્યક્તિને કેવી ગિફ્ટ આપવી જોઈએ, કઈ વસ્તુ તેની પસંદગી સાથે મેળ ખાશે અને કઈ વસ્તુ તેને ખરેખર ખુશી આપશે. મહિલાઓ ગિફ્ટ પસંદ કરતી વખતે વ્યક્તિની જરૂરિયાત, તેની પસંદ-નાપસંદ અને તેના જીવનશૈલીને ધ્યાનમાં રાખે છે.

પરંતુ જ્યારે પુરુષોની વાત આવે છે ત્યારે પરિસ્થિતિ થોડી અલગ જોવા મળે છે. ઘણા પુરુષોમાં ગિફ્ટ પસંદ કરવાની સમજણ અને રસ ઓછો હોય છે. તેઓ વારંવાર મૂંઝવણમાં પડી જાય છે કે બહેનને શું આપવું જોઈએ. પરિણામે, મોટાભાગના ભાઈઓ રક્ષાબંધનના અવસરે પોતાની બહેનને માત્ર કેશ આપીને જ કામ પતાવી લે છે.

કેશ આપવું ખોટું નથી, પરંતુ તે ગિફ્ટની જગ્યાએ માત્ર એક વ્યવહારિક વિકલ્પ બની રહે છે. જો ભાઈઓને ખબર હોય કે બહેનને કેવી અને કઈ પ્રકારની ગિફ્ટ આપવી તો તેઓ ચોક્કસપણે વધુ વિચારપૂર્વક અને હૃદયથી ગિફ્ટ પસંદ કરતા હોય છે.

હવે રક્ષાબંધનનો પવિત્ર તહેવાર નજીક આવી રહ્યો છે. આ તહેવાર ભાઈ-બહેનના અતૂટ બંધનનું પ્રતીક છે. આવા અવસરે બહેનને માત્ર કેશ આપવાને બદલે કોઈ એવી ગિફ્ટ આપવી જોઈએ જે તેના હૃદયને સ્પર્શે અને તેને લાગે કે તેના ભાઈએ તેના માટે વિશેષ વિચાર કર્યો છે. તો ચાલો, આ રક્ષાબંધન પર તમે તમારી બહેનને કઈ પ્રકારની ગિફ્ટ આપી શકો તે વિશે વિગતવાર જાણીએ અને સમજીએ.પર્સનલાઇસ્ડ ગિફ્ટ-  પર્સનલાઇસ્ડ ગિફ્ટ એટલે કે કોઈ એવી ગિફ્ટ જેની પર તમારી બહેનનું નામ હોય અથવા તો આલ્ફાબેટ હોય જેમ કે, નામ સાથેનું પેન્ડન્ટ, કડી અથવા બ્રેસલેટ. બહેનના ફોટોવાળું કુશન, મગ અથવા ફ્રેમ કે પછી કસ્ટમાઇઝ્ડ કી-ચેન અથવા વોલેટ.

જ્વેલરી અને એક્સેસરીઝ- જ્વેલરી અને એક્સેસરીઝ બધી જ બહેનોને પસંદ હોય છે અથવા તો એમ કહી શકાય કે સૌથી વધારે ફેવરિટ હોય છે. જ્વેલરીમાં તમે  સોનું/સિલ્વરનું હળવું પૅન્ડન્ટ અથવા કાનની બુટ્ટી લઈ શકો. બ્રાન્ડેડ બૅગ, વૉચ અથવા સનગ્લાસ લઈ શકાય. ટ્રેન્ડી સ્કાર્ફ અથવા હેર એક્સેસરીઝ પણ આપી શકાય.

બ્યુટી અને સેલ્ફ-કેર: બ્યુટી અને સ્કીન કેરનું એક આખું  હેમ્પર બનાવી શકાય. જેમ કે, સારી સ્કિનકેર કિટ અથવા પરફ્યૂમ. જો તમારી બહેનને સ્પાનો શોખ હોય તો સ્પા વાઉચર અથવા મસાજ વાઉચર પણ ઍડ કરી શકાય. અને જો મેકઅપનો શોખ હોય તો તેને ગમતી બ્રાન્ડમાં મેકઅપ કિટ પણ આપી શકાય.

કપડાં: જો તમને કપડાં ગિફ્ટ આપવાં હોય તો સુંદર સાડી, કુર્તી સેટ અથવા વેસ્ટર્ન ટૉપ આપી શકાય. કમ્ફર્ટેબલ નાઇટવેર અથવા હુડી પણ આપી શકાય. ખાસ ધ્યાન એ રાખવું કે બિલ ચોક્કસ સાથે આપવું, જેથી કરીને જો તેને સૈજ કે પૅટર્ન ચેન્જ કરવી હોય તો તે કરી શકે.

ગૅજેટ્સ અને ઉપયોગી વસ્તુઓ: ગેજેટ્સ જેવી ઉપયોગી વસ્તુ આપો તો તેમને કામ પણ આવી શકે. જેમકે વાયરલેસ ઇયરબડ્સ અથવા પાવરબૅન્ક. જો તેમને સ્માર્ટ ગૅજેટ્સનો શોખ હોય તો સ્માર્ટવૉચ અથવા ફિટનેસ બૅન્ડ પણ આપી શકાય. જો તેમણે વાંચનનો શોખ હોય તો બુક રીડર (ઊંશક્ષમહય) અથવા ટેબ્લેટ સ્ટૅન્ડ પણ આપી શકાય.

ગિફ્ટ વાઉચર:- જો તેમને બહાર જવાનો અને ખાવાનો શોખ હોય તો મૂવી અથવા ડિનરનાં વાઉચર આપી શકો. અથવા તો વન-ડે ટ્રિપ કે ઓવર નાઇટ સ્ટેનાં વાઉચર પણ આપી શકો.

પરંપરાગત + મોડર્ન કૉમ્બિનેશન- એટલે કે મીઠાઈના બૉક્સ સાથે કવર આપવું કે પછી તેની સાથે કોઈ ગિફ્ટ આપવી.

બહેનની પસંદ અને જરૂરિયાત જાણી લેવી. જો તે વર્કિંગ હોય તો ઉપયોગી ગિફ્ટ આપી શકાય. જો ઘરમાં રહે તો કમ્ફર્ટ અને બ્યુટીવાળી વસ્તુઓ આપી શકાય. ફક્ત કેશ આપવાને બદલે નાની-મોટી વસ્તુ સાથે કેશ આપો તો વધુ સારું લાગે અને તેને પણ સ્પેશ્યલ ફિલ થાય.

### સંતાન પિતાની છાયામાંથી ત્યારે જ બહાર આવે છે જ્યારે તેને સમજાય છે

# ઝડપી લાગણી વિરુદ્ધ ધીમી સમજદારી

**મનોવિજ્ઞાનની ભાષામાં કહીએ તો બાળકની ઓળખનો એક મોટો ભાગ માતા-પિતાની સાથેની સરખામણીમાંથી બને છે.**

.વેદિકાએ ફોન હાથમાંથી લગભગ ફેંકી દીધો. સ્ક્રીન પર મીરાંનો છેલ્લો મેસેજ હતો. 'કાલે વાત કરીશું.' બસ,  ચાર શબ્દો, પણ સોળ વર્ષની વેદિકાના મનમાં એ ચાર શબ્દએ જાણે ઘમાસાણ મચાવી દીધેલું. છેલ્લા બે કલાકમાં એણે મીરાંના લગભગ બધા જૂના મેસેજ વાંચી નાખ્યા. ઇન્સ્ટા અને સ્નેપચૅટ પર ખાંખાખોળા કરી લીધા. એ ત્યાં ઍક્ટિવ હતી, વેદિકાએ જોયું. બસ, થઈ રહ્યું. આનો એક જ નિષ્કર્ષ નીકળતો હતો: 'મીરાં હવે મારી બેસ્ટ ફ્રેન્ડ રહેવા માગતી નથી.'

વેદિકાએ ગુસ્સામાં એક લાંબો મેસેજ લખ્યો. 'હવે તારે મારી સાથે ફ્રેન્ડશિપ રાખવી હોય તો રાખ, નહીં તો મને કોઈ ફરક પડતો નથી. એની આંગળી સેન્ડ બટન પર હતી. થોડી ક્ષણ માટે એ અટકી, પણ અંદરથી ઉઠેલા ગુસ્સાએ જેટ સ્પીડે નિર્ણય લઈ લીધો. બટન દબાય ગયું. મેસેજ મોકલાય ગયો. પાંચ મિનિટ. દસ મિનિટ. પંદર મિનિટ. સામેથી કોઈ જવાબ નહીં. હવે વેદિકાને પોતાની ઉતાવળ પર ગુસ્સો આવવા લાગ્યો, પણ મેસેજ પાછો ખેંચી શકાય તેમ નહોતો.

આ જ તો છે ટીનએજની કરમ કઠણાઈ. અહીં  લાગણીઓ બેકાબૂ બની દોડતી હોય છે અને સમજણ એની પાછળ ઢસડાતી ચાલે. જોકે એ રાત્રે વેદિકાને ખબર નહોતી કે આ માત્ર તેની મિત્રતા વિશેની વાત નહોતી. એના મગજમાં જ એક એવી પ્રક્રિયા ચાલી રહી હતી, જેને સમજવાથી કદાચ વેદિકા પોતાને પણ થોડી વધુ સમજવા લાગશે.

બીજા દિવસે સવારે મીરાં સ્કૂલમાં આવી ત્યારે તેના હાથમાં ફોન નહોતો. 'કાલે હું આખી રાત હૉસ્પિટલમાં હતી,' એણે ધીમેથી કહ્યું. 'મમ્મીને અચાનક હૉસ્પિટલ લઈ જવી પડેલી.'

વેદિકા અવાક્ રહી. એને પોતાના મોકલેલા મેસેજની યાદ આવી. એક જ ક્ષણમાં ગુસ્સો ક્ષોભમાં બદલાઈ ગયો. અને ક્ષોભ અફસોસમાં. એને સમજાયું કે પોતે જે જોયું હતું એ હકીકત નહોતી. એ તો એના મગજે આવેશમાં કાઢેલો ક્યાસ હતો.

એ દિવસે ઘરે આવીને વેદિકા અસામાન્ય રીતે શાંત હતી. પપ્પાએ કંઈ પૂછ્યું નહીં. એમણે માત્ર વેદિકા સામે મગજનું એક નાનું ચિત્ર દોર્યું. 'આપણા મગજમાં એક ભાગ છે. પ્રીફ્રન્ટલ કોર્ટેક્સ-ફ્રન્ટલ લોબનો આ આગળનો વિસ્તાર નિર્ણય લેવાની, આયોજન કરવાની, ધ્યાન રાખવાની, પરિણામો વિશે વિચારવાની અને તરત આવતાં ઈમ્પલ્સ પર નિયંત્રણ રાખવાની પ્રક્રિયામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.'

વેદિકા ચિત્ર તરફ જોતી રહી.  'અને આ બધું ટીનએજમાં?'

'હા, ટીનએજમાં મગજ હજી વિકાસશીલ હોય છે. આ ભાગ અને મગજના બીજા વિસ્તારો વચ્ચેનાં જોડાણો સમય સાથે વધુ મજબૂત અને સુવ્યવસ્થિત બનતાં જાય છે  એટલે ક્યારેક લાગણી બહુ તીવ્રતાથી અનુભવાય છે અને વિચાર કરવાની ક્ષમતા થોડી વાર પછી એની સાથે જોડાય છે.'

વેદિકા ધીમેથી બોલી:  'એટલે હું પહેલાં મેસેજ કરી નાખું છું અને પછી વિચારું છું?'

પપ્પા હસ્યા. : 'ક્યારેક.''તો હું બેજવાબદાર છું?' વેદિકાએ ફરી પ્રશ્ન કર્યો.'ના. મગજનો વિકાસ સમજવો એટલે જવાબદારીમાંથી છૂટવું નહીં. એ સમજવું કે તારે કઈ ક્ષણે થોભીને વિચારવાનું વધુ શીખવું છે.'

'વેદિકા પહેલી વાર પોતાના વર્તનને 'હું આવી જ છું' કહી સ્વીકારવાને બદલે એને સમજવાનો પ્રયાસ કરી રહી હતી.

થોડાં અઠવાડિયાં પછી ગણિતની પરીક્ષામાં એને સાંઇઠ માર્ક્સ મળ્યા. એની મિત્ર રિયાને પંચ્યાશી. વેદિકાને ફરી લાગ્યું. 'હું રિયા જેટલી હોશિયાર નથી.' ઘરે આવી એણે બૅગને રીતસર ફેંકી દીધી. પણ આ વખતે એણે તુરંત રડવાનું કે કોઈને જવાબ આપવાનું શરૂ ના કર્યું. એ બારી પાસે ઊભી રહી. જાતને પૂછ્યું,

'મને જે નિષ્ફળતા લાગી રહી છે એ ખરેખર સાચું છે?' થોડીવાર પછી ફરી વિચાર ઝબૂક્યો. 'ના. એના ત્રણ પ્રશ્નો ખોટા હતા, કારણ કે એણે ઉતાવળમાં વાંચ્યા હતા.'

એક દિવસ સ્કૂલમાંથી ઘરે આવતી વખતે રિયાએ કહ્યું, 'ચાલ, આજે ક્લાસ બંક કરીને કૅફે જઈએ.' વેદિકાને ખૂબ મન થયું. એક ક્ષણ માટે વિચાર આવ્યો. બધા જાય છે. હું જ કેમ નહીં? પણ પછી એને પપ્પાની વાત યાદ આવી: 'લાગણીને રોકવી એટલે તેને દબાવી દેવી નહીં. લાગણીને ઓળખીને પછી નિર્ણય લેવો.'

એ થોડીવાર ચૂપ રહી. પછી બોલી: આજે નહીં. શનિવારે જઈએ.' આ નિર્ણય એના માટે- મગજ માટેની એક નાની કસરત સમાન હતો, કારણ કે મગજ પણ અનુભવોથી જ શીખે છે. કયો નિર્ણય યોગ્ય હતો, ક્યાં ઉતાવળ થઈ, ક્યાં થોભવું જોઈએ અને ક્યાં પોતાની લાગણીને થોડી સંભાળવી જોઈએ. ટીનએજ એટલે માત્ર શરીરમાં થતા ફેરફારોની ઉંમર નહીં. આ એવી ઉંમર છે જ્યાં લાગણીઓ ઘણી વાર ખૂબ ઊંચા અવાજે બોલે છે અને વિચારવાની ક્ષમતા હજી પોતાનો અવાજ ધીરે ધીરે મજબૂત કરી રહી હોય છે.

ફ્રન્ટલ લોબનો વિકાસ એટલે કોઈ એક દિવસે અચાનક 'સમજદાર' બની જવું નહીં. મગજના વિવિધ ભાગો વચ્ચેના કનેક્શન અને નેટવર્ક લાંબા સમય સુધી વિકસતા રહે છે એટલે જ ટીનએજર્સ ક્યારેક અદ્ભુત પરિપક્વ નિર્ણય લઈ લે છે તો બીજી જ ક્ષણે એવી ઉતાવળ કરી બેસે છે કે આપણને પ્રશ્ન થાય કે આને આટલું પણ સમજાતું નથી?' પરંતુ કદાચ વાત સમજાતી નથી એટલી સરળ નથી. કદાચ તે ક્ષણે એની લાગણી સમજણ કરતાં આગળ દોડી ગઈ હોય. અને એટલે જ ટીનેજરને દરેક વખતે લાંબો ઉપદેશ આપવાને બદલે ક્યારેક એક નાનો વિરામ આપવો જરૂરી છે.

'થોભો અને ફરી વિચારો'નું સૂત્ર વેદિકાએ પણ શીખવાનું શરૂ કર્યું. એ બદલાઈ નહોતી. હજી ગુસ્સે થતી. હજી ક્યારેક ઉતાવળ કરતી. ભૂલો કરતી. પણ હવે એને પોતાની અંદર એક નાનકડું ક્રેજી મેંહ દેખાવા લાગ્યું હતું. બીજાઓ આપણને સમજવા લાગે એ પહેલાં, આપણે પોતાના દિમાગને સમજવાનું શરૂ કરીએ, કદાચ એ જ પરિપક્વ થવાની શરૂઆત હોતી હશે.



# યશ એક સમયે રોજના ? ૫૦ કમાતો અત્યારે બોલિવૂડની સૌથી મોંઘી ફિલ્મ સાથે આવી રહ્યો છે આ અભિનેતા

સાઉથની ફિલ્મોમાં અનેરી નામના ધરાવતા યશ અત્યારે ફૂલ ફોર્મમાં છે. આમ તો આજે દક્ષિણની અને હિન્દી ફિલ્મો વચ્ચેની ભેદરેખા હવે ઓછી થઈ ગઈ છે. યશ અત્યારે બોલિવૂડની સૌથી મોંઘી ફિલ્મ 'રામાયણ'માં રાવણની ભૂમિકા ભજવી રહ્યો છે અને આવતા શુક્રવારે તેની 'ટોક્સિક' ફિલ્મ રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મ અનેક ભાષામાં એક સાથે રિલીઝ થવાની છે.

'ટોક્સિક'માં યશ સાથે એક-બે નહીં, પણ પાંચ-પાંચ હીરોઈનો છે. આ બધી અભિનેત્રીઓની ભૂમિકા યશ જેટલી જ મહત્ત્વની છે. એક મહિલા ગીતુ મોહનદાસ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં કિયારા અડવાણી, નયનતારા, તારા સુતરિયા, રુક્મિણી વસંત અને હુમા કુરેશી છે. આ ફિલ્મની ટેગલાઈન આ ફિલ્મ વિશે ઘણું કહી જાય છે.'ટોક્સિકઃ એ ફેઅરી ટેલ ફોર ગ્રોન અપ્સ'.

ફિલ્મમાં યશ 'ડબલ રોલ'માં છે અને ફિલ્મને એના નામ પ્રમાણે જ 'એડલ્ટ'નું સર્ટિફિકેટ મળ્યું છે. આ ફિલ્મની રજૂઆત બે-ત્રણ વાર પાછી ઠેલાઈ છે અને હવે ૨૬ ઑગસ્ટે આ ફિલ્મ કન્નડ, હિન્દી અને અંગ્રેજી ભાષામાં રિલીઝ થઈ રહી છે.

ફિલ્મમાં કિયારા અડવાણીનાં દૃશ્યો સામે લોકોએ વાંધો ઉઠાવ્યો છે. આ સિવાય યશનાં અમુક ફાઈટ દૃશ્યો સામે ખ્રિસ્તી સમાજે વાંધો ઉઠાવ્યો છે. ફિલ્મમાં 'તબાહી' નામનું ગીત છે. તેમાં ભરપૂર અશ્લીલતા છે, એવા આરોપને નકારતા યશે તાજેતરમાં એક મુલાકાતમાં જણાવ્યું હતું કે આ ફિલ્મમાં દર્શાવાયેલાં દૃશ્યો ફિલ્મની વાર્તા અને પાત્રોના સ્વભાવ પર છે. આ ફિલ્મની દિગ્દર્શિકા એક મહિલા છે એટલે તેણે એ ધ્યાન રાખ્યું છે કે ફિલ્મમાં નક્કામી અશ્લીલતા ન દર્શાવવામાં આવે.

૮ જાન્યુઆરી ૧૯૮૬નાં કર્ણાટકમાં નવીનકુમાર ગોવડા તરીકે જન્મેલાં યશની ફિલ્મ કારકિર્દી ૨૦૦૭માં શરૂ થઈ છે. એ અગાઉ તેણે કેટલીક ટેલિવિઝન સિરિયલોમાં અભિનય કર્યો છે. તેણે મોટાભાગે કન્નડ ફિલ્મમાં અભિનય કર્યો છે. ૨૦૦૮માં આવેલી 'રોકી' ફિલ્મથી લોકો તેને ઓળખતા થયા છે. આ ફિલ્મે તેને નામ- દામ અપાવ્યા હતા. ૨૦૦૪થી ૨૦૦૭ સુધી તેણે ઈ-ટીવી કન્નડ માટે કેટલીક સિરિયલોમાં અભિનય કર્યો હતો.

૨૦૦૭થી ફિલ્મોમાં પ્રવેશ કર્યા પછી દર વર્ષે તેની ત્રણથી ચાર ફિલ્મો રિલીઝ થતી આવી છે. ૨૦૧૮માં પ્રશાંત નીલ દ્વારા દિગ્દર્શિત 'કે.જી.એફ. ચેપ્ટર વન'થી તે દુનિયાભરમાં અને ખાસ કરીને હિન્દી બેલ્ટમાં છવાઈ ગયો હતો. જોકે 'કે.જી.એફ. ચેપ્ટર વન' પછી તેણે પોતાની કામ કરવાની રીતમાં ફેરફાર કરી નાખ્યો છે. એક સમયે વર્ષમાં ચાર ફિલ્મ કરનારા યશ હવે ચાર વર્ષે માંડ એકાદ ફિલ્મમાં દેખાય છે. કે.જી.એફ. ચેપ્ટર વન-૨૦૧૮માં આવી હતી. ત્યાર પછી કે.જી.એફ. ચેપ્ટર-ટુ ચાર વર્ષે એટલે ૨૦૨૨માં આવી હતી. આ ફિલ્મમાં દક્ષિણના કલાકારોની સાથે જ બોલિવૂડના કલાકારો હતા. સંજય દત્ત, રવિના ટંડનની સાથે સાઉથના અનેક કલાકારોવાળી આ ફિલ્મને બોકસ ઑફિસ પર જબરદસ્ત સફળતા મળી હતી. ત્યાર પછી ફરી ચાર વર્ષે યશની 'ટોક્સિક' ફિલ્મ આવી રહી છે. જોકે યશની અત્યાર સુધીની આ બધી જ ફિલ્મો કન્નડ ભાષાની છે. 'કે.જી.એફ.'ના બે ભાગ હિન્દીમાં પણ રજૂ થયા હતા. ત્યારથી જ તેને રાષ્ટ્રીય સ્તરે સફળતા મળી છે.

યશે પહેલી જ વાર બોલિવૂડની કહી શકાય એવી ફિલ્મ 'રામાયણ' સાઈન કરી છે. ફિલ્મમાં રણબીર કપૂર, સન્ની દેઓલ, રવિ દુબે, અનુપમ ખેર, વિવેક ઓબેરોય, અરુણ ગોવિલ, લારા દત્તાની સાથે દક્ષિણની અભિનેત્રીઓ સાઈ પલ્લવી, કાજલ અગરવાલ અને રાકુલ પ્રીત સિંહ છે. લગભગ ૪,૦૦૦ કરોડના ખર્ચે બે ભાગમાં બનનારી આ ફિલ્મના દિગ્દર્શક નિતેન તિવારી છે અને નિર્માતા તરીકે નમિત મલહોત્રા અને યશ છે.

આ ફિલ્મ સાથે સંકળાયા પછી યશે 'રામાયણ'ના આટલા મોટા બજેટ વિશે જણાવ્યું હતું કે હોલિવૂડની ફિલ્મો પોતાના પ્રચાર માટે ખૂબ જ મોટું ભંડોળ ફાળવે છે અને વિશ્વભરમાં તે રિલીઝ કરવામાં આવે છે. એ જ રીતે 'રામાયણ'નું પણ આયોજન કરવામાં આવ્યું છે. 'રામાયણ'નો પહેલો ભાગ આ વર્ષે દિવાળીની આસપાસ રજૂ થશે અને બીજો ભાગ આવતા વર્ષે એટલે ૨૦૨૭માં દિવાળી દરમિયાન રજૂ કરવાની યોજના ઘડવામાં આવી છે.

આમ, યશની આ વર્ષે બે ફિલ્મ રજૂ થશે એક 'ટોક્સિક' અને બીજી 'રામાયણ.' બંને ફિલ્મમાં યશની ભૂમિકા એકદમ અલગ છે.

યશના જન્મ પછી બે નામ પાડવામાં આવ્યા હતા, જેમાં નવીન અને યશવંતનો સમાવેશ થાય છે. પોતાની અભિનેતા તરીકે કારકિર્દી શરૂ કરતાં અગાઉ જ અનેક લોકોએ તેને નામ બદલવાની શીખામણ આપી હતી. તેનાં પગલે તેણે યશ નામ પસંદ કર્યું હતું.

યશના પિતા અરુણકુમાર કર્ણાટક સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (કેએસઆરટીસી) અને પછી બેંગલોર મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસના ડ્રાઈવર તરીકે એમને રોજના રૂ. ૧૪ મળતા હતા. યશને નાનપણથી જ અભિનયમાં રસ હતો. યશના કુટુંબનો એક સ્ટોર હતો, તેમાં તે ઘણી વાર બેસતો હતો, પણ તેને શાળા છોડી અભિનયમાં જ જવું હતું. યશના પિતા એમ ઈચ્છતા હતા કે તે સરકારી નોકરી કરે. ૨૦૦૩માં યશને એક ફિલ્મમાં સહાયક દિગ્દર્શક તરીકેની ઓફર આવી, ત્યારે યશના પિતાએ તેની સામે શરત મૂકી હતી કે જો કોઈ કારણસર તે બેંગલોરથી પાછો આવશે તો તેને ફરી જવા દેવામાં નહીં આવે.

યશ એ વાતે કબૂલ થયો, પણ બદ્‌નસીબે બે દિવસના શૂટિંગ પછી એ ફિલ્મ અભેરાઈએ ચડાવી દેવામાં આવી. યશ પાસે ત્યારે માત્ર રૂ. ૩૦૦ હતા, પણ તે પાછો જવા માગતો નહોતો એટલે તેણે થિયેટર ગ્રૂપ જૉઈન્ટ કર્યું. બી. વી. કારંથના તેણે બેકસ્ટેજ પર કામ કર્યું અને તે સમયે તેને દિવસના રૂ. ૫૦ મળતા હતા. ૨૦૦૪થી યશને અભિનય કરવાની તક મળી. તે સમયે તે 'બેકઅપ આર્ટિસ્ટ' એટલે કે કોઈ કલાકાર આવ્યો ન હોય તો એની જગ્યાએ કામ કરવા લાગ્યો અને પહેલી જ વાર તેને બલરામની ભૂમિકા મળી અને ૨૦૦૫માં તેને ટેલિવિઝન સિરિયલમાં કામ કરવાની તક મળી. બસ તે દિ પછી યશને હવે પાછળ ફરીને જોવાની ફુરસદ નથી.

એક સમયે દરરોજના ૫૦ રૂપિયા મેળવતો આ કલાકાર અત્યારે ભારતની સૌથી મોંઘી ફિલ્મનો નિર્માતા છે અને તે ફિલ્મમાં અભિનય પણ કરી રહ્યો છે.

# ગોવિંદા કરશે બીજા લગ્ન કે શું? અભિનેતાના મેનેજરે કરવી પડી સ્પષ્ટતા





મુંબઈઃબોલિવૂડના જાણીતા અભિનેતા [illegible] અને તેમની પત્ની સુનીતા આહુજાના સંબંધોને લઈને છેલ્લા કેટલાક સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. બંને વચ્ચેના મતભેદો અને એકબીજા સામેના નિવેદનો બાદ હવે વધુ એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. સુનીતા આહુજાએ કથિત રીતે દાવો કર્યો છે કે ગોવિંદા બીજી વખત લગ્ન કરવાની તૈયારી કરી રહ્યા છે. જોકે, ગોવિંદાના મેનેજરે આ દાવાને સંપૂર્ણપણે ફગાવી દીધો છે.

તાજેતરમાં ગોવિંદા અને કોમલ રાની સ્વર્ણકાર સાથે જોવા મળ્યા બાદ બંનેના સંબંધોને લઈને સોશિયલ મીડિયા પર અનેક અટકળો શરૂ થઈ હતી. આ મામલે સુનીતા આહુજાએ ગોવિંદા પર નિશાન સાધતા રાની સ્વર્ણકારને લઈને પણ નિવેદન આપ્યું હતું અને ગોવિંદાને તેમનો 'શુગર ડેડી' ગણાવ્યો હતો.

સુનીતાના આ નિવેદન બાદ ગોવિંદાએ પણ પોતાની વાત જાહેરમાં રજૂ કરી હતી. હવે સુનીતા અને [illegible] વચ્ચેની એક ફોન કોલનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વાતચીત દરમિયાન સુનીતા ગોવિંદા અને રાની સ્વર્ણકારના લગ્નની તૈયારી ચાલી રહી હોવાનો દાવો કરતી સંભળાય છે.

સુનીતાના આ દાવા બાદ ગોવિંદાના મેનેજરે સ્પષ્ટતા કરી હતી કે ગોવિંદાના બીજા લગ્ન થવાના નથી. મેનેજરે કહ્યું કે તેમને આ વાત પહેલીવાર સાંભળવા મળી છે અને આવું કંઈ નથી તેમજ આવું થવાનું પણ નથી.મેનેજરના જણાવ્યા મુજબ, ગોવિંદા અને સુનીતા બંને પરિપક્વ વ્યક્તિઓ છે. તેમણે એવો પણ દાવો કર્યો કે ગોવિંદાએ ક્યારેય સુનીતા વિરુદ્ધ જાહેરમાં કંઈ કહ્યું નથી, જ્યારે સુનીતા ઘરની વાતો બહાર કરી રહી છે.ગોવિંદાના મેનેજરે વધુમાં જણાવ્યું કે ગોવિંદા અને સુનીતા બંને પોતાના બાળકોનું ભલું ઈચ્છે છે. તેમના કહેવા પ્રમાણે, હાલમાં જે કંઈ ચાલી રહ્યું છે તેની નકારાત્મક અસર તેમના બાળકો પર પણ પડી રહી છે.મેનેજરે આશા વ્યક્ત કરી કે આવનારા સમયમાં ગોવિંદા અને સુનીતા વચ્ચેની સ્થિતિ સુધરી શકે છે. તેમણે કહ્યું કે બંને પોતાના બાળકો માટે સારું જ ઈચ્છે છે અને ટૂંક સમયમાં પરિસ્થિતિ સામાન્ય થઈ શકે છે.આ સમગ્ર મામલાની વચ્ચે સુનીતા આહુજાને થોડા દિવસ પહેલાં તેમના પુત્ર યશ સાથે ફેમિલી કોર્ટની બહાર જોવા મળી હતી. ત્યારબાદ એવી માહિતી સામે આવી હતી કે તેઓ છૂટાછેડાનો કેસ પાછો ખેંચવા માટે કોર્ટમાં પહોંચ્યા હતા.આ પછી રાખી સાવંતનો એક વીડિયો સામે આવ્યો, જેમાં તે સુનીતા સાથે ફોન પર વાત કરતી જોવા મળી હતી. આ વાતચીત દરમિયાન સુનીતાએ કથિત રીતે જણાવ્યું કે તેમણે છૂટાછેડાનો કેસ પાછો ખેંચી લીધો છે, કારણ કે ગોવિંદા અને રાની લગ્નની તૈયારી કરી રહ્યા છે.વાયરલ થયેલી આ ફોન વાતચીતમાં રાખી સાવંત સુનીતાને સપોર્ટ કરતી જોવા મળી હતી. સુનીતાએ રાખીને તેમના સમર્થનમાં ઊભા રહેવાની અપીલ કરી હતી અને કહ્યું હતું કે તેમને તેમની આખી વાતની જાણ છે.આ સમગ્ર વાતચીત રાખી સાવંતે પાપારાઝીઓની સામે કરી હતી, જેના કારણે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે અને ગોવિંદા-સુનીતાના સંબંધોને લઈને ફરી એકવાર ચર્ચા ગરમાઈ છે.સુનીતાના દાવા અને વાયરલ ફોન કોલ બાદ ગોવિંદાના બીજા લગ્નની ચર્ચાએ જોર પકડ્યું હતું. જોકે, ગોવિંદાના મેનેજરે સ્પષ્ટ શબ્દોમાં આ વાતને નકારી છે. તેથી હાલમાં ગોવિંદા બીજા લગ્ન કરવા જઈ રહ્યા હોવાની ચર્ચા પર પુર્ણવિરામ મુકાઈ ગયું છે.


# ઝિંદગી અબ જરૂર 'મિલેગી' દોબારા!



કેટલીક ફિલ્મો એવી હોય છે કે એની સિક્વલની ઉતાવળ ફિલ્મના મેકર્સ કરતાં દર્શકોને વધારે હોય! 'ઝિંદગી ના મિલેગી દોબારા' પણ એવી જ ફિલ્મ છે. ૨૦૧૧માં આવેલી આ ફિલ્મને આજે પંદર વર્ષ થઈ ગયાં, છતાં અર્જુન, કબીર અને ઈમરાનની દોસ્તી માટે દર્શકોનો પ્રેમ જરાય ઓછો થયો નથી. હવે આ ફિલ્મનાં ફેન્સ માટે એક સારા સમાચાર છે કે ઝોયા અખ્તરે ફિલ્મની સિક્વલ પર કામ ચાલી રહ્યું હોવાનું કન્ફર્મ કર્યું છે.

હવે આ સમાચાર સાંભળીને સૌથી પહેલાં તો હૃતિક રોશન, ફરહાન અખ્તર અને અભય દેઓલને તેમના રીએક્શન માટે સોશ્યલ મીડિયામાં શોધવાનું શરૂ કરશો નહીં! કારણ કે ફિલ્મ બનશે ત્યારે જ તેની સ્ટાર કાસ્ટની સત્તાવાર જાહેરાત થશે. ઝોયાએ અગાઉ પણ કહ્યું હતું કે સિક્વલ માત્ર એટલા માટે ન બનવી જોઈએ કે પહેલી ફિલ્મ હિટ થઈ હતી. નવી ફિલ્મ માટે એવી વાર્તા હોવી જોઈએ જે આ ત્રણેય પાત્રને યોગ્ય રીતે આગળ લઈ જાય.જોકે ૨૦૨૫માં ત્રણેય કલાકારો એક જાહેરાતમાં ફરી સાથે દેખાયા ત્યારે ચાહકો એટલા ખુશ થઈ ગયા હતા કે તેમને લાગ્યું, 'લ્યો, આવી ગઈ 'ઝિંદગી ના મિલેગી દોબારા ૨!' પછી ખબર પડી કે એ તો જાહેરાત હતી અને ચાહકોનો ઉત્સાહ સીધો નિરાશામાં ફેરવાઈ ગયો હતો.હવે સાચે જ સિક્વલ બનવાની તૈયારી છે એટલે ચાહકોને એટલું જ કહેવાનું આ વખતે જાહેરાત આવે ત્યારે પહેલાં ઘોષણા છે કે એડ, એ ચકાસી લેજો!

# ૫૩ વર્ષના અર્જુન રામપાલે આખરે ફરી કર્યા લગ્નઃ બે દીકરાના જન્મ પછી લીધો નિર્ણય



બોલીવુડ અભિનેતા અર્જુન રામપાલે ૫૩ વર્ષની ઉંમરે પોતાની લોન્ગ ટાઈમ પાર્ટનર અને સાઉથ આફ્રિકન મોડલ ગેબ્રિએલા ડેમેટ્રિયાડેસ સાથે ગોવામાં કાયદેસર રીતે લગ્ન કરી લીધા છે. અભિનેતાએ પોતાની લોન્ગ ટાઈમ પાર્ટનર અને મોડલ-ફેશન ડિઝાઈનર ગેબ્રિએલા ડેમેટ્રિયાડેસ સાથે લગ્ન કરી લીધા છે. બંનેએ ગોવાની સબ-રજિસ્ટ્રાર ઓફિસમાં પોતાના લગ્ન નોંધાવ્યા હતા. લગ્નની કાયદેસર ઔપચારિકતા પૂર્ણ થયા બાદ અર્જુન અને ગૅબ્રિએલા અધિકૃત રીતે પતિ-પત્ની બની ચુક્યા છે.

અર્જુન રામપાલ અને ગેબ્રિએલા ડેમેટ્રિયાડેસ વર્ષ ૨૦૧૮થી એકબીજા સાથે સંબંધમાં છે. બંનેએ પોતાના સંબંધને જાહેરમાં સ્વીકાર્યો છે. સમય જતા બંને વચ્ચેનો સબંધ અત્યંત ગાઢ બની ગયો અને બંનેએ મળીને ફેમિલી શરૂ કરવાનું નક્કી કર્યું હતું. હવે લગ્ન કરીને તેમણે તેમના જીવનની નવી શરૂઆત કરી છે. બે દીકરાના માતાપિતા છે અર્જુન અને ગૅબ્રિએલા લગ્ન પહેલા બંને સાથે રહેવાનું શરુ કર્યું હતું અને બંનેને બે સુંદર દીકરા છે. તેમના મોટા દીકરા એરિકનો જન્મ ૨૦૧૯માં થયો હતો. જયારે નાના દીકરા આરવનો જન્મ ૨૦૨૩માં થયો હતો. બંને ઘણીવાર પોતાના બાળકો સાથે દેખાય છે. ફેમિલી લાઈફની ઝલક તેઓ સોશિયલ મીડિયા પર શેર કરતા રહે છે. ગેબ્રિએલા એક સાઉથ આફ્રિકન મોડલ અને ફેશન ડિઝાઈનર છે. તે પોતાના ક્રિએટિવ કરિયર સાથે પોતાના મધરહૂડને પણ બેલેન્સ કરે છે. રિયા ચક્રવર્તીના પોડકાસ્ટ પર ખુલ્યું હતું સગાઈનું રહસ્ય રસપ્રદ વાત તો એ છે કે લગ્ન પહેલા અર્જુને પોતે સગાઈનું રહસ્ય ખોલ્યું હતું. રિયા ચક્રવર્તીના પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન અર્જુન અને ગેબ્રિએલા સાથે આવ્યા હતા. પોડકાસ્ટના ટ્રેલરમાં બંનેની વાતચીતે બધાનું ખૂબ ધ્યાન ખેંચ્યું હતું. વાતચીત દરમિયાન ગેબ્રિએલાએ પ્રેમ અને સબંધ પર પોતાનું મંતવ્ય આપ્યું હતું. તેણે કહ્યું કે પ્રેમ ઘણીવાર શરતો સાથે આવે છે. જો સામેવાળું કોઈ ખાસ રીતે વ્યવહાર કરે તો આપણને તેનું અપ્રુવલ કે પ્રેમ મળે છે, પરંતુ જયારે બાળકની વાત આવે ત્યારે વસ્તુઓ બદલાય જતી હોય છે. તે સમયે અર્જુને ગેબ્રિએલા સાથે પોતાના સંબંધને લઈને મજાકિયા અંદાજમાં કહ્યું કે તે તેની પાછળ એટલા માટે ગયો હતો કે તે તેને ઘણી હોટ લાગી હતી. જો કે ત્યાર બાદ તેને અનુભવ થયો કે ફક્ત સુંદરતા સુધી વાત સીમિત નથી પરંતુ સંબંધમાં બીજી ઘણી એવી બાબતો છે જે મહત્વની છે. ત્યારબાદ જયારે ગેબ્રિએલાએ કહ્યું કે બંને હજી પરિણીત નથી અને આગળ શું થશે, તે કોણ જાણે છે, ત્યારે અર્જુને મોટો ખુલાસો કરતા કહ્યું કે અમે સગાઈ કરી ચુક્યા છીએ. અર્જુનની આ વાત પર રિયા ચક્રવર્તી પણ ચોકી ઉઠી હતી. પહેલા લગ્ન મેહર જેસિયા સાથે થયા હતા અર્જુન રામપાલના આ પહેલા લગ્ન નથી. આ પહેલા તેણે પૂર્વ સુપર મોડલ અને બિઝનેસવુમન મેહર જેસિયા સાથે લગ્ન કર્યા હતા. બંને વર્ષ ૧૯૯૮માં લગ્નના બંધનમાં બંધાયા હતા. આ લગ્નથી તેમને બે દીકરીઓ માહીકા અને માયરા છે. ઘણા વર્ષો સાથે રહ્યા બાદ અર્જુન અને મેહરે વર્ષ ૨૦૧૮માં અલગ થવાનો નિર્ણય લીધો હતો. ૨૦૧૯માં બંને એ કાયદેસરરીતે છૂટાછેડા લઇ લીધા હતા. જો કે સબંધ પૂરો થયા બાદ પણ અર્જુન અને મેહર પોતાની દીકરીઓના માતા-પિતાની જવાબદારી મળીને નિભાવે છે.



# લલિત મોદી 'ધ રિયલ બિગ બોસ'!

સલમાન ખાનના મોસ્ટ અવેટેડ શો 'બિગ બૉસ ૨૦'નું કાઉન્ટડાઉન શરૂ થતાં જ અફવાઓનું બજાર ચોમાસામાં વેચાતાં ભજીયાં જેવું ગરમ થઈ ગયું છે. સોશ્યલ મીડિયા પર અચાનક એવા 'બ્રેકિંગ ન્યૂઝ' ફરતા થયા કે આઈપીએલના જનક અને લંડનવાસી લલિત મોદી હવે બિગ બૉસના ઘરમાં 'વાઈલ્ડ કાર્ડ' બનીને કચરા-પોતાં અને રસોડાની ડ્યુટી સંભાળતા જોવા મળશે!

લોકો તો મનોમન સલમાન અને લલિતભાઈના 'વીકેન્ડ કા વાર'નાં સપનાં પણ જોવા મા?યા હતા, પરંતુ આ વાત લલિત મોદી સુધી પહોંચતાં જ તેમણે મોટો બૉમ્બ ફોડ્યો. લલિત મોદીએ સોશ્યલ મીડિયા 'ઠ' પર રોષે ભરાઈને લખ્યું: ફેક ન્યૂઝ! મને કોઈએ એપ્રોચ કર્યો નથી, મારો આવો કોઈ ઈરાદો પણ નથી. આજકાલ કોઈને પૂછ્યા વગર જ ન્યૂઝ બની જાય છે!

જોકે વાત અહીં જ પૂરી ન થઈ. મની માઈન્ડેડ લલિતબાબુએ તો આ ફેક ન્યૂઝ ફેલાવનારાઓ અને સોશ્યલ મીડિયા એકાઉન્ટ્સ પર પોતાના વકીલો મારફત કાયદેસરની લીગલ નોટિસ જ ફટકારી દીધી!

ખેર, લલિત મોદી લંડનમાં બેસીને આલીશાન જિંદગી માણે છે ત્યારે એ બિગ બૉસના ઘરમાં એક-એક ઈંડા અને ટામેટાં માટે લડવા થોડા આવવાના હતા? અફવા ફેલાવનારાઓને લલિતભાઈએ ચોખ્ખી ચેતવણી આપી દીધી છે કે હવે પછી એમના વિશે કંઈ પણ છાપતાં પહેલાં ખરેખરો 'બિગ બૉસ' કોણ છે એ ૧૦૦ વાર વિચારજો!

# મિચેલ સ્ટોર્કના વાવાઝોડા સામે બાંગ્લાદેશ માત્ર ૬૪ રનમાં ઓલઆઉટ

## ૨૨ બોલમાં અડધી ટીમ પેવેલિયન ભેગી : ઓસ્ટ્રેલિયાએ પહેલી ટેસ્ટમાં મળેલી હારનો બદલો લીધો ; સ્ટોર્કની ૬ વિકેટ અને બોલરોના સંયુક્ત આક્રમણે બાંગ્લાદેશી બેટિંગ લાઇન-અપની કમર તોડી





બાંગ્લાદેશ સામેની શ્રેણીની પ્રથમ ટેસ્ટમાં હારનો સ્વાદ ચાખ્યા બાદ ઓસ્ટ્રેલિયાએ બીજી ટેસ્ટમાં રમતમાં જોરદાર વાપસી કરી છે. ઓસ્ટ્રેલિયા અને બાંગ્લાદેશ વચ્ચે મેકેના ગ્રેટ બેરિયર રીફ એરેના ખાતે શ્રેણીની બીજી ટેસ્ટ રમાઈ રહી છે.

ડાર્વિનમાં રમાયેલી પહેલી ટેસ્ટમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય ઓસ્ટ્રેલિયાને ભારે પડ્યો હતો અને યજમાન ટીમ ૯ વિકેટે મેચ હારી ગઈ હતી. પરંતુ બીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ કોઈ ભૂલ કર્યા વગર પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો અને આક્રમક બોલિંગના જોરે બાંગ્લાદેશને પહેલી ઈનિંગ્સમાં માત્ર ૩૪ ઓવરમાં ૬૪ રન પર જ ઓલઆઉટ કરી દીધું.

એક સમયે બાંગ્લાદેશ પર ટેસ્ટ ઈતિહાસનાં પોતાનાં સૌથી ઓછા સ્કોર પર ઓલઆઉટ થવાનું જોખમ તોળાઈ રહ્યું હતું, પરંતુ આખરી જોડીએ ટીમની લાજ બચાવી હતી. ૬૪ રન એ બાંગ્લાદેશનો ટેસ્ટ ઈતિહાસમાં ચોથો સૌથી નાનો સ્કોર છે આ પહેલાં ૨૦૧૮માં વેસ્ટઈન્ડીઝ સામે ટીમ ૪૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ગ્રેટ બેરિયર રીફ એરેનાની પીચ પરથી મદદ મળતાં જ મિચેલ સ્ટોર્કને રમવો બાંગ્લાદેશના બેટ્સમેનો માટે અશક્ય બની ગયો હતો. સ્ટોર્કે મેચના પહેલા જ બોલે શાદમાન ઈસ્લામનો શિકાર કર્યો. બોલ મોડેથી સ્વિંગ થઈને બેટ્સમેનની કિનારી લઈ કેમરૂન ગ્રીનના હાથમાં ગયો. ટેસ્ટ ઈતિહાસમાં સ્ટોર્કે મેચના પ્રથમ બોલે જ વિકેટ ઝડપી હોય તેવી આ ચોથી ઘટના છે.

આ તો માત્ર શરૂઆત હતી. સ્ટોર્કે તેની બીજી ઓવરના પ્રથમ બોલે તન્ઝિદ હસન તમીમને આઉટ કરીને બંને ઓપનરોને ખાતું પણ ખોલવા દીધું નહોતું. તેના પછીના જ બોલે તેણે નજમુલ હુસૈન શાંતોને આઉટ કર્યો, જેનાથી ૧૪ બોલમાં બાંગ્લાદેશની ૩ વિકેટો પડી ગઈ.

ત્યારબાદ પોતાની ત્રીજી ઓવરમાં મોમિનુલ અને ચોથી ઓવરમાં લિટન દાસને પેવેલિયન ભેગા કરીને સ્ટોર્કે માત્ર ૨૨ બોલમાં (પોતાના પ્રથમ સ્પેલના ૨૪ બોલમાં) બાંગ્લાદેશની અડધી ટીમને આઉટ કરી દીધી હતી. બાંગ્લાદેશે માત્ર ૧૨ રનના સ્કોર પર ૫ વિકેટ ગુમાવી દીધી હતી.આ શાનદાર પ્રદર્શન અને ફાઈવ-વિકેટ હોલ (ફાઈફર) સાથે મિચેલ સ્ટોર્કે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાનાં મામલે દક્ષિણ આફ્રિકાના પૂર્વ ઝડપી બોલર ડેલ સ્ટેનને પાછળ છોડી દીધા છે. ડેલ સ્ટેનને ૯૩ મેચોની ૧૭૧ ઈનિંગ્સમાં ૪૩૯ વિકેટ લીધી હતી જ્યારે મિચેલ સ્ટોર્ક ૧૦૭ મેચોની ૨૦૫ ઈનિંગ્સમાં ૪૪૦ વિકેટ ઝડપી છે, ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ મુથૈયા મુરલીધરન (૮૦૦ વિકેટ)ના નામે છે, જ્યારે ફાસ્ટ બોલરોમાં જેમ્પ્સ એન્ડરસન (૭૦૪ વિકેટ) મોખરે છે.

# હેડિંગલીમાં પાકિસ્તાનની કારમી હાર : બંને ઇનિંગ્સમાં ૦ રને પહેલી વિકેટ ગુમાવી બનાવ્યો શરમજનક રેકોર્ડ

## ઇંગ્લેન્ડે પ્રથમ ટેસ્ટમાં પાકિસ્તાનને ઇનિંગ્સ અને ૧૦૩ રને હરાવ્યું ; રોબિન્સન અને ટંગે ૮-૮ વિકેટ ઝડપી

ઈંગ્લેન્ડ સામે હેડિંગલી ટેસ્ટમાં પાકિસ્તાની ટીમનો ધબડકો થયો છે. મેચની બંને ઈનિંગ્સમાં ટીમનું ખાતું ખૂલ્યા પહેલા જ ૦ રને પ્રથમ વિકેટ પડી ગઈ હતી. પહેલી ઈનિંગ્સમાં અઝાન અવેશ અને બીજી ઈનિંગ્સમાં ઈમામ-ઉલ-હક ખાતું ખોલાવ્યા વિના પેવેલિયન ભેગા થયા હતા. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં પાકિસ્તાન આવી શરમજનક ઘટનાનો સામનો ૭મી વખત કરી રહ્યું છે. ૪૭૨ ટેસ્ટ રમ્યાં બાદ આ રેકોર્ડ બનાવનારી પાકિસ્તાન વિશ્વની પહેલી ટીમ બની ગઈ છે.

ઈંગ્લેન્ડે આ મેચ માત્ર ત્રણ જ દિવસમાં ઈનિંગ્સ અને ૧૦૩ રને પોતાના નામે કરી લીધી હતી. પ્રથમ ઈનિંગ્સમાં ઈંગ્લેન્ડે ૪૦૯ રન બનાવ્યાં હતા, જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ બીજી ઈનિંગ્સમાં માત્ર ૧૩૫ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી.

ફરી એકવાર કેપ્ટન તરીકે પુનરાગમન કરી રહેલાં જો રૂટ માટે આ જીત ખૂબ જ યાદગાર બની રહી છે. આ સાથે જ ૩ મેચોની ટેસ્ટ શ્રેણીમાં ઈંગ્લેન્ડે ૧-૦થી સરસાઈ મેળવી લીધી છે.



# આવતીકાલે ભારત અને શ્રીલંકા વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી અને અંતિમ ટેસ્ટ : ભારત માટે અત્યંત મહત્વની ટેસ્ટ

## કોલંબોમાં ભારતે ૯ ટેસ્ટ મેચો રમી છે ૩માં વિજય પ્રાપ્ત કર્યો છે, બે ટેસ્ટ ગુમાવી છે, ૪ ટેસ્ટ ડ્રો થઇ છે

શ્રીલંકાએ ૧૯૯૭માં ૯૫૨ રનનો વિશાલ ટીમ જુમલો ભારત સામે બનાવ્યો હતો, જયસુર્યા ૩૪૦ અને મહાનામા એ ૨૨૫ રન સાથે ૫૭૬ રનની બીજી વિકેટની ભાગીદારી નોંધાવી હતી



ભારત અને શ્રીલંકા વચ્ચે આવતીકાલથી કોલંબોમાં ટેસ્ટ શ્રેણીની બીજી ટેસ્ટ મેચનો શુભારંભ થવા જઈ રહ્યો છે. ભારતે શ્રીલંકા સામે રમાયેલ ગાલે ખાતેની પ્રથમ ટેસ્ટ મેચમાં ૧૬૫ રને શાનદાર વિજય પ્રાપ્ત કરીને શ્રેણીમાં ૧-૦થી આગળ રહેલા ભારત માટે હવે કોલંબો ખાતેની ૨જી ટેસ્ટ મેચ જીતીને ૨-૦થી શ્રેણી જીતવાનો પ્રયાસ રહેશે.

શુભમન ગિલનાં નેતૃત્વમાં ભારતીય ટીમે ભારતીય ટેસ્ટ ઈતિહાસની ૬૦૦મી ટેસ્ટ જીતીને યાદગાર બનાવી હતી. માનવ સુથારે એક સફળ સ્પીનર તરીકે ટેસ્ટના બીજા દાવમાં ૫૫ રનમાં ૬ વિકેટ તથા પ્રથમ દાવમાં ૭૬ રનમાં ૪ વિકેટ ઝડપાવાતી સાથે ટેસ્ટમાં કુલ ૧૦ વિકેટો ઝડપવાનો કીર્તિમાન નોંધાવ્યો હતો.

માનવ સુથાર માટે ગાલે ટેસ્ટ એ કારકીર્દીની બીજી ટેસ્ટ હતી. બીજી વખત ઈનિંગ્ઝમાં ૬ વિકેટ ઝડપી હતી. ટેસ્ટના પ્રથમ દાવમાં પાડીકલ્લે ૧૬૭ રનની શતકીય ઈનિંગ્ઝ રમી હતી તેણે પ્રથમ દાવમાં ૧૬૭ તથા બીજા દાવમાં ૪૪ રનની ઈનિંગ્ઝ રમીને 'મેન ઓફ ધ મેચ'નો ખિતાબ જીત્યો હતો.

ભારતે ગાલે ખાતે ૬૦૦મી ટેસ્ટ રમીને ભારતીય ક્રિકેટ ઈતિહાસની ૩૦૦મી, ૪૦૦મી અને ૫૦૦મી ટેસ્ટ સાથે હવે ૬૦૦મી ટેસ્ટ પણ જીતી હતી. ભારતીય ટીમ ૨૦૧૫માં શ્રીલંકા સામે ટેસ્ટ હાર્યુ હતું જે પછી આ ૧૧મી ટેસ્ટમાં ભારતનો ૯મો વિજય નોંધાયો હતો.

ભારત તરફથી ૨૦૦૮માં હરભજનસિંઘ તથા ૨૦૧૫માં આર.અશ્વિને ગાલે ટેસ્ટમાં સુથારની માફક ટેસ્ટમાં ૧૦-૧૦ વિકેટો ઝડપવાનો માઈલ સ્ટોન પ્રાપ્ત કર્યો હતો. ભારત માટે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપનાં પોઈન્ટસ ટેબલમાં પાંચમા સ્થાને છે. ભારતે અત્યાર સુધી રમેલી ૧૦ ટેસ્ટ મેચોમાંથી ચાર ટેસ્ટ મેચ ગુમાવી ચુયું છે. અને હવે ગીલ એન્ડ કંપની એ બાકી રહેતી ટેસ્ટ મેચોમાં કોઈ પણ ભોગે વિજય હાંસલ કરવાનો છે.

શ્રીલંકા સામેની ૨ ટેસ્ટ મેચોની શ્રેણી સમાપ્ત થયા બાદ નવેમ્બરમાં ભારત ન્યુઝીલેન્ડની ધરતી પર પણ ૨ ટેસ્ટ રમશે. ન્યુઝીલેન્ડ બાદ ભારતે ઓસ્ટ્રેલિયા સામે ૫ ટેસ્ટ રમવાની છે.

ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચવા ભારત માટે માર્ગ મુશ્કેલ જણાઇ રહ્યો છે કારણ કે બાકીની બધી ટેસ્ટ મેચો ભારતે જીતવી જરૂરી છે. ગાલે ટેસ્ટમાં રવિન્દ્ર જાડેજાએ ટેસ્ટ કારકીર્દીમાં ૪૦૦૦ પ્લસ ટન તથા ૩૫૩ વિકટોનો માઈલસ્ટોન પ્રાપ્ત કર્યો છે.

ખાસ કરીને એ ટેસ્ટ સુથાર (૧૦ વિકેટો) પડીકલ્લે (૧૬૭ તથા ૪૪ રન) રવિન્દ્ર જાડેજા (૪૦૦૦ રન તથા ૩૫૩ વિકેટો) માટે અનેક સિમા ચિહનરૂપ બની હતી. કોલંબોમાં ભારતે કુલ ૯ ટેસ્ટ મેચો રમી છે. જેમાંથી ભારતે ત્રણ મેચોમાં વિજય પ્રાપ્ત કર્યો છે જયારે બે ટેસ્ટ મેચોમાં હારનો સામનો કર્યો છે. અને ૪ ટેસ્ટ ડ્રો થઈ છે. ભારતે ૨૦૧૦માં દાવમાં ૭૦૭ રન પણ બનાવ્યા છે.ચિંહાલી સ્ટેડીયમમાં કુલ ૪૬ ટેસ્ટ રમાયા છે. જેમાંથી ૧૪ ટેસ્ટ ડ્રો થયા છે. કોલંબોમાં જ ઐતિહાસિક પી.સારા અને પ્રેમદાસા ક્રિકેટ સ્ટેડીયમ પણ છે. હવે પ્રેમદાસા સ્ટેડીયમમાં વન-ડે અને ટી-૨૦ મેચો વધુ રમાય છે. પરંતુ તે સ્ટેડીયમમાં ૧૯૯૭માં રમાયેલી ટેસ્ટમાં ભારતે ટેસ્ટમાં ૮ વિકેટે ૫૩૭ રન કરીને દાવ ડિકલેડે કર્યો હતો જેના જવાબમાં શ્રીલંકાએ ૬ વિકેટે ૯૫૨ રનનો વિશાલ સ્કોર નોંધાવી દાવ ડિકલેડે કર્યો હતો.

કોઈપણ ટેસ્ટની ઈનિંગ્ઝમાં બનાવાયેલો સર્વોચ્ચ ટીમ જુમલો છે. સનત જયસુર્યાએ ૩૪૦ અને રોશન મહાનામાએ ૨૨૫ રનની ઐતિહાસિક ઈનિંગ્ઝ રમી હતી તે બંને એ બીજી વિકેટની ભાગીદારીમાં ૫૭૬ રન નોંધાવ્યા હતા.

આ પ્રકારનો ભુતકાળનો દેખાવ જોતા ભાતે તેના સ્ટાર બેટધરો પાસે લાંબી ઈનિંગ્ઝની અપેક્ષ રાખવી જ પડશે. જયસ્વાલ, ગિલ જેવા ખેલાડીઓએ નિર્ણાયક ભૂમિકા ભજવવી જ પડશે તેમાં બે મત નથી. ટુંકમાં ભારતીય ટીમે કેમેય કરીને કોલંબો ટેસ્ટ જીતવી જ રહી અને શ્રેણી ૨-૦થી ગિલે એક સુકાની તરીકે જીતવી જ પડશે.

ગાલે ટેસ્ટમાં જેમ સ્પીનરોને સફળતા મળી હતી તે જ રીતે કોલંબોમાં બેટધરો એ કૌશલ ઝળકાવવું પડશે. બેટધરો માટે સ્વર્ગ સમાન આ મેદાન પર ભારતીય બેટધરો પુરતા પ્રમાણમાં ઝડપી રનો બનાવશે તો ચોકકસ ટીમ વિજય બનશે રવિન્દ્ર જાડેજા, સુથાર, સિરાઝ, ક્રિષ્ના જેવા ગોલંદાજો પાસે પણ સારી એવી અપેક્ષા છે.

# એક મેચને આધારે કુલદીપ અંગે નિર્ણય લઈ શકાય નહીઃ બહુતુલે

## ભારતીય ટીમના બોલિંગ કોચના મતે અમારા ભવિષ્યના પ્લાનિંગમાં કુલદીપ છે જ



સંઘર્ષ કરી રહેલા ચાઈનામેન બોલર કુલદીપ યાદવનો બચાવ કરતા ભારતીય ટીમના સ્પિન બોલિંગ કોચ સાઈરાજ બહુતુલેએ શુક્રવારે સ્પષ્ટતા કરી હતી કે બીજી ટેસ્ટ મેચ અગાઉ આ સ્પિનર ટીમ મેનેજમેન્ટની યોજનાઓનો મહત્વનો હિસ્સો છે અને માત્ર એક ખરાબ મેચના આધારે કોઈ બોલરની ક્ષમતા નક્કી ન કરી શકાય કે તેના વિશે કોઈ નિર્ણય લઈ શકાય નહી. શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટમાં કુલદીપે બે ઈનિંગ્સ મળીને કુલ ૨૫ ઓવર બોલિંગ કરી હતી જેમાં તેને માત્ર એક જ વિકેટ મળી હતી, જ્યારે બીજી તરફ ડાબોડી સ્પિનર માનવ સુથાર અને રવીન્દ્ર જાડેજાએ મળીને ૧૪ વિકેટ ઝડપી હતી. સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબ (એસએસસી) ખાતે શુક્રવારે મીડિયા સાથે વાત કરતા બહુતુલેએ જણાવ્યું હતું કે, "કુલદીપ ખૂબ જ ઉત્કૃષ્ટ બોલિંગ કરી રહ્યો છે. ગોલમાં પરિસ્થિતિઓ જ એવી ઉભી થઈ હતી કે તેણે અલગ ભૂમિકા ભજવવી પડી હતી. મારા માટે તે હંમેશા મેચ વિનર રહ્યો છે અને તે ચોક્કસપણે અમારી યોજનાઓનો ભાગ છે."


તેણે વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે "દરેક સ્પિનરને સોફ્ટ બોલ સાથે બોલિંગ કરવામાં મુશ્કેલી પડી રહી છે. પરંતુ ફિંગર સ્પિનર માટે પરિસ્થિતિ થોડી સરળ રહે છે. જ્યારે લેગ સ્પિનર માટે બોલ સોફ્ટ હોવાને કારણે અને તેની સીમ દબાઈ જવાને લીધે બોલિંગ કરવી વધુ મુશ્કેલ બને છે." "ફિંગર સ્પિનર પોતાની આંગળીનો ઉપયોગ કરીને ઈચ્છિત ગતિથી બોલ ફેંકી શકે છે, જ્યારે રિસ્ટ સ્પિનર માટે તે એક કઠીન કામ છે. તેથી મને નથી લાગતું કે માત્ર એક મેચથી તેની ક્ષમતા અને તેની રમત પ્રત્યેના અભિગમનો ન્યાય કરી શકાય. તેણે તે પરિસ્થિતિઓ સાથે અનુકૂલન સાધવાનો પ્રયાસ કરવાનો હતો અને તેણે પોતાનું શ્રેષ્ઠ આપ્યું હતું."

તેમ કુલદીપ અંગે બહુતૂલેએ જણાવ્યું હતું. બહુતુલેના જણાવ્યા અનુસાર, ગોલની પરિસ્થિતિ અને કૂકાબુરા બોલ કે જેની ઉપરની પોલીશ દૂર થયા પછી પોચો પડી જાય છે, તેને કારણે કુલદીપે તેની 'ટ્રેજેક્ટરી'માં ફેરફાર કરવો પડ્યો હતો. "અમારે જોવું પડ્યું કે દરેક સેશનમાં બોલની ગતિ અને ટ્રેજેક્ટરી કેવી રીતે કામ કરે છે. જેમ જેમ દિવસો પસાર થતાં ગયા તેમ તેમ ગતિ અને ટ્રેજેક્ટરી બદલવાની જરૂરિયાત મુજબ તેણે બોલિંગ કરવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. મને લાગે છે કે તે પોતાની ભૂમિકા સારી રીતે ભજવી રહ્યો હતો. પિચ દિવસેને દિવસે ધીમી પડી રહી હતી, તેમ છતાં તે પોતાની સ્વાભાવિક શૈલીથી બોલિંગ કરી રહ્યો હતો," તેમ તેણે ઉમેર્યું હતું.

# સિનર ઘૂંટણની ઈજાને કારણે US ઓપનમાંથી ખસી ગયો

## વર્લ્ડ નંબર-૧એ કહ્યું- જમણા ઘૂંટણને સાજા થવામાં હજુ વધુ સમય લાગશે

વર્લ્ડ નંબર ૧ ટેનિસ ખેલાડી જેનિક સિનરે જમણા ઘૂંટણની ઈજાને કારણે આ મહિને યોજાનારેં જી ઓપનમાંથી નામ પાછું ખેંચી લીધું છે. તે સીઝનના છેલ્લા ગ્રાન્ડ સ્લેમમાં નહી રમે. ૨૫ વર્ષીય સિનરે જમણા ઘૂંટણની ઈજાને કારણે સિનસિનાટી ઓપનમાંથી પણ નામ પાછું ખેંચી લીધું હતું. સિનરે કહ્યું હતું કે તેનું ધ્યાન ન્યૂયોર્કમાં રમવા માટે તૈયાર થવા પર રહેશે.સિનરે સોશિયલ મીડિયા પર લખ્યું- 'હું મારી ટીમ અને મેડિકલ સ્ટાફ સાથે સખત મહેનત કરી રહ્યો હતો, પરંતુ હવે અમારે આ મુશ્કેલ નિર્ણય લેવો પડ્યો છે કે હું આ વર્ષે યુએસ ઓપનમાં રમી શકીશ નહી.'તેણે કહ્યું- 'છેલ્લા કેટલાક દિવસોથી અમે મોન્ટે કાર્લોમાં ફરીથી કોર્ટ પર પ્રેક્ટિસ કરી રહ્યા હતા. આ દરમિયાન અમને જાણવા મળ્યું કે જમણા ઘૂંટણની સમસ્યામાંથી બહાર આવવા માટે મને હજુ વધુ સમય જોઈશે.'સિનરે લખ્યું, 'હું સ્વાભાવિક રીતે ખૂબ જ દુઃખી અને નિરાશ છું, કારણ કે ન્યૂયોર્ક મારા હૃદયમાં એક ખાસ સ્થાન ધરાવે છે. હું ત્યાં પાછા ફરીને અદ્ભુત ચાહકો સામે ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં રમવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો.'સિનરે ગયા મહિને વિમ્બલ્ડન મેન્સ સિંગલ્સનો ખિતાબ જીત્યો હતો.



# ગીલ માટે ડાબોડી સ્પીનર પડકારજનક

## કોલંબો ટેસ્ટ પહેલાં શુભમન ગિલે ડાબોડી સ્પિનરો સામે અભ્યાસ કર્યો

ભારતીય કેપ્ટન શુભમન ગિલ ડાબોડી સ્પિનરોનો તોડ શોધી રહ્યાં છે. પોતાની આ નબળાઈ પર વિજય મેળવવા માટે તેમણે શુક્રવારે ડાબોડી બોલરો સામે જોરદાર અભ્યાસ કર્યો.

શ્રીલંકા સામેની પહેલી ટેસ્ટની બંને ઈનિંગ્સમાં ગિલ ડાબોડી સ્પિનર પ્રભાત જયસૂર્યાનો શિકાર બન્યાં હતાં. પહેલી ઈનિંગ્સમાં તેમણે ૧૬ અને બીજી ઈનિંગ્સમાં આઠ રન બનાવ્યાં હતાં. બીજી ટેસ્ટ ૨૩ ઓગસ્ટે અહીં શરૂ થશે. કોલંબોમાં પણ સ્પિનરોનો દબદબો રહે છે.

પહેલી ઈનિંગ્સમાં તેમણે ૨૮મા બોલનો સામનો કરતી વખતે આગળ વધીને શોટ રમવાનો પ્રયાસ કર્યો હતો. તો બીજી ઈનિંગ્સમાં તેમણે ઈનિંગ્સની શરૂઆતમાં જ સ્વીપ શોટ માર્યો. જયસૂર્યા સામે આગળ નીકળીને રમવાના પ્રયાસમાં તેમનો શોટ યોગ્ય રીતે કનેક્ટ થઈ શક્યો નહોતો.

આ જ બોલર સામે સ્ટમ્પની લાઇનથી સ્વીપ મારવાના પ્રયાસમાં તેમણે બોલની લંબાઈનો થોડો ખોટો અંદાજ લગાવ્યો. બોલની સાચી લાઇનનો અંદાજ ન લગાવી શકવાના કારણે તેઓ ડાબોડી હાથનાં બોલરો સામે સંઘર્ષ કરતાં નજરે પડે છે. જયસૂર્યાને રમવામાં તેમને મુશ્કેલી પડી રહી હતી.

ગિલે સિંહલીઝ સ્પોર્ટ્સ ક્લબના નેટ્સ પર ડાબોડી સ્પિનરો સામે જોરદાર અભ્યાસ કર્યો. તેમણે આ દરમિયાન માનવ સુથાર, રવિન્દ્ર જાડેજા, સારાંશ જૈન અને કેટલાક સ્થાનિક બોલરોનો સામનો કર્યો. ભારતનાં સ્પિન બોલિંગ કોચ સાઈરાજ બહુતુલેએ ગિલના નેટ સેશન વિશે માહિતી આપી.

બહુતુલેએ કહ્યું કે, જે રીતે તેઓ રમે છે તેમાં રનનો પ્રવાહ હંમેશાં જળવાઈ રહે છે. તેથી તેઓ પીચની સ્થિતિ, પીચની ગતિનો આંકલન કરી રહ્યા છે. આ અંદાજ લગાવી રહ્યા છે કે તેઓ કઈ રીતે કયા શોટ રમી શકે છે. તેઓ પોતાને પરિસ્થિતિઓ અનુસાર ઢાળી રહ્યાં છે.

તેઓ કઈ રીતે રમશે તેની રણનીતિ બનાવવામાં તેમને વધારે મહેનત નહીં કરવી પડે. પહેલી ટેસ્ટ મેચમાં અપેક્ષિત પ્રદર્શન ન કરી શકવા છતાં કાંડાના સ્પિનર કુલદીપ યાદવ ટીમ સાથે અભ્યાસ માટે પહોંચ્યા હતા.

જોકે તેમણે ન તો બોલિંગ કરી અને ન તો બેટિંગ. સલામી બેટ્સમેન અને ઉપ-કેપ્ટન કે.એલ. રાહુલ નેટ પ્રેક્ટિસમાં ગેરહાજર હતા, જ્યારે મધ્યમ ક્રમના બેટ્સમેન ધ્રુવ જુરેલે થોડી વાર માટે બેટિંગ કરી. બીજી તરફ ઓફ સ્પિનર સારાંશે પંત અને ગિલને કેટલાક ઓવર ફેંક્યા.

ભારતીય કેપ્ટન શુભમન ગિલનો ઓફ-સ્પિનરો અને લેગ-સ્પિનરો સામે સારો રેકોર્ડ છે. આ રીતે બોલરો સામે તેમનો સંયુક્ત સરેરાશ ૬૧ છે. જ્યારે તમામ પ્રકારનાં સ્પિન બોલરો સામે તેમનો કરિયર સરેરાશ ૪૮ છે. ગિલ ટેસ્ટમાં ૩૦૦૦ રન પૂરા કરવાથી સાત રન દૂર છે. તેઓ ૧૧ સદીઓથી ૨૯૯૩ રન બનાવી ચૂક્યાં છે.

ભારતનાં સ્પિન બોલિંગ કોચ સાઈરાજ બહુતુલેએ કુલદીપનો બચાવ કરતાં કહ્યું કે ડાબોડી હાથનો આ કાંડાનો સ્પિનર ટીમ પ્રબંધનની યોજનાઓનો ભાગ છે. એક મેચમાં ખરાબ પ્રદર્શનથી તેમની કાબિલિયત નક્કી થતી નથી.

પહેલી ટેસ્ટમાં એક વિકેટ મળી હતી. બહુતુલેએ કહ્યું, કુલદીપ સરસ બોલિંગ કરી રહ્યાં છે. ગોલમાં પરિસ્થિતિઓ અલગ હતી. તેમને એક અલગ ભૂમિકા ભજવવી પડી. તેઓ હંમેશાં મેચ જીતાડનારા બોલર રહ્યાં છે અને ટીમની યોજનામાં સામેલ છે. તમામ સ્પિનરોને નરમ બોલથી મુશ્કેલી થાય છે.



# ત્રિશા જોલી અને ગાયત્રીની જોડી ક્વાર્ટર ફાઇનલમાં

## વર્લ્ડ બેડમિન્ટનમાં ભારતીય વિમેન્સ જોડીની આગેકૂચ જારી

ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતીય વિમેન્સ ડબલ્સ જોડીએ ગુરુવારે અહીં વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં જાપાનની સાતમી ક્રમાંકિત રિન ઈવાનાગા અને કી નાકાનિશી સામે સીધા સેટમાં વિજય મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો અને આ સાથે તેઓ મેડલથી માત્ર એક કદમ દૂર પહોંચી ગઈ છે. ભારતની આ બિન-ક્રમાંકિત જોડી ત્રિશા ઈજામાંથી ઉગરી આવ્યા બાદ વાપસી કરવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે લગભગ એકતરફી મુકાબલામાં વિશ્વની સાતમા નંબરની જાપાની જોડી રિન અને કીને ૨૧-૧૬, ૨૧-૧૨થી હરાવીને શાનદાર પ્રદર્શન કર્યું હતું. ત્રિશા અને ગાયત્રીને ૨૦૨૫ માટે અર્જુન એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા, તેઓ ૨૦૨૨ અને ૨૦૨૩માં સતત બે વર્ષ ઓલ ઈંગ્લેન્ડ ઓપનની સેમિફાઈનલમાં પહોંચ્યા હતા. તેમણે ૨૦૨૨માં કોમનવેલ્થ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ પણ જીત્યો હતો અને ગયા વર્ષની શરૂઆતમાં ટોપ ૧૦માં સ્થાન મેળવ્યું હતું.

જોકે, આ વર્ષની શરૂઆતમાં એશિયા બેડમિન્ટન ચેમ્પિયનશિપ અને ઉબેર કપ પહેલાં તાલીમ દરમિયાન ત્રિશાને ઘૂંટીમાં ઈજા પહોંચી હતી. પ્રેક્ટિસ કરતી વખતે તેનો પગ ભૂલથી તેની ભાગીદારના પગ પર પડી જતાં તેની ઘૂંટી મરડાઈ ગઈ હતી. ત્યારબાદ કરાવેલા એમઆરઆઈમાં બે હાઈ-ગ્રેડ મસલ ટિયર અને બે લિગામેન્ટ ટિયર હોવાનું સામે આવ્યું હતું. કઠીન રિહેબિલિટેશન બાદ તેણે અને ગાયત્રીએ ઈન્ડોનેશિયા ઓપનમાં પુનરાગમન કર્યું હતું અને ત્યારબાદ યુએસ ઓપનમાં રમ્યા પછી આ મહિનાની શરૂઆતમાં ફિલિપાઈન્સ ઈન્ટરનેશનલ ચેલેન્જ ટાઈટલ જીત્યું હતું.



# શ્રી માધવ ગૌશાળાના ગૌસેવકો દ્વારા ૫૦૦થી વધુ અર્ધવિસર્જિત દશા માતાજીની પ્રતિમાઓનું દરિયામાં શ્રદ્ધાપૂર્વક પુનઃવિસર્જન





સુરત, તા.૨૨

સુરતઃ સાંસ્કૃતિક રક્ષા સમિતિ સંચાલિત શ્રી માધવ ગૌશાળા & એનિમલ હોસ્ટેલના ગૌસેવકો દ્વારા સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી નહેરોમાંથી અર્ધવિસર્જિત તથા રઝળતી હાલતમાં મળી આવેલી ૫૦૦થી વધુ દેવી દશામાતાજીની પ્રતિમાઓને બહાર કાઢી હજીરા દરિયા ખાતે શ્રદ્ધાપૂર્વક પુનઃવિસર્જન કરવામાં આવ્યું હતું.સુરતમાં દર વર્ષે દશામાતાજીના પર્વની ખૂબ જ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવે છે. માતાજી પ્રત્યે લોકોની આસ્થા દિવસેને દિવસે વધુ મજબૂત બની રહી છે. પરંતુ આસ્થા સાથે પર્યાવરણ અને ધાર્મિક ભાવનાઓની જવાબદારી જાળવવી પણ એટલી જ જરૂરી છે.

આ વર્ષે પણ શહેરની મધુરમ સર્કલ નહેર, ખરવાસા નહેર સહિત વિવિધ નહેરો અને અન્ય સ્થળોએ દશામાતાજીની અનેક પ્રતિમાઓ અર્ધવિસર્જિત તથા રઝળતી હાલતમાં જોવા મળી હતી. ખાસ કરીને જ્યાં ખૂબ ઓછું પાણી હોય, કાદવ અને ગંદકી હોય અથવા નહેરનું પાણી મૂર્તિના સંપૂર્ણ વિસર્જન માટે યોગ્ય ન હોય, ત્યાં ની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવતા તે સંપૂર્ણપણે વિસર્જિત થતી નથી અને લાંબા સમય સુધી રઝળતી રહે છે. આવી સ્થિતિથી ધાર્મિક લાગણીઓને પણ ઠેસ પહોંચે છે અને પર્યાવરણ પર પણ પ્રતિકૂળ અસર થઈ શકે છે. પ્રશાસન દ્વારા પણ સમયાંતરે લોકોને મૂર્તિઓનું વિસર્જન યોગ્ય સ્થળે અને યોગ્ય પદ્ધતિથી કરવા માટે અપીલ તથા સૂચનાઓ આપવામાં આવે છે. તેમ છતાં, કેટલાક લોકો પોતાની સુવિધા માટે શહેરની વિવિધ નહેરો, કાદવવાળા સ્થળો અથવા ઓછા પાણીવાળા વિસ્તારોમાં મૂર્તિઓનું વિસર્જન કરી દેતા હોય છે. આ અંગે સાંસ્કૃતિક રક્ષા સમિતિના અધ્યક્ષ શ્રી આશિષ સૂર્યવંશીને જાણ થતાં શ્રી માધવ ગૌશાળા & એનિમલ હોસ્ટેલના ગૌસેવકો દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી હતી. વિવિધ સ્થળોએથી અર્ધવિસર્જિત અને રઝળતી હાલતમાં રહેલી ૫૦૦થી વધુ દશામાતાજીની પ્રતિમાઓને સન્માનપૂર્વક બહાર કાઢવામાં આવી અને ધાર્મિક વિધિ તથા શ્રદ્ધાભાવ જાળવી હજીરા દરિયામાં પુનઃવિસર્જન કરવામાં આવ્યું.

આ પ્રસંગે અધ્યક્ષ શ્રી આશિષ સૂર્યવંશીએ જણાવ્યું હતું કે, “દેવી-દેવતાઓની પ્રતિમાઓ આપણા માટે માત્ર માટી, POP કે અન્ય સામગ્રીની બનેલી મૂર્તિ નથી, પરંતુ આપણી આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક છે. તેથી વિસર્જન બાદ પણ તેમની સાથે સન્માનપૂર્વક વ્યવહાર કરવાની આપણી નૈતિક અને ધાર્મિક જવાબદારી છે. કોઈ પણ મૂર્તિને નહેરમાં, કાદવમાં કે ગંદા પાણીમાં રઝળતી મૂકવી એ આપણી જ આસ્થાનું અપમાન છે.” તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સાંસ્કૃતિક રક્ષા સમિતિ છેલ્લા ૯ વર્ષથી ગણેશજી અને દશામાતાજીની અર્ધવિસર્જિત તથા રઝળતી પ્રતિમાઓને એકત્રિત કરી શ્રદ્ધાપૂર્વક યોગ્ય સ્થળે પુનઃવિસર્જન કરવાની સેવા કામગીરી કરી રહી છે. સંસ્થા દ્વારા દર વર્ષે લોકજાગૃતિના કાર્યક્રમો યોજી લોકોને યોગ્ય રીતે મૂર્તિ વિસર્જન કરવા માટે અપીલ કરવામાં આવે છે તેમજ વહીવટી તંત્રને પણ આવી ઘટનાઓ અટકાવવા માટે જરૂરી સૂચનો આપવામાં આવે છે. “માતાજીની સ્થાપના જેટલી શ્રદ્ધાથી કરીએ છીએ, તેટલી જ શ્રદ્ધાથી તેમનું વિસર્જન પણ કરીએ. આપણી થોડીક સુવિધા માટે માતાજીની પ્રતિમાને નહેર, કાદવ કે ગંદા પાણીમાં રઝળતી ન મૂકીએ. યોગ્ય સ્થળે અને યોગ્ય પદ્ધતિથી વિસર્જન કરીએ. આસ્થા સાથે પર્યાવરણની પણ રક્ષા કરીએ. માતાજીનું સન્માન એ આપણી ભક્તિની સાચી ઓળખ છે.” સાંસ્કૃતિક રક્ષા સમિતિ દ્વારા શહેરના તમામ ભક્તજનોને અપીલ કરવામાં આવે છે કે ધાર્મિક લાગણી અને પર્યાવરણ બંનેનું જતન થાય તે રીતે મૂર્તિ વિસર્જન કરવામાં આવે અને વિસર્જન બાદ કોઈ પ્રતિમા રઝળતી જોવા મળે તો તેને અવગણવાને બદલે સંબંધિત સેવાભાવી સંસ્થા અથવા વહીવટી તંત્રને જાણ કરવામાં આવે.

# SCET સુરતને ‘પ્લેટિનમ સસ્ટેનેબલ કેમ્પસ પાર્ટનર’નો પ્રતિષ્ઠિત પુરસ્કાર



સુરત, તા.૨૨

સાર્વજનિક કોલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (SCET), સુરતને ભારત એન્વાયરમેન્ટ પ્રોગ્રામ – અ ભારત સસ્ટેનેબિલિટી કેમ્પસ મિશન ૨૦૨૬ અંતર્ગત “પ્લેટિનમ સસ્ટેનેબલ કેમ્પસ પાર્ટનર” તરીકે સન્માનિત કરવામાં આવી છે. સમગ્ર ભારતમાંથી ભાગ લેનારી ૩૦૦થી વધુ સંસ્થાઓમાં SCETએ આ સર્વોચ્ચ સન્માન પ્રાપ્ત કર્યું છે.

આ પ્રતિષ્ઠિત સન્માન રિસર્ચ હાઇટ્સ ફાઉન્ડેશન દ્વારા EPTRIના સહયોગથી, ૨૨થી ૨૯ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન આયોજિત અર્થ વીક અંતર્ગત એનાયત કરવામાં આવ્યું હતું.

આ પહેલમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ જેવી વિવિધ ભાગીદારી શ્રેણીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. SCET દ્વારા પર્યાવરણ અને ટકાઉ વિકાસને કેન્દ્રમાં રાખીને પાંચ વિવિધ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, જવાબદારી અને ટકાઉ જીવનશૈલીના સંદેશને પ્રોત્સાહન મળ્યું હતું. આ નોંધપાત્ર કામગીરી બદલ જીઝઈને પ્લેટિનમ સ્તરની વિશિષ્ટ ઓળખ પ્રાપ્ત થઈ છે.

આ સિદ્ધિ આચાર્ય ડૉ. હિરેન પટેલના માર્ગદર્શન હેઠળ તથા SCET પરિવારના સહયોગથી, સંયોજકો ડૉ. મેહાલી મહેતા, ડૉ. ખુશ્બુ ગાંધી, પ્રો. હેમાલી જાડેજા અને શ્રીમતી તેજલ સુરતીના સમર્પિત પ્રયાસોનું ગૌરવપૂર્ણ પરિણામ છે.આ સિદ્ધિ SCET માટે ગૌરવની ક્ષણ છે. સંસ્થાએ આ સિદ્ધિ બદલ તમામ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સ્ટાફ સભ્યોને અભિનંદન પાઠવ્યા છે, જેમણે પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસની દિશામાં આ મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવામાં યોગદાન આપ્યું છે.

# સુરત મહાનગરપાલિકા આયોજીત કવિશ્રી નર્મદ જન્મજયંતિ ઉજવણી

સુરત, તા.૨૨

સુરત મહાનગરપાલિકા દ્વારા કવિશ્રી નર્મદ જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૪/૦૮/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે આમલીરાન, ગોપીપુરા ખાતે આવેલ કવિશ્રી નર્મદના નિવાસસ્થાન "સરસ્વતી મંદિર" ખાતે તથા સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે આવેલ કવિશ્રી નર્મદની પ્રતિમાને સુતરાંજલી સહ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સુરતના ઐતિહાસિક અને હેરીટેજ વારસાની જાળવણીમાં સદા અગ્રેસર સુરત મહાનગરપાલિકા દ્વારા ગુર્જર ભૂમિના વિદ્વાન સાહિત્યકાર તેમજ સુરતના સપુત એવા કવિશ્રી નર્મદની ભાતીગળ સાંસ્કૃતિક વારસાની જાળવણી અર્થે આમલીરાન સ્થિત કવિશ્રી નર્મદના નિવાસસ્થાન "સરસ્વતી મંદિર" ખાતે સવારે ૮.૩૦ કલાકે તથા ગાંધીબાગ, ચોક બજાર, સુરત ખાતે સવારે ૯.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ દ્વારા પ્રખર સમાજસુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા એવા કવિશ્રી નર્મદને સુતરાંજલી સહ વંદના કરવામાં આવશે. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકો કવિ નર્મદ રચિત "જય જય ગરવી ગુજરાત"ના નારા અને શૌર્યગીતો ગાતાં કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત રહેશે. સુરત મહાનગરપાલિકા આયોજીત ઉપરોકત તમામ કાર્યક્રમોમાં સહભાગી થવા નગરજનોને આમંત્રિત કરે છે.

### ભાજપા અધ્યક્ષ નિતીન

પહેલા પાનાનું ચાલુ

પ્રધાન બનતા પહેલા, તેમણે લગભગ ૧૩ વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. તેમણે ૧૨ વર્ષથી વધુ સમયથી આ પદ સંભાળ્યું છે.

૧૭ ઓગસ્ટના રોજ, ભાજપે નીતિન નવીનના નેતૃત્વમાં તેની ૬૫ સભ્યોની નવી ટીમની જાહેરાત કરી. આ ટીમમાં ૫૧ નવા ચહેરાઓનો સમાવેશ થાય છે, જે સંગઠનના મોટા વિસ્તરણ અને ફેરબદલને ચિહ્નિત કરે છે. તાજેતરની બેઠકો નવી ટીમના કાર્યની દિશા નક્કી કરશે અને અનેક ચૂંટણી અને રાજકીય પડકારોને ધ્યાનમાં રાખીને પક્ષની સંગઠનાત્મક પ્રાથમિકતાઓની રૂપરેખા આપશે તેવી અપેક્ષા છે.

### તહેવારો ટાણે રસોડાનો

પહેલા પાનાનું ચાલુ

ચૂનો અને બાળકોમાં પ્રિય એવા નકલી પેકેજ્ડ નાસ્તાનો મોટા પાયે સમાવેશ થાય છે.

તહેવારો ટાણે જ લોકો જ્યારે ઉત્સાહપૂર્વક મીઠાઈ અને

ફરસાણની સામગ્રીઓનું બજારમાંથી મોંઘા ભાવે ખરીદી કરતાં હોય, ત્યારે આટલી ગંભીર માત્રામાં ઝેરી અને નકલી સામાન પકડાવો એ આમ જનતાના સ્વાસ્થ્ય માટે લાલ બત્તી સમાન છે.

સરકારી આંકડાઓ અનુસાર તંત્રની આ કડક તપાસ દરમિયાન ૬,૦૦૦ કિલો જેટલો નકલી અને નબળી ગુણવત્તાવાળો લોટ તથા ખાંડ જપ્ત કરવામાં આવ્યાં છે, જેનો ઉપયોગ રોજેરોજના ભોજનમાં થતો હોય છે.

આ સિવાય તહેવારી મીઠાઈઓ બનાવવામાં મોટા પ્રમાણમાં વપરાતો ૭૦૦ કિલો જેટલો નકલી માવો અને ગુજરાતી ઘરોમાં પૂરી કે ફરસાણ તળવા માટે વપરાતું ૫૦૦ કિલો કપાસિયા તેલ પણ સીઝ કરવામાં આવ્યું છે.

વધુમાં, પનીરમાં પણ મોટા પાયે ભેળસેળ ચાલતી હોવાનો પર્દાફાશ થયો છે, જેમાં શહેરનાં વિવિધ વિસ્તારોમાંથી કુલ ૨ ટન નકલી પનીર ઝડપાયું છે, અને આશ્ચર્યજનક રીતે માત્ર કાંકરિયા વિસ્તાર પાસે કરાયેલી એક જ રેડ દરમિયાન ૪૫૦ કિલો જેટલો બિનઆરોગ્યપ્રદ પનીરનો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો.

### બિહારના બેતિયામાં

પહેલા પાનાનું ચાલુ

સ્ટેશનનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો. પોલીસે તાત્કાલિક એમ્બ્યુલન્સની મદદથી ઘાયલોને બેતિયા જીએમસીએચ મોકલ્યા, જ્યાં બધાની સારવાર ચાલી રહી છે.ઘાયલોમાં વિનય કુમાર યાદવ, શ્યામ બાબુ, મોતીચંદ્ર મહતો અને નરેશ રામ સહિત અન્ય લોકોનો સમાવેશ થતો હોવાનું જણાવાયું છે.

### કેનેડામાં ૨

પહેલા પાનાનું ચાલુ

સાહિબની ઓફિસમાં સતત બે શંકાસ્પદ ફોન કોલ્સ આવ્યા. પહેલા કોલમાં અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને ગુરુદ્વારા સાહિબનું પાર્કિંગ ખાલી કરવા કહ્યું. તેણે દાવો કર્યો કે ત્યાં કેટલાક વાયર નાખવાનું કામ કરવાનું છે.

જ્યારે, થોડા સમય પછી અન્ય એક વ્યક્તિએ ફોન કરીને પોતાને એક કન્સ્ટ્રક્શન કંપનીનો ઝઈ ગણાવ્યો. તેણે ગુરુદ્વારા પ્રબંધક કમિટીના ચેરમેન રણબીર સિંહ પરમાર સાથે વાત કરી અને સીધા ગુરુદ્વારા ભવનને તોડી પાડવાની ધમકી આપી. રણબીરે જણાવ્યું કે એ જ નંબર પરથી કેનેડાના સવાના સ્થિત ગોબિંદ સરવર ગુરુદ્વારા સાહિબને પણ આવી જ ધમકીભર્યો ફોન આવ્યો હતો.

કેલગરી પોલીસ સર્વિસે મીડિયાને આપેલા પોતાના સત્તાવાર નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે કે તેઓ આ મામલાની સંપૂર્ણ ગંભીરતાથી તપાસ કરી રહ્યા છે. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે ફક્ત દશમેશ કલ્ચર સેન્ટરને જ નહીં, પરંતુ એક અન્ય નજીકના ગુરુદ્વારાને પણ આ જ પ્રકારનો ધમકીભર્યો ફોન કોલ આવ્યો હતો.

પોલીસ કોલ કરનાર અજાણ્યા વ્યક્તિઓની ઓળખ કરવા અને નંબર ટ્રેસ કરવાનો પ્રયાસ કરી રહી છે, જેથી એ સ્પષ્ટ થઈ શકે કે આ કોઈ મજાક હતી કે તેની પાછળ કોઈ નફરતભરી માનસિકતા હતી.

### સામાન્ય

પહેલા પાનાનું ચાલુ

પામોલીવ ટુથપેસ્ટ સહિત અન્ય ઉત્પાદનોના દામ પણ વધારી દીધા છે. બ્રિટાનીયાએ સપ્ટેમ્બર ત્રિમાસિકમાં બિસ્કુટના ભાવમાં ૧૫.૨ ટકાનો વધારો કરવાનું કે ૫-૧૦ રૂપિયાવાળા પેકેટનું વજન ઘટાડવાનું વિચાર કરી રહી છે. હિન્દુસ્તાન યુનિલીવરે ઈનપુટ કોસ્ટમાં ૨-૫ ટકા વધારાની આશંકા છે, જેથી આબુ અને ડિટરજન્ટ મોંઘા થઈ શકે છે.

ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સે પોતાના યાત્રી વાહનોમાં સપ્ટેમ્બરથી ૨૫ હજાર રૂપિયા સુધીના વધારાની જાહેરાત કરી છે. કાચો માલ અને અન્ય કોમોડીટીના વધતા ખર્ચના કારણે હુંડઈ મોટર્સે પણ સપ્ટેમ્બરથી પોતાના બધા મોડલોમાં ૧ ટકા સુધી ભાવ વધારાની જાહેરાત કરી છે. મારુતી સુઝુકીએ પણ ઓગષ્ટમાં પોતાની કારોની કિંમતમાં ૩૦ હજાર રૂપિયા સુધીનો વધારો કરી નાખ્યો છે.

જો આવનારા દિવસોમાં ખાવા-પીવાની વસ્તુઓ અને ઈંધણની કિંમતો આ રીતે વધતી રહી તો આરબીઆઈ વ્યાજ દર વધારી શકે છે. આરબીઆઈ એમપીસીની મિનિટસમાં તેના સભ્યોને સ્પષ્ટ સંકેત આપ્યા છે કે વધતી મોંઘવારી પર લગામ લગાવવા માટે ચાલુ નાણાકીય વર્ષમાં વ્યાજદરમાં વધારો કરી શકે છે.

### અલનીનો

પહેલા પાનાનું ચાલુ

લોકો ત્રાહિમામ પોકારી ઉઠશે.

હવામાન વૈજ્ઞાનિકોએ કહ્યું કે અનુમાન પ્રમાણે જ ભયાનક અસરના સંજોગોમાં ૨૦૨૭માં તાપમાન-ગરમીના તમામ રેકોર્ડ તૂટી જશે. અલનીનોનો પ્રભાવ ૯ મહિનાથી માંડીને ૧૨ મહિના રહેતો હોય છે અને દુનિયાભરમાં તાપમાન પ્રભાવિત હોય છે.

હવામાન વિજ્ઞાની નિક હુન્સ્ટોને કહ્યું કે અત્યારે દુનિયાનું તાપમાન સરેરાશ કરતા ૧.૫ ડીગ્રી વધુ છે. ભારતને લાગે વળગે છે ત્યાં સુધી અલનીનોની અસર ચોમાસા પર વર્તાય રહી જ છે. વરસાદ અનિયમિત છે. ગુજરાત સહિતના રાજયો ઉપરાંત રાષ્ટ્રીયસ્તરે પણ વરસાદની ખાધ છે.

હવામાન વિભાગે અગાઉ જ સીઝનનો કુલ વરસાદ સરેરાશ કરતાં ૯૦ ટકા થવાની આગાહી કરી હતી જે છેલ્લા ૧૧ વર્ષનો સૌથી ઓછો હશે. ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિક ઓ.પી. શ્રીજીતે કહ્યું કે ૨૦૨૭નું વર્ષ ગરમી-તાપમાનની દ્રષ્ટિએ ૨૦૨૪ને પાછળ છોડી દેશે. હીટવેવનો પ્રકોપ વધશે. રવી કૃષિપાક પર પણ અસર વર્તાશે અનેક અન્ય સમસ્યા પણ ઉદ્ભવી શકે છે. મોંઘવારી મોરચે ઘણી ગંભીર અસર થઈ શકે છે.

### ઝારખંડ

પહેલા પાનાનું ચાલુ

ગ્રામજનો ફેક્ટરી ગેટ જામ કરવાની તૈયારીમાં છે. ઘટનાને લઈને વિસ્તારમાં તણાવની સ્થિતિ પ્રવર્તી રહી છે. લોકોમાં ફેક્ટરી મેનેજમેન્ટ વિરુદ્ધ આક્રોશ છે.

ફેક્ટરીના પાવર પ્લાન્ટ યુનિટના ઈન્ચાર્જ અનુરાગ ત્રિપાઠીએ આ દુર્ઘટના માટે મેનેજમેન્ટની બેદરકારીને જવાબદાર ઠેરવી છે. તેમનો આરોપ છે કે પ્લાન્ટમાં તાપમાન વધુ વધવા અને ઓવરહિટિંગના કારણે આ દુર્ઘટના થઈ. તેમણે કહ્યું કે તાપમાનને નિયંત્રિત કરવા માટે મેનેજમેન્ટને વારંવાર છઝ લગાવવા વિનંતી કરવામાં આવી હતી, પરંતુ આ દિશામાં પૂરતા પગલાં લેવામાં આવ્યા ન હતા.

જો સમયસર તાપમાન નિયંત્રણની વ્યવસ્થા કરવામાં આવી હોત તો દુર્ઘટનાને ટાળી શકાઈ હોત. જોકે, દુર્ઘટનાનું વાસ્તવિક કારણ શું હતું, તેની સત્તાવાર તપાસ પછી જ સ્થિતિ સંપૂર્ણપણે સ્પષ્ટ થશે. હાલમાં પોલીસ અને ફેક્ટરી મેનેજમેન્ટ ઘટનાના કારણોની માહિતી ભેગી કરી રહ્યા છે. દુર્ઘટના પછી સુરક્ષા વ્યવસ્થા અને પ્લાન્ટમાં કામ કરતા કર્મચારીઓની સુરક્ષાને લઈને પણ સવાલો ઉઠવા લાગ્યા છે.

# રૂપિયા ૫.૩૪ લાખના ચેક બાઉન્સ કેસમાં વેપારીને ૬ માસની કેદ અને વળતરનો હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા૨૨

ચેક બાઉન્સના કેસમાં કોર્ટે આરોપી વેપારી મનોજ ચરખાવાલાને દોષિત ઠેરવી ૬ માસની સાદી કેદની સજા ફટકારી હતી. કેસની વિગત મુજબ, ફરિયાદી કવિન મુકુંદ પટેલે જગદીશ્વર ટેક્સ્ટાઈલ્સ તથા તેમની અન્ય સિસ્ટર કન્સર્ન પેઢીઓમાંથી આરોપી મનોજ ભરત ચરખાવાલાની ફર્મ ’સીમરન ક્રિએશન’ને ઉધારમાં ગ્રે કાપડનો માલ આપ્યો હતો. જેનું રૂ. ૫,૩૪,૫૬૪નું લેણું નીકળતા આરોપીએ સમાધાન કરાર મુજબ ચેક આપ્યો હતો. જે ચેક બેંકમાં રજૂ કરતા ’ફંડ્સ ઈન્સફિશિયન્ટ’ના શેરા સાથે પરત ફર્યો હતો. કોર્ટે તમામ પુરાવાઓ ધ્યાને લઈ નોંધ્યું કે, આરોપી કાયદેસરની લેણી રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા છે અને કાયદાકીય ધારણાનું ખંડન કરી શક્યા નથી, જેથી કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી સજાનો હુકમ સંભળાવ્યો હતો. ફરિયાદી તરફે વત્સલ કેતન રેશમવાલા અને દર્શન ગોદીવાલાએ દલીલો કરી હતી.

**સિવિલ હોસ્પિટલ સામેના રસ્તાને પૂર્વ MLA સુરેન્દ્રસિંહ રાજપૂતનું નામ અપાયું**



**અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ (શાહીબાગ) સામેના રસ્તાનું પૂર્વ ધારાસભ્ય સુરેન્દ્રસિંહ એન. રાજપૂતની યાદમાં સુરેન્દ્રસિંહ એન. રાજપૂત માર્ગ’ નામકરણ કરાયું છે. ટ્રોમા સેન્ટર ખાતે આયોજિત કાર્યક્રમમાં મેયર હિતેશ બારોટ અને મ્યુનિસિપલ કમિશનર સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.**

### નવી સિવિલ હોસ્પિટલ

પેજ-૨ પાનાનું ચાલુ

કોફીન બોકસની સુવિધા પુરી પાડવામાં આવશે.

તબીબી અધીક્ષક ડો. પારુલ વડગામાએ જણાવ્યું હતું કે, નવી સિવિલ હોસ્પિટલ ખાતે એમ્બાલ્મિંગ પ્રક્રિયા સંપૂર્ણપણે વિનામૂલ્યે કરવામાં આવે છે. વિભાગ દ્વારા અત્યાર સુધીમાં પરિવારજનોની વિનંતીથી કુલ ૭ કેસોમાં સફળતાપૂર્વક એમ્બાલ્મિંગ કરી મૃતદેહને વિવિધ આંતરરાષ્ટ્રીય તથા આંતરરાજ્ય વિસ્તારોમાં મોકલવામાં આવ્યા છે. દુઃખની ઘડીમાં પરિવારજનોને રાહત મળે એવો સુરત સિવિલનો પ્રયાસ રહ્યો છે.

**એમ્બાલ્મિંગ એટલે શું?**

એમ્બાલ્મિંગ (Embalming) એટલે મૃતદેહને લાંબા સમય સુધી સડી જતો અટકાવવા અને તેને સુરક્ષિત રાખવા માટે કરવામાં આવતી એક વિશેષ તબીબી અને રાસાયણિક પ્રક્રિયા. જ્યારે કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે તેના શરીરનું કુદરતી રીતે ડિકમ્પોઝિંગ શરૂ થઈ જતું હોય છે. એમ્બાલ્મિંગ પ્રક્રિયા દ્વારા આ વિઘટનને ધીમું કે અટકાવી દેવામાં આવે છે, જેથી મૃતદેહમાંથી દુર્ગંધ ન આવે અને તે સુરક્ષિત રહે.આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તબીબો દ્વારા એમ્બાલ્મિંગ સર્ટિફિકેટ આપવામાં આવે છે, જે એરલાઈન્સ અને રેલ્વે માટે ફરજિયાત હોય છે.

### ૧૪૫ ગોવિંદા મંડળ

પેજ-૨ પાનાનું ચાલુ

દિપકભાઈ શિંદે, સંદીપભાઈ પાર્ટે, પત્રકાર સુરેશભાઈ મોર્યા ,પત્રકાર રાજુભાઈ વાળંદ, રૂપેશભાઈ કોંડાલકર, અવી શેડગે અને નિશાંત મોદી દ્વારા પોલીસ કમિશનરની મુલાકાત લઈ તેમને નવનિયુકિત માટે અભિનંદન પાઠવી પુષ્પગુચ્છ આપવામાં આવ્યું હતું. પોલીસ કમિશનર દ્વારા સમિતિની રજૂઆતને ધ્યાનમાં લઈ ઘટતું કરવાની ખાતરી આપવામાં આવી હતી.

### સરસાણા ખાતે

પેજ-૨ પાનાનું ચાલુ

આગળ વધી નવી પેઢીને R&D માટે પૂરતો સમય આપવા જણાવ્યું હતું. ભવિષ્ય વિશે વાત કરતા ઉદ્યોગસાહસિકોને સિસ્ટમ, સસ્ટેઈનબિલિટી અને સ્કેલ પર ફોક્સ કરવું પડશે. ટેકનિકલ ટેક્સ્ટાઈલ પર કાર્ય કરવું પડશે.

યાર્ન એક્સ્પોના ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડાએ આંકડાકીય માહિતી આપતાં જણાવ્યું હતું કે, “દેશના કુલ ૬૫% MMF નું ઉત્પાદન એકલું સુરત કરે છે. સુરતમાં પ્રતિ માસ ૧.૫૦ લાખ મેટ્રિક ટન પોલિએસ્ટર, ૨૦,૦૦૦ મેટ્રિક ટન વિસ્કોસ અને ૧૦,૦૦૦ મેટ્રિક ટન નાયલોન યાર્નનો વપરાશ થાય છે. વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા માટે સુરતે હવે

વધુ ઉત્પાદન કરવાને બદલે ’ઝીરો ડિફેક્ટ’ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ફેબ્રિક્સ બનાવવાની દિશામાં આગળ વધવું પડશે.”

૧૧ મહિલા સાહસિકોનું સન્માન અને ઉપસ્થિતિઃ કાર્યક્રમ દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ્? ખાતે યોજાયેલા ‘ભારતીય વ્યાપાર મહોત્સવ’માં સુરતનું પ્રતિનિધિત્વ કરનારાં ચેમ્બરનાં ૧૧ મહિલા ઉદ્યોગસાહસિકોનું મંચ પરથી વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન જીમ્ઝ કમિટીના ચેરપર્સન ડો. મન્શાલી તિવારીએ કર્યું હતું અને અંતમાં ઉપપ્રમુખ શ્રી રવિરાજ દેસાઈએ આભારવિધિ કરી હતી. સમારોહમાં માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા, માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, ઓલ એક્ઝિબિશન ચેરમેન શ્રી મનીષ કાપડિયા તેમજ પૂર્વ પ્રમુખો સર્વશ્રી વિજય મેવાવાલા, રમેશ વઘાસિયા, હિમાંશુ બોડાવાલા, આશિષ ગુજરાતી, મહેન્દ્ર કાજીવાલા, શ્રી પ્રફૂલ્લ શાહ, શ્રી રૂપિન પચ્ચીગર, શ્રી આશિષ ગુજરાતી અને દિલીપ ચશ્માવાલા સહિત મોટી સંખ્યામાં ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

### ચેમ્બર ઓફ કોમર્સ

પેજ-૨ પાનાનું ચાલુ

સુરત અને ઉત્તર પ્રદેશનો સંબંધ વર્ષો જૂનો છે. યુપીના લાખો પરિવારો આજે સુરતને પોતાની કર્મભૂમિ બનાવી ટેક્સટાઇલ, ડાયમંડ, ટ્રેડ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે વિકાસના સહભાગી બન્યા છે. સુરત એવું શહેર છે જ્યાં મહેનતને મોકો અને મોકાને માર્કેટ મળે છે. અહીં એક દોરો લાખો ઘરોમાં રોજી આપે છે અને એક ડાયમંડ લાખો જિંદગીઓને રોશન કરે છે.ઁ નું નામ જ છે ‘યુપી મીન્સ અપ’— યુવાનોને રાઈટ ટાઈમે રાઈટ સ્કિલ અને રાઈટ ઓપોર્ચ્યુનિટી મળશે તો તેઓ આવતીકાલના જોબ ક્રિએટર્સ પણ બનશે અને ભારતને ટોપ પર લઈ જશે.”

યુવાનોના કૌશલ્ય વિકાસ પર પેનલ ડિસ્કશનઃ કાર્યક્રમમાં FICCI-ઝસ્જીસ્ઈના પ્રમુખ અને લુથરા ગ્રુપના ચેરમેન શ્રી ગિરીશ લુથરાએ પ્રાસંગિક ઉદ્બોધન અને મોડરેટર તરીકે પેનલ ડિસ્કશનનું સંચાલન કર્યું હતું. આ પેનલ ચર્ચામાઁ સરકારના એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટના સ્પેશિયલ સેક્રેટરી (IAS) શ્રી કુણાલ સિલ્કુ, કાલામંદિર જ્વેલર્સ ગ્રુપના ગ્લોબલ CHRO શ્રી પ્રોસેનજિત મુખર્જી (જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટર), ગોલ્ડી સોલારના વાઈસ પ્રેસિડેન્ટ સુશ્રી અસ્માની સુરવે (સોલાર સેક્ટર), ઓરો યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પ્રોફેસર અમરીશ મિશ્રા (એજ્યુકેશન સેક્ટર) તેમજ શક્તિ ડિસ્ટિલરીઝના ચેરમેન શ્રી શ્રેયાંસ ગોયલ (કેમિકલ સેક્ટર)એ ભાગ લઈ ઉદ્યોગો અને યુવા રોજગાર વિષયક મહત્વના વિચારો રજૂ કર્યા હતા.

### દારૂ પ્રતિબંધ

પેજ-૨ પાનાનું ચાલુ

ભ્રષ્ટાચારમાં સામેલ અસામાજિક તત્વો અને જવાબદાર અધિકારીઓ સામે ન્યાયી અને કડક કાનૂની કાર્યવાહીની પણ માંગ કરી હતી.કોંગ્રેસે સમગ્ર ગુજરાતમાં દારૂબંધી કાયદાના કડક અને પારદર્શક અમલીકરણની પણ માંગ કરી હતી.

જો કાર્યવાહી નહીં થાય તો આંદોલનની ચેતવણી

કોંગ્રેસના નેતાઓએ ચેતવણી આપી હતી કે જો સરકાર આ મામલે તાત્કાલિક, અસરકારક અને કડક પગલાં નહીં લે તો તેઓ ગુજરાતના લોકોના હિતમાં ગાંધીવાદી શૈલીનું આંદોલન શરૂ કરશે. કોંગ્રેસે કહ્યું કે સરકારે આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા અને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તાત્કાલિક યોગ્ય પગલાં લેવા જોઈએ.

છેલ્લા પાનાનું ચાલુ

### પોણા બે

સ્ટેશનમાં મ્દ્રજીની કલમ ૩૧૬(૫), ૬૧(૨) અને ૩(૫) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

જામીન અરજીની સુનાવણી દરમિયાન સરકાર પક્ષ તેમજ ફરિયાદી પક્ષે આરોપીની જામીન અરજીનો વિરોધ કર્યો હતો. આરોપીએ ગુનામાં સક્રિય ભૂમિકા ભજવી હોવાની દલીલ કરવામાં આવી હતી. બીજી તરફ આરોપી તરફે એડવોકેટ જીજ્ઞેશ હિંગુ, વિવેક હિંગુ તથા પ્રદીપ ડેર દ્વારા દલીલો રજૂ કરવામાં આવી હતી.

બચાવ પક્ષે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે આરોપી માત્ર કાપડ દલાલ તરીકે કામ કરતો હતો અને કથિત વ્યવહારમાં મૂળ માલ ખરીદનાર કે વેપારી નહોતો. વધુમાં, આરોપીને કથિત વ્યવહારમાંથી કોઈ નાણાકીય લાભ કે કમિશન મળ્યું હોવાના પુરાવા નથી તેવી દલીલ પણ કરવામાં આવી હતી.

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
મોહમ્મદ એજાઝ
ઇબ્રાહિમ શેખ હતું જે
બદલીને
નવું નામ
મહમદજાઝ શૈખિબ્રાહિમ
શેખ રાખેલ છે. જેની
સર્વેએ નોંધ લેવી.
સહી/- મહમદજાઝ
શૈખિબ્રાહિમ શેખ
સરનામું :૭/૧૮૪૮,
સૈયદપુરા ટુંકી,
ચિકવાલી મસ્જિદ, સુરત
શહેર -૩૯૫૦૦૩

**નામ બદલેલ છે**

મારૂ જુનું નામ
મુઝક્કિર મુઝફ્ફર મુસેઇન
બારડોલીવાળા હતું જે
બદલીને
નવું નામ
મુઝક્કિર મુઝફ્ફર હુસેન
બારડોલીવાલા રાખેલ છે.
જેની સર્વેએ નોંધ લેવી.
સહી/- મુઝક્કિર મુઝફ્ફર
હુસેન બારડોલીવાલા
સરનામું :૨૦૪, સિકંદર
મંઝિલ, કે.સ.જોશી સ્કૂલ
પાસે સોદાગરવાડ
સુરત.૩૯૫૦૦૩

**નામ બદલેલ છે**

મારા સગીર પુત્રનું જુનું નામ
મોહમ્મએદ મુઝક્કિર
બારડોલીવાળા હતું જે
બદલીને
નવું નામ
મોહમ્મદ મુઝકકીર
બારડોલીવાલા રાખેલ છે.
જેની સર્વેએ નોંધ લેવી.
પિતા સહી/- મુઝક્કિર
મુઝફ્ફર હુસેન
બારડોલીવાળા
સરનામું :૨૦૪, સિકંદર
મંઝિલ, કે.સ.જોશી સ્કૂલ
પાસે
સોદાગરવાડ
સુરત - ૩૯૫૦૦૩

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ



**સુરતમાં રાતભર દશામાની વિસર્જન યાત્રા :** ૧૦ દિવસના વ્રતની પૂર્ણાહૂતિ બાદ ગઈકાલે મોડી રાતથી આજે વહેલી સવાર સુધી દશામાની મૂર્તિઓનું ભક્તિભાવ શ્રદ્ધાપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું. તમામ મૂર્તિઓનું વિસર્જન જુદા જુદા વિસ્તારમાં બનાવાયેલા કૃત્રિમ તળાવમાં કરવામાં આવ્યું હતું. (તસવીર : પ્રદીપ ગોહિલ)

# ભાવનગર લઠ્ઠાકાંડમાં વધુ એક દરદી મોતને ભેટ્યો

## મૃત્યુઆંક વધી ૧૦ થયો : સિહોરથી વધુ બે બુટલેગરોની ધરપકડ

**ભાવનગર, તા. ૨૨**

ભાવનગર લઠ્ઠાકાંડમાં વધુ એક દર્દીનું મોત થતાં મૃત્યુઆંક ૧૦એ પહોંચ્યો છે. સર ટી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૩૫ વર્ષીય હાર્દિકભાઈ હરેશભાઈ કિલજીનું સારવાર દરમિયાન મોત થયું છે. મૃતક યુવક ભરતનગર વિસ્તારમાં વર્ધમાનનગરમાં રહેતો હતો. જેને પ્રથમ શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. ત્યારબાદ વધુ તબિયત લથડતા સર ટી હોસ્પિટલમાં ખસેડાયો હતો. સર ટી હોસ્પિટલમાં ભાવનગરના અવિનાશ પરમાર અને મહીસાગરના મુકેશ ડામોર નામના દર્દી પણ સારવાર હેઠળ છે, જેઓ ક્રિટિકલ છે.

ગઈકાલે(૨૧ ઓગસ્ટ) ભાવનગરમાં ઝેરી દારૂ પીધા બાદ સુરત આવેલા મૂળ ભાવનગરના સંજયસિંહ ડોડિયા નામના યુવકને સુરતની આઈએનએસ હોસ્પિટલમાં બ્રેઈન ડેડ જાહેર કરાયો હતો. ૧૮ ઓગસ્ટે સામે આવેલા લઠ્ઠાકાંડમાં ૧૭ લોકો સારવાર હેઠળ છે.

દર્દી મુકેશ ડામોરના કાકા લક્ષ્મણભાઈ ડામોરે જણાવ્યું હતું કે, વર્ષોથી મારો ભત્રીજો ભાવનગરમાં કંપનીમાં કામ કરે છે. વર્ષોથી અહીં જ રહે છે. ૧૮ તારીખે મેસેજ મળ્યા કે ભત્રીજાને અસર થઈ છે, એટલે અમે તાત્કાલિક અહીં પહોંચ્યા. ભત્રીજો ખાનગી હોસ્પિટલમાં ઓક્સિજન પર હતો. ત્યારબાદ ગઈકાલે સાંજે ૪ વાગ્યે સરકારી હોસ્પિટલમાં શિફ્ટ કર્યો તે ICUમાં છે.

અનેક જગ્યાએ લઠ્ઠાકાંડ થયો છે તો સરકારે ગંભીરતાથી પગલાં લેવા જોઈએ. અધિકારીઓ સરકારનું નથી માનતા કે સરકારના અધિકારીઓ નથી માનતા તેવું હાલના તબક્કે લાગી રહ્યું છે. સરકાર ગંભીરતાથી પગલાં નહીં લે તો માણસો બરબાદ થઈ જશે.

લઠ્ઠાકાંડનો રેલો સિહોર તાલુકા સુધી પહોંચ્યો છે. સિહોર પોલીસે પ્રવીણ જાદવ અને અશ્વિન જાદવ નામના બુટલેગરની ધરપકડ કરી છે, જેમની પૂછપરછમાં મોટો ખુલાસો થયો છે. લઠ્ઠાકાંડનું એપી સેન્ટર ગણાતા વરતેજ ગામના હરદીપ મોરી પાસેથી બુટલેગરોએ ૧૦ પેટી રોયલ સ્ટેગની ખરીદી હતી. ત્યારબાદ પ્રવીણ અને અશ્વિને તેમના મિત્રો સાથે પથી ૬ રોયલ સ્ટેગ દારૂનું સેવન કર્યું હતું.

# દીકરીના ભવિષ્યની ચિંતા બતાવી પિતા પાસેથી ઠગે રોકાણ કરાવી છેતરપિંડી કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

દિકરીના ભવિષ્યની સુરક્ષા અને ઊંચા વળતરની લાલચ આપી લાખો રૂપિયાની છેતરપિંડી આચરવાનો કિસ્સો સુરતમાં સામે આવ્યો છે.

સુરતના પાલનપુર ગામ, ગૌરવપંથ રોડ સ્થિત સ્તુતિ ઈમ્પ્રેસ એપાર્ટમેન્ટમાં રહેતા ૫૫ વર્ષીય બલબીરસીંગ ધર્મપાલસીંગ સાથે વલસાડના દેસાઈવાડમાં રહેતા વિશાલકુમાર જગદીશભાઈ ગુપ્તાએ આ ઠગાઈ આચરી હતી. જૂન ૨૦૨૩થી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન આરોપીએ ફરિયાદીને તેમની દિકરી સુનીતાના ભવિષ્યની ચિંતા બતાવી રોકાણનો એક શ્રેષ્ઠ પ્લાન હોવાની મીઠી મીઠી વાતો કરી હતી. દિકરીને આખી જિંદગી ક્યારેય પૈસાની તકલીફ નહી પડે તેવી ખાતરી આપી કંપનીમાં રોકાણ કરાવવાના બહાને રૂ. ૪૬,૧૫,૦૦૦/- મેળવી લીધા હતા.

ત્યારબાદ આરોપીએ અલગ અલગ સમયે રૂ. ૨૦,૦૫,૯૦૬/- પરત કર્યા હતા, પરંતુ બાકી નીકળતા રૂ. ૨૬,૦૯,૦૯૪/- પરત ન આપી વિશ્વાસઘાત કર્યો હતો. મૂળ રકમ પચાવી પાડી છેતરપિંડી આચરનાર આરોપી પોલીસની ગિરફ્તમાં આવી જતાં તેની સામે ગુનો નોંધી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

# ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકની ગ્રાહકો સાથે ૫.૯૮ લાખની ઠગાઈ

## ઉત્તમ સુવિધાઓ આપવાની ખાતરી આપી પ્રયાગ હોલીડે ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક અક્ષય વાઘાણીએ પૈસા પડાવી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

સુરતના સરથાણા વિસ્તારમાં આવેલી એક ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ કંપનીના સંચાલકે ગ્રાહકોને ઉત્તમ સુવિધાઓ આપવાની ખાતરી આપી લાખો રૂપિયા પચાવી પાડી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

સરથાણા ખાતે રહેતા અને એમ્બ્રોડરીના ધંધા સાથે સંકળાયેલા ઉર્વશ રાજુ કાકડીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, રાજ ઈમ્પીરિયા સ્થિત "પ્રયાગ હોલીડેઝ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ" નામની ઓફિસ ધરાવતા અક્ષય લાખા વાઘાણીએ પોતાનો ધંધો છેલ્લા નવ વર્ષથી ચાલતો હોવાનું અને અન્ય કરતાં શ્રેષ્ઠ સુવિધાઓ આપવાનું કહીને ઉર્વશ કાકડીયાનો વિશ્વાસ જીત્યો હતો. પ્રવાસ માટે ઉર્વશભાઈ પાસેથી એડવાન્સમાં પૂરેપૂરી રકમ મેળવી લીધા બાદ આરોપી અક્ષયે વચન મુજબની કોઈ સુવિધાઓ આપી ન હતી અને બાકી નીકળતા રૂ. ૪,૪૫,૦૦૦ પરત ન આપી વિશ્વાસઘાત કર્યો હતો.

આ ઉપરાંત, નાના વરાછા ખાતે રહેતા સાહેદ કેનીન અશોકભાઈ જાદવાણી સાથે પણ આરોપીએ આવી જ રીતે ઠગાઈ આચરી હતી. તેમને પણ સારી સવલતોની લાલચ આપી રૂ. ૧,૮૪,૦૦૦ મેળવી લીધા હતા અને પ્રવાસની સુવિધાઓ આપ્યા વિના બાકીના રૂ. ૧,૫૩,૦૦૦ પચાવી પાડ્યા હતા.

આમ, ફરિયાદી અને અન્ય એકને બંને મળીને કુલ રૂ. ૫,૯૮,૦૦૦ ની છેતરપિંડી આચરવા બદલ સરથાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.



નજીકના દિવસમાં ગણપતિ મહોત્સવ આવી રહ્યો છે. ગણપતિ મહોત્સવ સંદર્ભે સુરતમાં વિવિધ ગણપતિ મંડળના આયોજકો દ્વારા વ્યાપક તૈયારીઓ ચાલી રહી છે. આ દરમિયાન શ્રીજીની પ્રતિમાઓ સાકાર કરનાર મૂર્તિકારો દ્વારા શ્રીજી પ્રતિમાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. (તસવીર : પ્રદીપ ગોહિલ)

# વાંકાનેડાની કંપનીના ખાતામાંથી રૂપિયા ૯.૫૬ લાખ ટ્રાન્સફર કરી કર્મચારી દ્વારા વિશ્વાસઘાત

## કડોદરા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં એકાઉન્ટન્ટ સુરજીત હુડ્ડા વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

સુરત જિલ્લાના પલસાણા તાલુકાના વાંકાનેડા ખાતે કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા કર્મચારીએ કંપનીના બેન્ક ખાતામાંથી રૂ.૯.૫૬ લાખ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

પોલીસ ફરિયાદ મુજબ વાંકાનેડા ખાતે રહેતા અને વેપાર કરતા કેતનસિંહ નરેન્દ્રસિંહ ગોહિલે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે આરોપી સુરજીત પ્રેમકુમાર હુડ્ડા વાંકાનેડા પાટીચાલ ખાતે રહેતો હતો અને મૂળ હરિયાણાનો વતની છે. આરોપી ફરિયાદીની પેઢીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો.

સને ૨૦૨૪થી તા.૧૨ ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન આરોપીએ કંપનીના HDFC બેન્કના ખાતાનો ઉપયોગ કરી પોતાના સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના ખાતામાં નાણાં ટ્રાન્સફર કર્યા હોવાનો આક્ષેપ છે. તપાસમાં સામે આવેલી વિગતો મુજબ તા.૧૪ મે ૨૦૨૪ના રોજ કંપનીના ખાતામાંથી રૂ.૯,૫૬,૩૨૦ પોતાના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ રકમ વેલનોન પોલીસ્ટર લિમિટેડના નામે પેમેન્ટ તરીકે દર્શાવી પોતાના ખાતામાં મેળવી લેતા કંપની સાથે નાણાકીય છેતરપિંડી અને ગુનાહિત વિશ્વાસઘાત થયો હોવાની ફરિયાદ કરવામાં આવી છે.

આ મામલે કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૨૧૪૦૨૩૨૬૨૧૬૪/૨૦૨૬ હેઠળ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૬(૪) મુજબ ગુનો નોંધાયો છે. પોલીસે આરોપી સુરજીત હુડ્ડા સામે તપાસ હાથ ધરી છે અને કંપનીના બેન્ક વ્યવહારો સહિતના દસ્તાવેજોની તપાસ કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન વધુ નાણાકીય ગેરરીતિ સામે આવે તેવી શક્યતા છે.

# ઓલપાડમાં બકરાના રૂા.૩૦ હજારની ઉઘરાણીમાં વેપારી પર છરાથી હુમલો

## ઓલપાડના કઠોદરા ગામની સીમમાં બનેલી ઘટનામાં ઇમરાન ઉર્ફે મુરઘી સામે ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કઠોદરા ગામમાં બકરા વેચાણના બાકી નાણાંની ઉઘરાણી કરવા ગયેલા વેપારી સાથે મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

કઠોદરા મસ્જિદ ફળિયામાં રહેતા ૩૬ વર્ષીય વેપારી તોશીફ હનીફ સીદાતે નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત ૯ મે ૨૦૨૬ના રોજ તેમણે આરોપી ઈમરાન ઉર્ફે મુરઘી ગુલામ મુશાજી પટેલને બકરા વેચ્યા હતા. બકરાના વેચાણના કુલ રૂ.૨.૩૦ લાખ લેવાના નીકળતા હતા. આરોપીએ તે પૈકી રૂ.૨ લાખ ચૂકવી દીધા હતા, જ્યારે બાકીના રૂ.૩૦ હજાર ચૂકવવાના બાકી હતા.

ફરિયાદી બાકી નીકળતા રૂ.૩૦ હજારની રકમની વારંવાર માંગણી કરી રહ્યો હતો. દરમિયાન તા.૨૦ ઓગસ્ટની રાત્રે આશરે ૧૦ વાગ્યાના અરસામાં આરોપી ઈમરાન ઉર્ફે મુરઘી ફરિયાદીના ઘરે આવ્યો હતો. આ સમયે બાકી નાણાંની માંગણી બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી.

આરોપીએ ઉશ્કેરાઈને ફરિયાદીને માર માર્યો હતો તેમજ ગાળો આપી હતી. એટલું જ નહી, પોતાની પાસે છરા જેવું હથિયાર રાખીને ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે ફરિયાદીએ પોલીસનો સંપર્ક કરતા ઈમરાન ઉર્ફે મુરઘી ગુલામ મુશાજી પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

# દશામાની વિસર્જન યાત્રામાં કિન્નરની છેડતી મુદ્દે હોબાળો

## ઉધના દરવાજા પાસે ડીજેના તાલે નાચતા કિન્નરની યુવક દ્વારા છેડતી કરાતા મામલો ગરમાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

સુરતના ઉધના દરવાજા વિસ્તારમાં દશામાના વ્રતના સમાપન નિમિત્તે યોજાયેલી પ્રતિમા વિસર્જન યાત્રા દરમિયાન છેડતીના મુદ્દે ભારે હોબાળો મચી ગયો હતો. વિસર્જન યાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા અને ડીજેના ધૂમધડાકા વચ્ચે લોકો નાચગાનમાં મગ્ન હતા. આ દરમિયાન એક કિન્નર પણ નાચી રહી હતી અને તેની સાથે સેલ્ફી લેવા માટે લોકોમાં પડાપડી થઈ રહી હતી.

દરમિયાન ભીડમાંથી એક યુવકે કિન્નરનો હાથ પકડીને ખેંચ્યો હતો. યુવકે એક બાદ એક બે વખત હાથ પકડીને અણછાજતી હરકત કરતાં કિન્નર રોષે ભરાઈ હતી. જાહેરમાં બનેલી આ ઘટનાને પગલે વિસર્જન યાત્રાના ઉત્સાહભર્યા માહોલમાં અચાનક તણાવ સર્જાયો હતો.

યુવકની હરકતથી ઉશ્કેરાયેલી કિન્નરે પણ તરત જ યુવકનો સામનો કર્યો હતો. તેણે યુવકના વાળ પકડીને જાહેરમાં જ બે લાફા ઝીંકી દીધા હતા. અચાનક થયેલી આ લાફાવલીને પગલે ડીજેના તાલે ચાલી રહેલું નાચગાન થોડીવાર માટે અટકી ગયું હતું અને આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

વિસર્જન યાત્રામાં મોટી સંખ્યામાં લોકોની હાજરી વચ્ચે બનેલી આ ઘટનાને કારણે થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે બાદમાં આસપાસના લોકોએ મામલો થાળે પાડ્યો હતો. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હોવાની ચર્ચા વચ્ચે સમગ્ર મામલો સ્થાનિકોમાં પણ ચર્ચાનો વિષય બન્યો હતો.

# ચેક રિટર્નના અલગ અલગ કેસમાં બે આરોપીને દોષિત ઠેરતી કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

ચેક રિટર્નના બે અલગ-અલગ કેસમાં ૨ આરોપીને કોર્ટે દોષિત ઠેરવ્યા હતા. હરેકૃષ્ણા એન્ટરપ્રાઈઝના પ્રોપ્રાઈટર વિક્રમ વાઘમશી અને બજરંગ સેલ્સના ઓથોરાઈઝ પર્સન જીતેન્દ્ર પટેલને બે અલગ-અલગ કેસમાં ૧ વર્ષની સાદી કેદની સજા કરવામાં આવી હતી. કામરેજ સુગર પાસે આવેલ લાઈટકોન ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. ના ઓથોરાઈઝ પર્સન ડો. રાજેશ નારીયા સિમેન્ટના બ્લોક અને બિલ્ડીંગ મટીરીયલના ધંધા સાથે સંકલાયેલા છે. ઉધના ખાતે રહેતા અને બજરંગ સેલ્સના નામે ધંધો કરતા જીતેન્દ્ર જેઠા પટેલે માલની ચૂકવણી પેટે ડો.રાજેશ નારીયાને ૫ લાખના બે ચેક આપતા રિટર્ન થયા હતા. જીતેન્દ્ર પટેલને કોર્ટે ૧ વર્ષની સજા કરી હતી. ફરિયાદી તરફે વકીલ નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા અને સંદીપ માંગુકીયા હાજર રહ્યા હતા. પ્રેક્ષા ટ્રેન્ડ્સના પ્રોપરાઈટર હસમુખ અનરાજ કોઠારીને માલના પેમેન્ટ પેટે રૂ.૪૦.૩ લાખનો ચેક હરેકૃષ્ણા એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર વિક્રમ ભીમ વાઘમશીએ આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં વકીલ કમલેશ રાવલ મારફતે વિક્રમ વિરૂદ્ધ ચેક રિટર્નની ફરિયાદ થઈ હતી. કોર્ટે વિક્રમને ૧ વર્ષની સજા કરી હતી.

# મધ્યપ્રદેશ પર લો-પ્રેશરની અસર, સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

ઉત્તર-પૂર્વ મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારમાં સર્જાયેલું લો-પ્રેશર એરિયા આજે ૨૧ ઓગસ્ટે પણ યથાવત્ રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ સિસ્ટમ સાથે સંકળાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન સરેરાશ સમુદ્ર સપાટીથી ૪.૫ કિલોમીટર સુધી વિસ્તરેલું છે. આ લો-પ્રેશરની અસર વચ્ચે સુરત સહિત દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પણ પલટો જોવો મળ્યો હતો. મોડી રાતથી આજે બપોર સુધી સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડતાં રસ્તાઓ ભીંજાયા હતા. કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. સુરત ઉપરાંત દક્ષિણ ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ વાદળછાયું વાતાવરણ અને છૂટાછવાયા વરસાદી ઝાપટાં નોંધાયા હતા. વરસાદના કારણે છેલ્લા કેટલાક દિવસથી અનુભવાતી ઉકળાટમાં થોડી રાહત મળી હતી.

જોકે વરસાદ સમગ્ર વિસ્તારમાં એકસરખો ન પડતાં કેટલાક વિસ્તારોમાં માત્ર હળવા ઝાપટાં જ નોંધાયા હતા. હવામાન વિભાગની લો-પ્રેશર અંગેની નોંધને પગલે આગામી દિવસોમાં પણ દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત્ રહેવાની સંભાવના જોવાઈ રહી છે. ખાસ કરીને સુરત અને આસપાસના વિસ્તારોમાં વાદળછાયા વાતાવરણ સાથે છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે.

# પોણા બે કરોડથી વધુની કાપડ ઠગાઈ કેસમાં આરોપીના જામીન મંજૂર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૨૨**

સુરતના મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રૂ.૧.૮૨ કરોડથી વધુની કાપડની ઉધારીના વ્યવહાર સંબંધિત છેતરપિંડીના કેસમાં આરોપી કાપડ દલાલ સુરેશભાઈ શંભુભાઈ ધોળિયાને સુરતની ૧૬મી એડિશનલ સેશન્સ કોર્ટે રેગ્યુલર જામીન મંજૂર કર્યા છે.

આ કેસમાં આરોપી સુરેશભાઈ ધોળિયા કાપડ દલાલ તરીકે તથા સહઆરોપી કાપડ વેપારી તરીકે સંડોવાયેલા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આરોપી દલાલ મારફતે વિવિધ વેપારીઓ પાસેથી કુલ રૂ.૧,૮૨,૯૩,૫૧૭નું કાપડ ઉધાર લેવામાં આવ્યું હતું. નિર્ધારિત સમયમર્યાદામાં કાપડની રકમ ચૂકવવામાં ન આવતા મહિધરપુરા પોલીસ

અનુસંધાન પાના ૭ પર


## જાહેર ચેતવણી/જાહેર નોટિસ



જાહેર જનતા તથા તમામ સરકારી, અર્ધસરકારી કચેરીઓ, બેંકો, નાણાકીય સંસ્થાઓ, વેપારીઓ અને સંબંધિત તમામ વ્યક્તિઓને જાણ કરવામાં આવે છે કે અમારા ૨ પુત્રો પૈકી બીજા નંબરનો પુત્ર **સાઅદ ગુલામ મોહયુબદ્દીન શેખ,** ઉં.વ. ૨૮ વર્ષ, ધંધો : મજૂરીકામ, રહે. ચંપા મસ્જિદ પાસે, ભાગાતલાવ, સુરત, છેલ્લા ઘણા વર્ષોથી અસામાજિક તથા કાયદા વિરુદ્ધની પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ હોવાથી તથા અમારા વારંવાર સમજાવવા છતાં અમારા કહ્યામાં ન રહેતા, આજથી તેને અમારા રહેઠાણમાંથી અલગ કરવામાં આવેલ છે તથા તેની સાથેનો તમામ પારિવારિક, સામાજિક, આર્થિક અને વ્યવહારિક સંબંધ સમાપ્ત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત પુત્ર **સાઅદ ગુલામ મોહયુબદ્દીન શેખ** સાથે કોઈપણ વ્યક્તિ દ્વારા કરવામાં આવતા નાણાકીય, મિલકતી, કાનૂની, વ્યાવસાયિક, સામાજિક અથવા અન્ય કોઈપણ વ્યવહાર, દેવું, ધિરાણ, લોન, જામીનગીરી, કરાર કે કાયદા વિરુદ્ધના કૃત્ય સાથે અમારો કે અમારા પરિવારનો કોઈ સંબંધ, સંડોવણી કે જવાબદારી રહેશે નહી. અમારા નામે અથવા અમારી મિલકત અંગે અમારી લેખિત સંમતિ વિના કરવામાં આવેલ/આવતા કોઈપણ વ્યવહાર અમોને બંધનકર્તા નથી અને રહેશે નહી.

આથી જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત વ્યક્તિ સાથે કોઈપણ જાતના વ્યવહાર કરેલ હોય, કર્યા હોય કે કરે તો તેની સંપૂર્ણ જવાબદારી તેઓની છે અને રહેશે. તેમજ તમામ નુકસાન, જવાબદારી તથા વિવાદ માટે સંબંધિત વ્યક્તિ પોતે જ જવાબદાર છે અને રહેશે.

સ્થળ : સુરત
તારીખ : ૨૨/૦૮/૨૦૨૬
મારી સૂચનાથી
ગુલામ મોહયુદ્દીન

મારી સૂચનાથી
**(એડવોકેટ) મો.ફેસલ મો.અશફાક નચ્છુ**
તે ગુલામ મોહયુબદ્દીન અબદુલ રઝાક શેખના એડવોકેટ
સરનામું : બ્લોક નં.૧૦, પહેલો માળ, ફઝલ એપાર્ટમેન્ટ પાસે, મુગલીસરા, સુરત



સાંધ્ય દૈનિક
**પ્રતાપ દર્પણ**



**તાપી જિલ્લા બ્યુરો**
**અબરાર મુલતાની**
**મો.૯૮૭૯૯ ૫૮૭૮૬**

પ્રેસનોટ, જાહેર ખબર, જાહેર નોટિસો વગેરે આપવા માટે અબરાર મુલતાનીનો સંપર્ક કરવો

૧લો માળ, સર્વોદય હેન્ડલૂમ હાઉસ, જૂના બસ સ્ટેન્ડ પાસે, મુખ્ય રોડ, વ્યારા, જિલ્લો તાપી, ગુજરાત- ૩૯૪૬૫૦


# કાપોદ્રા હત્યા કેસમાં તારક માંગુકિયાના હાઈકોર્ટ દ્વારા શરતી જામીન મંજૂર

**સુરત.તા. ૨૨**

કાપોદ્રા ખાતે ગાંજાના વેચાણ અંગે થયેલી હત્યાના કેસમાં ગુજરાત હાઈકોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા હતા. કેસની વિગત મુજબ, કાપોદ્રા ખાતે ગાંજાના વેચાણ અંગે થયેલી બોલાચાલી બાદ રાહુલ નાવડિયાએ તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો અને તારક તારક જિતેન્દ્ર માંગુકિયા પર મૃતકને પકડી રાખવાનો આરોપ હતો. આ કેસમાં તારકએ હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. હાઈકોર્ટે તારકના જામીન મંજૂર કર્યા હતા. બચાવ પક્ષે વકીલ તરીકે સુરતના રિધ્ધીશ મોદી અને મુકુંદ રામાણી પણ હતા.


## પશ્ચિમ રેલવે ટ્રેન નં.૦૪૧૨૬/૦૪૧૨૫ બાન્દ્રા ટર્મિનસ ⇌ સુબેદારગંજ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને નિયમિત કરે છે

**ઉધના-પ્રયાગરાજ વચ્ચેની નિયમિત ટ્રેન અમૃત ભારત એક્સ્પ્રેસ તરીકે દોડાવાશે**

| નિયમિત ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્ટેશન | થી અમલ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૨૦૪૩૮ | ઉધના-પ્રયાગરાજ (સાપ્તાહિક સુપરફાસ્ટ) | ૨૫.૦૮.૨૦૨૬ | ૦૬.૪૫ કલાકે (મંગળવાર) | ૦૭.૩૦ કલાકે (બીજે દિવસે) |
| ૨૦૪૩૭ | પ્રયાગરાજ-ઉધના (સાપ્તાહિક સુપરફાસ્ટ) | ૨૪.૦૮.૨૦૨૬ | ૦૫.૨૦ કલાકે (સોમવાર) | ૦૪.૦૫ કલાકે (બીજે દિવસે) |

**રોકાણો :** વડોદરા, રતલામ, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, હિંદોન સિટી, બયાના, ઈદગાહ આગરા, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી અને ફતેહપુર સ્ટેશનો બંને દિશામાં.

**સંરચના :** સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચો.

રોકાણો, સમય અને સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

ટ્રેન નં.૨૦૪૩૮નું બુકિંગ તા.૨૨.૦૮.૨૦૨૬થી તમામ પીઆરએસ કાઉન્ટર તથા આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો.